

પેજ-08

'તને તો કોઈ હીરોઈન તરીકે નહીં લે' વામિકા ગબ્બીને લીડ રોલ મેળવવા...

# અમદાવાદ એક્સપ્રેસ


Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


પેજ-09

ધોની IPL નિર્ણય અટકળો પર મૌન તોડી ધડાકો કર્યો



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 22.00 |
| વડોદરા | 35.00 | 23.00 |
| સુરત | 34.00 | 21.00 |


પેજ 5




નાના રોકાણકારોને થશે મોટો ફાયદો, ટ્રેડિંગ ટર્મિનલનો દુરુપયોગ સામે


26 OCTOBER-2026 MONDAY


ઈરાન ઈઝરાયલ તણાવ ચરમસીમાએ એક કલાકમાં ખાત્મો બોલાવવાની ચીમકી




પેજ 10


.....સુવિચાર.....

કોઈનું ખરાબ એટલું જ કરો, જ્યારે પોતાના ઉપર આવે ત્યારે સહન કરી શકો.


વર્ષ-15 । અંક-342 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# કાશીમાં PM મોદીએ એર શો જોયો

## રાફેલ- સુખોઈની ગર્જનાથી ગુંજી ઊઠ્યું આકાશ, એર-શોમાં 100 વિમાનો સામેલ

- ગંગા કિનારે રાફેલ અને સુખોઈની ગર્જનાથી આકાશ ગુંજી ઊઠ્યું
- કાશીના આકાશમાં વિંગ્સ ઓવર ગંગા શોનું અદ્ભુત આયોજન







વારાણસી: પવિત્ર નગરી વારાણસીના ઐતિહાસિક નમો ઘાટ પર ભારતીય વાયુસેનાના સ્થાપના દિવસના ખાસ અવસરે એક અત્યંત શાનદાર અને અદ્ભુત એર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ભવ્ય એર શો નિહાળીને દેશની સૈન્ય તાકાતની સરાહના કરી હતી. આ ખાસ કાર્યક્રમ દરમિયાન ૫ર ફાઈટર પ્લેન સહિત કૂલ ૧૦૦ વિમાનોએ આકાશમાં પોતાની શૌર્યતા અને રોમાંચક કરતબો દર્શાવ્યા હતા, જેને જોઈને ઘાટ પર ઉપસ્થિત લાખો નાગરિકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આ અવસરે દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિનાથ પણ વડાપ્રધાનની સાથે વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

અરવિંદ ટેક્સટાઈલ મિલનું ઉદ્ઘાટન અને ભવ્ય રોડ શો

એર શો નિહાળવા પહોંચતા પહેલાં વડાપ્રધાને વારાણસીના રૂપાપુરમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આધુનિક અરવિંદ ટેક્સટાઈલ મિલનું સત્તાવાર રીતે ઉદ્ઘાટન કર્યું હતું. મિલ પરિસરમાં તેમણે ત્યાં કામ કરતી સ્થાનિક મહિલા કર્મચારીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમની કાર્યશૈલી વિશે માહિતી મેળવી હતી. ત્યારબાદ વડાપ્રધાને કજ્જાકપુરા ફ્લાયઓવરથી નમો ઘાટ સુધી લગભગ ૭ કિલોમીટર લાંબો વિશાળ રોડ શો યોજ્યો હતો. રોડ શો દરમિયાન માર્ગની બંને બાજુએ ઊભેલા હજારો નાગરિકોએ પુષ્પવર્ષા કરીને તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું.

વાયુસેનાના ૯૪મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમનું શીર્ષક 'વિંગ્સ ઓવર ગંગા' રાખવામાં આવ્યું હતું. બપોરના સમયે શરૂ થયેલા આ એર શોમાં રાફેલ, સુખોઈ, જગુઆર અને સ્વદેશી તેજસ વિમાનોએ આકાશમાં અત્યંત ઝડપી ઉડાન ભરીને કાન ફાડી નાખે તેવી ગર્જના કરી હતી.

૧. સી-૧૭ ગ્લોબમાસ્ટર અને સૂર્યકિરણ હૉક વિમાનોએ એકસાથે ઉડાન ભરીને આકાશમાં 'દશાશ્વ ફૉર્મેશન' રચીને લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા.

૨. અપાચે હેલિકોપ્ટરો દ્વારા 'ભાગીરથી ફૉર્મેશન' બનાવવામાં આવ્યું હતું, જ્યારે ચિનૂક હેલિકોપ્ટરે પણ પોતાની તાકાતનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

૩. નમો ઘાટ પર વડાપ્રધાનના આગમન પહેલાં વાયુસેનાના વિશેષ હેલિકોપ્ટરોએ આકાશમાં તિરંગાના રંગો વિખેરીને દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો.

અહેવાલો અનુસાર, આ સુરક્ષા પ્રદર્શન અને આકાશી કરતબોના કારણે એર ટ્રાફિક કંટ્રોલ દ્વારા થોડા સમય માટે વિમાન વ્યવહારમાં ફેરફાર કરાયો હતો, જેમાં ઈન્ડિગોની બે સ્થાનિક ફ્લાઈટ્સને નજીકના લખનઉ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.સ્થાનિક રહીશો અને દેશવાસીઓમાં ભારે ઉત્સાહગંગાના પવિત્ર તટ પર વાયુસેનાના આ પરાક્રમને જોવા માટે વહેલી સવારથી જ લોકો ઘાટ પર એકઠા થઈ ગયા હતા. જ્યારે પણ રાફેલ અને સુખોઈ વિમાનો ગંગા નદીની ઉપરથી પસાર થતાં ત્યારે સમગ્ર પરિસર ભારાત માતાકી જયના નારા અને તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠતું હતું. સ્થાનિક નાગરિકોએ જણાવ્યું કે વારાણસીના આકાશમાં આવો ભવ્ય અને ઐતિહાસિક નજારો પ્રથમ વખત જોવા મળ્યો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વાયુસેના દ્વારા હાથ ધરવામાં આવેલા આ સફળ આયોજનથી ભારતની આકાશી સંરક્ષણ ક્ષમતાનો સંદેશ વિશ્વભરમાં પહોંચ્યો છે. વડાપ્રધાને આ સમગ્ર આયોજન બદલ ભારતીય વાયુસેનાના તમામ જવાનો અને અધિકારીઓની ભૂરી-ભૂરી પ્રશંસા કરી હતી.

## સુપ્રીમ કોર્ટના પૂર્વ જજનો ધડાકો

### 'જજોની નિમણૂકમાં પૂર્વ CJI ચંદ્રચૂડ સરકારના ઈશારે ચાલતા...'



(એજન્સી) નવી દિલ્હી | તા.25

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ સંજય કિશન કૌલની આત્મકથા 'વિધાઉટ ફિયર ઓફ ફેવર' (Without Fear of Favour) એ દેશની સર્વોચ્ચ ન્યાયપાલિકા અને સરકારના આંતરિક સંબંધોના કાળા હસ્યોનો પર્દાફાશ કરી દીધો છે. આ પુસ્તકના ખુલાસાથી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર ગંભીર સવાલો ઊભા થયા છે.જસ્ટિસ કૌલના દાવા મુજબ, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી.વાય. ચંદ્રચૂડ જજોની નિમણૂકના મામલામાં સરકાર તરફ હંમેશા નરમ વલણ અપનાવતા અને સરકાર તરફી નિર્ણયો લેવાની કોશિશ કરતા હતા. પૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડ કોલેજિયમની ઔપચારિક બેઠક મળતા પહેલા જ સરકાર સાથે અનૌપચારિક રીતે સંમતિ સાધવાના પ્રયાસો કરતા હતા, જેણે ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચાડી છે. ડિસેમ્બર 2023માં રિટાયર્ડ જસ્ટિસ કૌલે લખ્યું છે કે સરકાર સાથે તાલમેલ બેસાડવાની પદ્ધતિને લઈને મારા અને તત્કાલીન CJI ચંદ્રચૂડ વચ્ચે મતભેદો હતા. કોલેજિયમની ચર્ચા અગાઉ સરકારને સામેથી મોકો આપવો એ એક ખતરનાક સંદેશ આપે છે, કારણ કે જ્યારે પણ ન્યાયતંત્ર નબળું પડે છે ત્યારે રાજકીય પક્ષો અને સરકાર પોતાની મનમાની ચલાવવાનો પૂરેપૂરો પ્રયાસ કરે છે. પુસ્તકમાં કોલેજિયમની બેઠકના ચોંકાવનારા કિસ્સાઓ બહાર આવ્યા છે. એકવાર જજોની છ ખાલી જગ્યાઓ ભરવાની હતી અને પાંચ નામો પર સહમતિ સધાઈ ચૂકી હતી, પરંતુ બેઠકમાં જતા સમયે અચાનક CJI ચંદ્રચૂડે એક છઠ્ઠું નામ આગળ ધર્યું, જેનો અન્ય જજોએ વિરોધ કર્યો હતો. જસ્ટિસ કૌલને શંકા ગઈ કે આ નામ સીધું સરકારના ઈશારે આવ્યું છે, અને CJI તેમને બાજુ પર લઈ જઈને સરકારને ફોન કરવા અંગે વિચારવા લાગ્યા હતા. જસ્ટિસ કૌલે સમયસૂચકતા વાપરીને તેમને અટકાવ્યા હતા.આ ઉપરાંત, એક લઘુમતી સમુદાયના જજ ઉમેદવારની નિમણૂક વખતે સરકારે તેમની જાતિ અને ધાર્મિક પ્રતિનિધિત્વ પર વાંધાજનક સવાલો ઉઠાવ્યા હતા.

## રાહુલે કહ્યું- વોટ ચોરી સહન નહીં કરીએ:કોંગ્રેસનો દાવો- 1 નવેમ્બરની રેલીમાં 10 લાખ લોકો આવશે; વેપારીઓએ તેને ટાળવાની અપીલ કરી હતી

નવી દિલ્હી | લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે X પર પોસ્ટ કરીને કહ્યું કે અમારા વોટ ચોરવામાં આવી રહ્યા છે અને અમે કોઈપણ સંજોગોમાં તેને સહન નહીં કરીએ.તેમણે લખ્યું- સવાલ પૂછનારાઓ પર લાકડીઓ ફટકારવામાં આવી છે. 1 નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી વિપક્ષની રેલીમાં વિદ્યાર્થીઓ, ખેડૂતો, મજૂરો, મહિલાઓ, યુવાનો અને વેપારીઓએ આવવું જોઈએ. હરિયાણા કોંગ્રેસના પ્રભારી સંજય દત્ત અને પ્રદેશ અધ્યક્ષ રાવ નરેન્દ્ર સિંહે શનિવારે દાવો કર્યો કે પાર્ટીની રેલીમાં 10 લાખથી વધુ લોકો સામેલ થશે.બીજી તરફ, ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI)એ શનિવારે રાહુલને INDIA બ્લોકની રેલી ટાળવાની અપીલ કરી છે. સંગઠને દિવાળીના તહેવારોની સિઝનમાં 10 હજાર કરોડ રૂપિયાના વેપારી નુકસાનની ચેતવણી આપી છે.રાહુલે કહ્યું કે BJP અને તેમના સાથીઓનો દિલથી આભાર, જેઓ આ કાર્યક્રમનો આટલા ઉત્સાહથી પ્રચાર કરી રહ્યા છે અને તેને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી રહ્યા છે.

રામલીલા મેદાનના 5 કિમીના દાયરામાં ચાંદની ચોક અને કનોટ પ્લેસ સહિત 8 મોટા બજારો છે. વેપારી સંગઠન CAIT મુજબ, 2025માં આ બજારોમાં દિવાળી દરમિયાન તહેવારી વેચાણ 75,000 કરોડ સુધી પહોંચી ગયું હતું.



## બેંગલુરુના ભૌતિક શાસ્ત્રી ઓસ્કર ક્લેન એવૉર્ડ જીતનારા પ્રથમ ભારતીય બન્યા

નવી દિલ્હી : ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને પ્રોફેસર અશોક સેનને વિશ્વનો પ્રતિષ્ઠિત ઓસ્કર ક્લેન મેડલ ૨૦૨૬ મળ્યો છે. તેની સાથે આ સન્માન મેળવનારા તે પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક બન્યા છે. બેંગ્લુરુના થિયોરેટિકલ ફિઝિસિસ્ટ અશોક સેન ભારતના ટોચના વૈજ્ઞાનિકોમાં એક છે. તેમના સ્ટ્રિંગ થિયરીમાં



શાનદાર ફાળો આપવા બદલ આ મેડલ આપવામાં આવ્યો છે. સેન પહેલા ઘણા નોબેલ પુરસ્કાર વિજેતાઓ અને સ્ટીફન હોકિંગ તેમજ પીટર હિગ્સ જેવી મહાન હસ્તીઓને આ એવૉર્ડ મળી ચૂક્યો છે. સ્ટ્રિંગ થિયરી પર પોતાના શાનદાર પ્રદાનને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા પ્રોફેસર સેન સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટીમાં ગ્રેવિટી ફ્રોમ સ્ટ્રિંગ્સ એન્ડ સ્ટ્રિંગ્સ ફ્રોમ ગ્રેવિટી (ગુરુત્વાકર્ષણથી સ્ટ્રિંગ્સ અને સ્ટ્રિંગ્સથી ગુરુત્વાકર્ષણ) પર એક શાનદાર લેક્ચર આપ્યું હતું. અશોક સેન ટાટા ઈન્સ્ટિટ્યુટ ફોર ફંડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર)ના ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ સાયન્સીઝમાં કામ કરે છે. તે વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એડવાન્સ બ્રાન્ચ છે. તેમને વિશ્વભરમાં સ્ટ્રિંગ થિયરીના આગેવાનોમાં એક માનવામાં આવે છે. સ્ટ્રિંગ થિયરી ફિઝિક્સની એક એડવાન્સ્ડ બ્રાન્ચ છે, જે બ્રહ્માંડના બધા રહસ્યોને યુનિફાઈડ થિયરી દ્વારા સમજવાનો પ્રયત્ન કરે છે. આઈસીટીએસના વિજ્ઞાની દીપક ધરે થોડા મહિના પહેલાં જ ડિરાક મેડલ મેળવ્યો તેના પછી પ્રોફેસર સેનને આ એવોર્ડ મળ્યો છે. દીપક ધર આ એવોર્ડ મેળવનારા સેન પછી બીજા ભારતીય વિજ્ઞાની બન્યા છે.સેનને ૨૦૧૨માં એકેડેમીમાં વિશ્વમાં સૌથી વધુ ઈનામી રકમવાળો પ્રથમ બ્રેકથ્રુ પ્રાઈઝ ઈન ફંડામેન્ટલ ફિઝિક્સનું ઈનામ પણ મળી ચૂક્યું છે.

## ચૂંટણી પંચની મંજૂરી જરૂરી નહીં' : સુપ્રીમ કોર્ટ

# 'ચૂંટણીમાં નેતા ખોટું બોલે તો મતદાર FIR કરી શકશે

(એજન્સી) નવી દિલ્હી | તા.25

ચૂંટણી દરમિયાન ઉમેદવારો દ્વારા સોગંદનામામાં ખોટી માહિતી આપવા અથવા જરૂરી વિગતો છુપાવવાના કિસ્સામાં હવે સામાન્ય નાગરિક પણ ફોજદારી ફરિયાદ નોંધાવી શકશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 125A હેઠળ ઉમેદવારના ખોટા સોગંદનામા સામે ખાનગી વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ કાયદેસર રીતે માન્ય છે. આવી ફરિયાદ માટે ચૂંટણી પંચની મંજૂરી કે તેની ફરિયાદ હોવી જરૂરી નથી. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શીલ નાગુની બેન્ચે આ ચુકાદો આપતાં કર્ણાટક હાઈકોર્ટનો અગાઉનો નિર્ણય રદ કર્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે મતદાર ઉમેદવાર સામે ચૂંટણી અરજી દાખલ કરી શકે છે, પરંતુ ખાનગી વ્યક્તિ તરીકે ફોજદારી ફરિયાદ નોંધાવી શકે નહીં. આવી કાર્યવાહી



કરવાનો અધિકાર ચૂંટણી પંચ પાસે છે. જોકે, સુપ્રીમ કોર્ટે આ અભિગમને ખોટો ગણાવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 125A હેઠળ ઉમેદવાર દ્વારા ખોટું સોગંદનામું રજૂ કરવા સંબંધિત ગુનામાં ખાનગી વ્યક્તિની ફરિયાદના આધારે પણ અદાલત કાર્યવાહી કરી શકે છે. તેના માટે ચૂંટણી પંચની મંજૂરી લેવાની જરૂર નથી. ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવતી વખતે ઉમેદવારે જરૂરી વિગતો આપવાની હોય છે. જો ઉમેદવાર આ વિગતો છુપાવે અથવા ખોટી માહિતી આપે તો કલમ 125A હેઠળ કાર્યવાહી થઈ શકે છે. આ ગુના માટે વધુમાં વધુ છ મહિનાની જેલની સજાની જોગવાઈ છે.

આ કેસમાં મુખ્ય કાનૂની સવાલ ફોજદારી કાર્યરીતિ સંહિતા (CrPC)ની કલમ 195(1) અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 125A વચ્ચેના સંબંધનો હતો. CrPCની કલમ 195 હેઠળ ચોક્કસ ગુનાઓમાં સક્ષમ સરકારી અધિકારી અથવા સંબંધિત સત્તાધિકારીની ફરિયાદ વિના અદાલત કાર્યવાહી કરી શકતી નથી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 125Aને CrPCની કલમ 195 હેઠળ પ્રતિબંધિત ગુનાઓની યાદીમાં સામેલ કરવામાં આવી નથી. કલમ 125A વર્ષ 2002માં ઉમેરવામાં આવી હતી, જ્યારે CrPCની કલમ 195માં વર્ષ 2006માં સુધારો કરવામાં આવ્યો હતો. તેમ છતાં, કલમ 125Aને આ પ્રતિબંધમાં સામેલ કરવામાં આવી નહોતી. બેન્ચના મતે, જો ધારાસભ્ય સંસ્થાનો ઈરાદો માત્ર સરકારી અધિકારીઓને જ આવી ફરિયાદ કરવાની મંજૂરી આપવાનો હોત, તો કલમ 195માં સ્પષ્ટ સુધારો કરી શકાયો હોત.

ચૂંટણી પંચે દલીલ કરી હતી કે તે આવી ફરિયાદો પર વિચાર કરીને કેસની હકીકતોના આધારે સંબંધિત તપાસ એજન્સીઓને કાર્યવાહી માટે મોકલી શકે છે. જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ મહત્ત્વપૂર્ણ સંસ્થા હોવા છતાં કાયદાનું અર્થઘટન કરવાનું મુખ્ય કાર્ય અદાલતોનું છે. ચૂંટણી પંચની અખબારી યાદીઓ અથવા માર્ગદર્શિકાઓ અદાલતોને કાયદાકીય રીતે બાધ્ય કરતી નથી. આમ, સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ચૂંટણીના સોગંદનામામાં ખોટી માહિતી આપતા ઉમેદવારો સામે ખાનગી વ્યક્તિઓ માટે પણ ફોજદારી ફરિયાદનો માર્ગ સ્પષ્ટ થયો છે.

## કેબીસીમાં રૂ.૫૦ લાખ જીતવા છતાં હાલ દુકાળમાં ઘરખર્ચ કાઢવો કપરો બન્યા

મૂંબઈ : છત્રપતિ સંભાજીનગર જિલ્લાના પૈઠણ તાલુકાના ગાવતાંડા ગામના ખેડૂત કૈલાસ કુન્ટેવાર 'કૌન બનેગા કરોડપતિ' (કેબીસી) કાર્યક્રમમાં અમિતાભ બચ્ચન સમક્ષ ૧૪ પ્રશ્નોના સાચા જવાબ આપીને ૫૦ લાખ રૂપિયા જીત્યા હતા. જોકે, આ વર્ષે દુકાળને કારણે તેમની ખેતીને ભારે નુકસાન થયું છે અને આ સફળતા છતાં તેમની આર્થિક મુશ્કેલીઓ યથાવત્ છે. માત્ર બે એકર જમીન ધરાવતા કૈલાસને પોતાના ખેતરમાં કામ કરવાની સાથે ગુજરાન ચલાવવા અન્યનાં ખેતરોમાં પણ મજૂરી કરવી પડે છે. કેબીસીમાં જીતેલી રકમ ખેતીમાં રોકીને પરિસ્થિતિ સુધારવાની તેમને આશા હતી, પરંતુ કુદરતની અનિશ્ચિતતાએ તેમની આશા પર પાણી ફેરવી દેતાં અત્યારે તેઓ ચોધાર આંસુએ રડી રહ્યા છે. કૈલાસે જીતેલી રકમમાંથી ખેતરમાં કૂવો ખોદાવ્યો, પરંતુ તેમાં પાણી આવ્યું નહીં. કપાસની ખેતીમાં પણ નુકશાન ગયું અને સોયાબીનનો પાક પણ નિષ્ફળ ગયો. બિયારણ, ખાતર, દવાઓ અને ખેતીનાં અન્ય કામો પાછળ કરેલો ખર્ચ વ્યર્થ જતાં તેમની પાસે કોઈ આવક રહી નથી. ખેતીના આધારે પરિવારનું ભવિષ્ય સુધારવાનું સ્વપ્ન જોનારા કૈલાસ સામે હવે ઘરખર્ચ કેવી રીતે ચલાવવો અને આગામી પાક માટે નાણાં ક્યાંથી લાવવા તેવા પ્રશ્નો ઊભા થયા છે. કૂવો હોવા છતાં પાણી ન મળવું અને મહેનત કરવા છતાં આવક ન થવાથી તેમની સ્થિતિ દયનીય બની છે.કૈલાસ કુન્ટેવારની આ સ્થિતિ મરાઠવાડાના અનેક ખેડૂતોની મુશ્કેલીઓનું પ્રતિબિંબ છે. વરસાદના અભાવે અનેક વિસ્તારોમાં કપાસ અને સોયાબીનના પાક સુકાઈ રહ્યા છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં કૂવા અને બોરવેલનાં જળસ્તર પણ ઘટયાં છે. પાક નિષ્ફળ જવાથી ખેડૂતો માટે ખેતીનો ખર્ચ વસૂલ કરવો, દેવું ચૂકવવું, ઘર ચલાવવું અને બાળકોના શિક્ષણનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બન્યો છે. દુકાળની અસર માત્ર પાક પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર પરિવારના જીવન પર પડી રહી છે. આવી સ્થિતિમાં નુકસાનગ્રસ્ત ખેડૂતોને સમયસર આર્થિક સહાય, પાણીનું યોગ્ય આયોજન અને આગામી પાક માટે જરૂરી ટેકો મળવો અત્યંત આવશ્યક છે.

### તેલંગાણામાં એમડી માટે રસાયણ બનાવતી ફેક્ટરી પર ક્રાઈમ બ્રાન્ચની રેઈડ

## દાઉદના નજીકના સાથી સલીમ ડોલાના ડ્રગ રેકેટનો પર્દાફાશ

મુંબઈ : મીરા-ભાયંદર, વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪એ એમડી (મેફેડ્રોન) ડ્રગ્સના મોટા રેકેટની તપાસમાં તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના પટણચેરુના પશમયાલારામ વિસ્તારમાં આવેલી કેમિકલ ફેક્ટરી પર દરોડો પાડી ગેરકાયદે ચાલતી પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે. પોલીસ તપાસમાં ભાગેડુ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી સલીમ ડોલાની આ ડ્રગ રેકેટમાં સંડોવણી બહાર આવી છે. છેલ્લા પાંચ મહિનામાં આ કેસમાં સલીમ ડોલા સહિત કુલ ૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી પોલીસ કમિશનર સંદીપ ડોઈફોડેએ આપેલી માહિતી મુજબ, ૨૪ જૂનના રોજ નાલાસોપારામાંથી બે આરોપીઓની ધરપકડ કરીને તેમની પાસેથી ૧૧૨ ગ્રામ એમડી જપ્ત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તપાસ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ ને સોંપવામાં આવી હતી. તપાસ આગળ વધતાં ઓક્ટોબર સુધીમાં ૧૯ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે ગુજરાતના કચ્છ જિલ્લામાં ખેતીની જમીન પર ઊભી કરાયેલી એમડી બનાવવાની ફેક્ટરી તેમજ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના કોસાડા કલા વિસ્તારમાં આવેલી અન્ય ફેક્ટરી પર પણ દરોડા પાડયા હતા.

આ તપાસ દરમિયાન દાઉદ ઈબ્રાહિમ ગેંગ સાથે સંકળાયેલા ૬૧ વર્ષના સલીમ ઉર્ફે સલીમમઈ ઈસ્માઈલ ઉર્ફે ઈસ્માઈલ ડોલાની સંડોવણી સામે આવી હતી. ડોલાને મે મહિનામાં મુંબઈ પોલીસ તુર્કીથી ભારત લાવી હતી અને તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ ક્રાઈમ બ્રાન્ચે તેની કસ્ટડી મેળવી તપાસ કરતાં તે દેશના વિવિધ શહેરોમાં ચાલતા ડ્રગ રેકેટ સાથે સંકળાયેલો હોવાનું તેમજ હવાલા મારફતે નાણાંની લેવડદેવડ થતી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.આ સમગ્ર કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૬૯ કિલો ૮૭૧ ગ્રામ એમડી ઉપરાંત રોકડ રકમ, ડ્રગ્સના ઉત્પાદનમાં વપરાતા ૨૬૦ લિટર રસાયણો અને પ્રયોગશાળાનાં સાધનો જપ્ત કરવામાં આવ્યા છે.તપાસમાં એમડી બનાવવા માટે વપરાતા'૨-બ્રોમો-૪-મિથાઈલપ્રોપિયોફેનોનદ'નામના નિયંત્રિત રસાયણની કડી તેલંગાણા સુધી પહોંચી હતી.

### એટીએમ મશીનમાં છેડા કરીને રોકાણની ચોરી કરી

## નવી મુંબઈમાં સીસીટીવીમાં કાળો રંગ સ્પ્રે કરીને એટીએમમાંથી ૧૭લાખની ચોરી

મુંબઈ : નવી મુંબઈના તલોજા એમઆઈડીસી વિસ્તારમાં એક બેંકના એટીએમમાંથી ચોરે રુ. ૧૬.૧૮ લાખથી વધુ રોકડની ચોરી કરી અને ફરાર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ચોરી કરતાં પહેલાં ચોરે એટીએમમાં લગાવેલા સીસીટીવી કેમેરા પર કાળો રંગ સ્પ્રે કરીને પોતાની ઓળખ છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.વિગત મુજબ, આ ઘટના શુક્રવારે વહેલી સવારે આશરે ૪.૩૦ વાગ્યે બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તલોજા એમઆઈડીસીમાં નવનાથ ઈન હોટેલની બાજુમાં આવેલી ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર ચોવીસ કલાક કાર્યરત એટીએમ છે. આમાં આરોપી વહેલી સવારે એટીએમમાં પ્રવેશ્યો હતો અને સૌપ્રથમ સીસીટીવી કેમેરા પર કાળો રંગ સ્પ્રે કરીને પોતાની ઓળખ છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તેણે મશીનમાં ચેડાં કરીને અંદર રાખેલી રુ. ૧૬.૧૮ લાખથી વધુની રોકડ કાઢી લીધી હતી અને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.આ બાદ એક અન્ય શખ્સ એટીએમ



મશીનમાંથી પૈસા કાઢવા જતાં આ ઘટના પ્રકાશમાં આવી હતી. આ બાદ તેણે તાત્કાલિક પોલીસને આ અંગે જાણ કરી હતી. માહિતી મળતાં તલોજા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસને ઉપલબ્ધ સીસીટીવી ફૂટેજની તપાસ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિ પીળા રંગનો કુર્તો અને કાળા રંગનું જીન્સ પહેરેલો જોવા મળ્યો હતો. તેણે ચહેરો લાલ રંગના કપડાથી ઢાંક્યો હોવાનું પણ સામે આવ્યું હતું.આ મામલે તલોજા પોલીસે અજાણ્યા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ એટીએમમાંથી રોકડ ચોરી કરવા માટે ઉપયોગમાં લેવાયેલી પદ્ધતિ, આરોપીની ઓળખ અને તેના ફરાર થવાના માર્ગ અંગે હાલ તપાસ હાથ ધરી હતી.

# સગીર મિત્રને બુલેટ આપનાર યુવક સામે ગુનો દાખલ

## ઓઢવમાં સગીરે ગફલતભરી રીતે બાઈક હંકારી એક્ટિવાને ટક્કર મારી, આધેડનું મોત

અમદાવાદ | અમદાવાદના ઓઢવ વિસ્તારમાં નેશનલ હેન્ડલુમ ચાર રસ્તા પાસે સગીર વયના રોયલ એનફિલ્ડ બુલેટ ચાલકે આધેડને ટક્કર મારતા તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. લાયસન્સ ન હોવા છતાં પણ સગીર દ્વારા વાહન ચલાવવામાં આવ્યું હતું, જેથી સગીરને બુલેટ ચલાવવા આપનાર યુવક વિરુદ્ધ આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.નિકોલ રોડ પર આવેલી ધ ગ્રેટ ઈસ્ટર્ન સોસાયટીમાં રહેતા બાબુલાલ ઝવેરભાઈ ભાદાણી 30 સપ્ટેમ્બરે બપોરે પોતાનું એક્ટિવા લઈને નેશનલ હેન્ડલૂમ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન રોયલ એનફિલ્ડ ક્લાસિક 350




બુલેટના ચાલકે ગફલતભરી રીતે હંકારી એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાબુલાલ નીચે પટકાતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પુત્ર વિવેકકુમાર ભાદાણીની ફરિયાદના આધારે ટ્રાફિક પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.અકસ્માત સર્જનાર બુલેટના નંબરના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં બુલેટ મૂળ માલિક જયેશ પરસોતમભાઈ ચૌહાણે પોતાના કૌટુંબિક ભાઈ અમન ચૌહાણને વાપરવા આપ્યું હોવાનું ખૂલ્યું હતું. અમન ચૌહાણે આ બુલેટ પોતાના 17 વર્ષીય સગીર મિત્રને ચલાવવા આપ્યું હતું. સગીર પાસે લાઈસન્સ ન હોવા છતાં અમન ચૌહાણે બાઈક આપતાં આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. પોલીસે સગીરના ઘરે જઈ નિયમાનુસાર પૂછપરછ કરી જુવેનાઈલ બોર્ડ સમક્ષ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સગીરને વાહન સોંપનાર અમન ચૌહાણ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# કાર કેનાલની દીવાલ સાથે અથડાતા બે યુવકના મોત:ગાંધીનગરના આદરજ-પુન્દ્રસણ રોડ પર ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત

ગાંધીનગર | ગાંધીનગરના આદરજ મોટીથી પુન્દ્રસણ ચોકડી તરફ જતા કાચી કેનાલના રોડ પર રાત્રે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારવામાં આવી રહેલી કિયા ફોરવ્હીલ કારના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા સર્જાયેલા અકસ્માતમાં કાર કેનાલના રોડની દીવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર બે યુવકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય બે મિત્રોને ગંભીર ઈજાઓ પહોંચતા પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સરઢવ ગામના મહેન્દ્રભાઈ સાંકાભાઈ પટેલના 22 વર્ષીય પુત્ર ધર્મ અને તેના મિત્રો ગત 23 ઓક્ટોબરની રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યાના અરસામાં કિયા ગાડી લઈને સરઢવથી કુડાસણ તરફ



જવા નીકળ્યા હતા.એ વખતે કારમાં ડ્રાઈવિંગ સીટ પર હેત બાળાકૃષ્ણ પટેલ હતો. જ્યારે પાછળની સીટ પર ધર્મ મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત તેના મિત્રો યશ દીપકભાઈ પટેલ અને દીપ વાડીભાઈ પટેલ બેઠા હતા. આ યુવકો યશને તેના ઘરે કૂડાસણ મૂકવા જઈ રહ્યા હતા તે દરમિયાન આદરજથી પુન્દ્રસણ ચોકડી તરફના કાચી કેનાલ રોડ પર ચાલક હેતે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગાડી પરનો કાબુ ગુમાવ્યો હતો અને કાર સીધી કેનાલના રોડની દીવાલ સાથે અથડાવી દીધી હતી.આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાં સવાર દીપ વાડીભાઈ પટેલને કમરના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતા 108 એમ્બ્યુલન્સ ટીમ દ્વારા ઘટના સ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યો હતા. જ્યારે યશ દીપકભાઈ પટેલને પેટના તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા વૈષ્ણવદેવી સર્કલ પાસે આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું પણ મોત નીપજ્યું હતું.આ ગમખ્વાર અકસ્માતમાં કારચાલક હેત બાળાકૃષ્ણ પટેલ અને ધર્મ પટેલને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

## ફાઈટ અગેઈન્સ્ટ ડ્રગ્સના બુલંદ નારા સાથે બાઈકર્સ સ્ટેચ્યુ ઓફ યુનિટી ભણી રવાના

# મુખ્યમંત્રીએ સચિવાલયથી નેશનલ બાઈક રેલીને લીલીઝંડી આપી








ગાંધીનગર | અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની આગામી 31મી ઓક્ટોબરે યોજાનારી જન્મજયંતિ એટલે કે રાષ્ટ્રીય એકતા દિવસની દેશભરમાં ભવ્ય ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. એકતા નગર ખાતે આયોજિત થનારી રાષ્ટ્રીય એકતા દિવસ પરેડના ઉપલક્ષ્યમાં દેશવ્યાપી 'ફાઈટ અગેઈન્સ્ટ ડ્રગ્સ' થીમ આધારિત 'નેશનલ મોટરસાઈકલ રેલી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય રેલીને ગાંધીનગર સચિવાલય સંકુલ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરક્ષા દળોના પ્રચંડ ઉત્સાહ અને દેશભક્તિના માહોલ વચ્ચે લીલી ઝંડી આપી સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા નગર કેવડિયા માટે ફ્લેગ ઓફ કરાવી હતી.

દેશના યુવાધનને નશાના દૂષણથી બચાવવા અને 'Say No to Drugs, Say Yes to Life'ના સ્પષ્ટ અને સશક્ત સંદેશ સાથે યોજાયેલી આ રેલી અંગે વિગતવાર માહિતી આપતાં રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું હતું કે, આ આયોજનમાં સમગ્ર દેશના વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ની કુલ 45 જેટલી ટીમો ઉત્સાહભેર સહભાગી થઈ રહી છે. 4 અલગ-અલગ ઝોન મારફતે યોજાયેલી આ રેલીમાં 550થી વધુ અધિકારીઓ અને જવાનો 275થી વધુ બાઈક્સ સાથે જોડાયા છે.

જ્યારે લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, અને રાજસ્થાન સહિતના રાજ્યોમાંથી દરેક રાજ્યદીઠ 5-5 બાઈકર્સ આ યાત્રાનો હિસ્સો બન્યા છે.નોંધનીય છે કે આ રેલીની શરૂઆત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા ગત 21મી ઓક્ટોબરે નવી દિલ્હીથી નોર્થ ઝોનની રેલીને ફ્લેગ ઓફ કરીને કરવામાં આવી હતી.

આ રેલી હરિયાણા અને રાજસ્થાનની સરહદો વટાવીને ગુજરાતના પાટનગર ગાંધીનગર આવી પહોંચી હતી. ગાંધીનગર સચિવાલયથી પ્રસ્થાન કર્યા બાદ આ મોટરસાઈકલ કાફલો આણંદ અને વડોદરા થઈને પોતાના નિર્ધારિત અંતિમ મુકામ એકતા નગર ખાતે પહોંચશે. રેલીના સમગ્ર રૂટ દરમિયાન વિવિધ સ્થળોએ જનજાગૃતિ કાર્યક્રમો અને શપથ ગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

જેથી સ્થાનિક નાગરિકો અને ખાસ કરીને યુવાનોને નશાની કુટેવથી દૂર રહેવા અને સ્વસ્થ સમાજ નિર્માણ માટે પ્રેરિત કરી શકાય. તમામ બાઈકર્સ કેવડિયા પહોંચીને 31મી ઓક્ટોબરના રોજ યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની મુખ્ય પરેડમાં ગૌરવપૂર્વક ભાગ લેશે. ફ્લેગ ઓફના આ ગૌરવશાળી પ્રસંગે રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, ગૃહ વિભાગના ઉચ્ચ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સુરક્ષા દળોના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# NFR સતર્કતા જાગૃતિ સપ્તાહ, 2026 દરમિયાન "અખંડિતતા દ્વારા સમૃદ્ધિ" ને પ્રોત્સાહન આપે છે

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) 26 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 દરમિયાન 'સતર્કતા જાગૃતિ સપ્તાહ' ઉજવશે, જે રેલ્વે વહીવટમાં પ્રામાણિકતા, પારદર્શિતા અને જવાબદારી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ આપશે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના માર્ગદર્શિકા અનુસાર, 'પ્રામાણિકતા દ્વારા સમૃદ્ધિ' થીમ હેઠળના આ કાર્યક્રમમાં રેલ્વે કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને શ્રેણીબદ્ધ કાર્યક્રમો દ્વારા સામેલ કરવામાં આવશે જે ભ્રષ્ટાચાર સામે નૈતિક આચરણ અને સામૂહિક કાર્યવાહીના મહત્વ પર ભાર મૂકે છે.આ સપ્તાહ 26 ઓક્ટોબરના રોજ NFR મુખ્યાલય અને માલીગાંવમાં જનરલ મેનેજર (બાંધકામ) કાર્યાલય ખાતે અખંડિતતાના શપથ સાથે શરૂ થશે. ભ્રષ્ટાચાર સામે લડવામાં પ્રામાણિકતા અને સામૂહિક જવાબદારીના સંદેશને પ્રોત્સાહન આપવા માટે બંને સ્થળોએ વોકેથોનનું આયોજન કરવામાં આવશે. વધુમાં, 27 ઓક્ટોબરના રોજ કામાખ્યા કોચિંગ ડેપો ખાતે એક શેરી નાટક રજૂ કરવામાં આવશે, જે એક આકર્ષક જાહેર સંપર્ક પહેલ દ્વારા તકેદારી જાગૃતિને વધુ પ્રોત્સાહન આપશે.28 ઓક્ટોબરના રોજ એક તકેદારી બુલેટિન બહાર પાડવામાં આવશે, ત્યારબાદ 'કોન્ટ્રાક્ટ મેનેજમેન્ટમાં નિવારક તકેદારી' વિષય પર એક વર્કશોપ યોજાશે. આ વર્કશોપ કાર્ય અમલીકરણ અને કરાર વ્યવસ્થાપનમાં પારદર્શિતાને મજબૂત બનાવવા અને અનિયમિતતાઓને રોકવા માટેના પગલાંઓ પર પ્રકાશ પાડશે. યુવાનોને આ સંદેશ ફેલાવવા માટે, 29 ઓક્ટોબરના રોજ નેતાજી વિદ્યાપીઠ રેલ્વે એચએસ સ્કૂલ, માલીગાંવ ખાતે અને 30 ઓક્ટોબરના રોજ રેલ્વે ઉચ્ચતર માધ્યમિક શાળા, માલીગાંવ ખાતે નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ યોજાશે, જેથી વિદ્યાર્થીઓને પ્રામાણિકતા અને પ્રામાણિકતાના મૂલ્યોને સમજવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

# ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અનામત મુદ્દે વિવાદ

## SC-ST અને બિનઅનામત વર્ગને અન્યાયની આશંકા, દિનેશ બાંભણિયા 26મીએ હાઈકોર્ટમાં પિટિશન કરશે

ગાંધીનગર | ગુજરાતમાં આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પહેલાં અનામત બેઠકોની ફાળવણીનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. પાટીદાર નેતા દિનેશ બાંભણિયાએ આક્ષેપ કર્યો છે કે, રાજ્યમાં રોસ્ટર ક્રમાંકના આધારે અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવશે તો અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને બિનઅનામત વર્ગને મોટાપાયે અન્યાય થવાની શક્યતા છે. આ મુદ્દે તેમણે રાજ્ય સરકારની નીતિ સામે સવાલો ઉઠાવતાં જણાવ્યું છે કે, બેઠકોની ફાળવણી રોસ્ટર ક્રમાંકના બદલે વસ્તીના પ્રમાણને આધારે થવી જોઈએ. આ માગ સાથે તેઓ આવતીકાલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરશે.

દિનેશ બાંભણિયાના જણાવ્યા મુજબ, અનામત બેઠકોની ફાળવણી અંગે ઝવેરી કમિશને કરેલી ભલામણો અને સુપ્રીમ કોર્ટના આદેશની ભાવનાને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. જોકે, તેમના આક્ષેપ પ્રમાણે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની ભલામણોને સીધી રીતે સ્વીકારવાને બદલે કેબિનેટ સબ-કમિટીની પ્રક્રિયાના આધારે અનામતની વ્યવસ્થા અમલમાં મૂકી છે. તેના કારણે અગાઉની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં બેઠકોની ફાળવણીને લઈને અનેક ગેરરીતિઓ અને અન્યાયના કિસ્સા સામે આવ્યા હોવાનો પણ તેમણે દાવો કર્યો છે.

બાંભણિયાએ જણાવ્યું હતું કે, અનામત બેઠકોની ફાળવણીમાં વસ્તીના પ્રમાણને બદલે રોસ્ટર ક્રમાંકને આધાર બનાવવામાં આવે તો સંબંધિત વર્ગના લોકોને નુકસાન થઈ શકે છે. ખાસ કરીને બિનઅનામત વર્ગના લોકો જ્યાં તેમની વસ્તી વધુ હોય ત્યાં બેઠકોની ફાળવણીની માગ કરે છે, પરંતુ તેમના મતે વસ્તીના આધારે બેઠકો ફાળવવાને બદલે રોસ્ટર મુજબ અનામત બેઠકો નક્કી કરવામાં આવે છે. પરિણામે બિનઅનામત વર્ગ માટે ઉપલબ્ધ બેઠકોમાં ઘટાડો થતો હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે.

દિનેશ બાંભણિયાએ વધુમાં દાવો કર્યો હતો કે, આ વ્યવસ્થાથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વર્ગોને પણ નુકસાન થઈ શકે છે. તેમના મતે, અનામત બેઠકોની ફાળવણીમાં ખામીઓ હોય તો આ વર્ગના ઉમેદવારોને ચૂંટણી લડવાની તકો અને ઉપલબ્ધ બેઠકોના સંદર્ભમાં અસર થઈ શકે છે. આથી સમગ્ર પ્રક્રિયામાં વસ્તી આધારિત ફાળવણી અને કાયદાકીય જોગવાઈઓનું યોગ્ય પાલન થવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું છે.

આ મુદ્દે કાયદાકીય લડત આપવાની જાહેરાત કરતાં બાંભણિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને ચૂંટણી તંત્ર દ્વારા જાહેરનામા મારફતે થનારી બેઠકોની ફાળવણી સામે તેઓ આવતીકાલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરશે. તેમની મુખ્ય માગ છે કે, ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં અનામત બેઠકોની ફાળવણી રોસ્ટર ક્રમાંકના આધારે કરવાને બદલે લાગુ કાયદાકીય જોગવાઈઓ અને વસ્તીના પ્રમાણને અનુરૂપ કરવામાં આવે. સાથે જ સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાની પણ તેમણે માગ કરી છે.

દિનેશ બાંભણિયાએ આ મુદ્દે રાજ્યના રાજકીય અને સામાજિક નેતાઓની ભૂમિકા સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં SC, ST અને બિનઅનામત વર્ગના અનેક રાજકીય તથા સામાજિક નેતાઓ હોવા છતાં આ મુદ્દે કોઈ ખુલ્લેઆમ અવાજ ઉઠાવતું નથી, જે દુ:ખદ બાબત છે. તેમના મતે, અનામત બેઠકોની ફાળવણીમાં પારદર્શિતા રહે અને કોઈ પણ વર્ગને અન્યાય ન થાય તે માટે તમામ સંબંધિત પક્ષોએ આગળ આવવું જોઈએ.

# ગુજરાતમાં ફાયર સેફ્ટીના નિયમો વધુ કડક બન્યા

## 15 મીટરથી ઊંચી ઈમારતો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ફરજિયાત, આગામી 1 એપ્રિલથી ઔદ્યોગિક એકમોમાં પણ અમલ

ગાંધીનગર | ગુજરાત સરકારે રાજ્યમાં આગની દુર્ઘટનાઓ અટકાવવા અને ઈમારતોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા માટે ફાયર સેફ્ટીના નિયમોમાં સુધારો કર્યો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે 23 ઓક્ટોબર, 2026ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ (એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2026નું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ સુધારા હેઠળ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવા માટેની ઈમારતોની શ્રેણી, આગ સામે રક્ષણનાં ધોરણો અને કામચલાઉ બાંધકામોમાં સુરક્ષાની જોગવાઈઓ સ્પષ્ટ કરવામાં આવી છે. ખાસ કરીને 15 મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી હાઈરાઈઝ ઈમારતો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે નિર્ધારિત શ્રેણીના ઔદ્યોગિક એકમો માટે નવા નિયમોનો અમલ 1 એપ્રિલ, 2027થી થશે.ગેઝેટમાં પ્રસિદ્ધ સુધારેલા નિયમો મુજબ 15 મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ હાઈરાઈઝ ઈમારતોને ફાયર પ્રિવેન્શન, લાઈફ સેફ્ટી અને ફાયર પ્રોટેક્શનનાં ધોરણોનું પાલન કર્યાનું પ્રમાણપત્ર મેળવવું પડશે. આ જોગવાઈમાં નિયમોમાં ખાસ બાકાત રાખવામાં આવેલી ઈમારતોનો અપવાદ રહેશે.આ ઉપરાંત હોટલ, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યાપારી ઈમારતો, મર્કેન્ટાઈલ બિલ્ડિંગ્સ, સ્ટોરેજ બિલ્ડિંગ્સ, જોખમી પ્રવૃત્તિઓ ધરાવતી ઈમારતો અને મિશ્ર ઉપયોગવાળી ઈમારતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આવી ઈમારતોનું કુલ બિલ્ટ-અપ ક્ષેત્રફળ 500 ચોરસ મીટરથી વધુ હોય અથવા તેમાં નિર્ધારિત માળખાકીય શરતો લાગુ પડતી હોય તો ફાયર સેફ્ટી સર્ટિફિકેટ



જરૂરી બનશે.નવા સુધારા મુજબ 9 મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક ઈમારતો અને સંસ્થાકીય ઈમારતો માટે પણ ફાયર સેફ્ટીના પ્રમાણપત્રની જોગવાઈ કરવામાં આવી છે. હોસ્પિટલ, નર્સિંગ હોમ અને માનસિક આરોગ્ય સંસ્થાઓમાં પથારીની સુવિધા હોય, પછી ભલે ત્યાં ICU હોય કે ન હોય, તેમને પણ સંસ્થાકીય ઈમારતોની વ્યાખ્યામાં આવરી લેવામાં આવ્યા છે.આ ઉપરાંત તમામ એસેમ્બલી બિલ્ડિંગ્સ, મલ્ટિલેવલ કાર પાર્કિંગ, કોઈપણ માળે 300 ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળમાં એસેમ્બલી પ્રવૃત્તિ ધરાવતી ઈમારતો અને બે કે તેથી વધુ બેઝમેન્ટ ધરાવતી ઈમારતો માટે પણ નિયમોમાં જોગવાઈ કરવામાં આવી છે. એક બેઝમેન્ટનું ક્ષેત્રફળ 500 ચોરસ મીટરથી વધુ હોય તો પણ તે આ જોગવાઈ હેઠળ આવશે. ફાયર સેફ્ટી સર્ટિફિકેટ માટેની યાદીમાં તમામ ફ્યુઅલિંગ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઔદ્યોગિક એકમો માટે જોખમના સ્તર પ્રમાણે અલગ માપદંડ નક્કી કરાયા છે. ઓછા જોખમવાળા અને મધ્યમ જોખમવાળા ઔદ્યોગિક એકમોમાં બિલ્ટ-અપ વિસ્તાર 500 ચોરસ મીટરથી વધુ હોય તો નિયમો લાગુ પડશે, જ્યારે ઊંચા જોખમવાળા ઔદ્યોગિક એકમો માટે 50 ચોરસ મીટરથી વધુ બિલ્ટ-અપ વિસ્તારના કિસ્સામાં જોગવાઈ લાગુ થશે.ગેઝેટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ ઔદ્યોગિક શ્રેણીઓ માટે સુધારેલા નિયમોનો અમલ 1 એપ્રિલ, 2027થી શરૂ થશે.સુધારેલા નિયમોમાં ઈમારતોની આગ સામેની સુરક્ષા માટે અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ઈમારતમાં પ્રવેશની વ્યવસ્થા, બહાર નીકળવાના માર્ગોની સંખ્યા અને પહોળાઈ, ફાયર ચેક ડોર, સ્મોક મેનેજમેન્ટ સિસ્ટમ, ફાયર એક્સ્ટિંગ્વિશર, ફર્સ્ટ એઈડ હોઝ રીલ, ઓટોમેટિક ફાયર ડિટેક્શન અને એલાર્મ સિસ્ટમ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ઓટોમેટિક સ્પ્રિંકલર, આંતરિક હાઈડ્રન્ટ અને યાર્ડ હાઈડ્રન્ટ, ફાયર ફાઈટિંગ માટે પાણીનો સંગ્રહ, પમ્પિંગ વ્યવસ્થા, લિફ્ટ, સ્ટેન્ડબાય પાવર સપ્લાય, રેફ્યુજ એરિયા અને ફાયર કંટ્રોલ રૂમ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

# અરવિંદ સ્માર્ટસ્પેસિસની 'રન ટુ ઈન્સ્પાયર' મેરેથોન:અમદાવાદના અરવિંદ અપલેન્ડ્સમાં 1,600થી વધુ દોડવીરો ઉત્સાહભેર જોડાયા

ગાંધીનગર | અમદાવાદના અરવિંદ અપલેન્ડ્સ ખાતે અરવિંદ સ્માર્ટસ્પેસિસની લોકપ્રિય એવી રન ટુ ઈન્સ્પાયર મેરેથોનની ચોથી આવૃત્તિ આજે 25 ઓકટોબરે યોજાઈ હતી. ફિટનેસ, દ્રઢતા અને સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહન આપતી આ 10 કિમીની દોડમાં દેશભરમાંથી વ્યાવસાયિક ખેલાડીઓ, દોડના શોખીનો અને દ્રષ્ટિબાધિત દોડવીરો સહિત 1,600 લોકોએ ભાગ લીધો હતો. સવારે ફ્લેગ-ઓફ સમારોહ સાથે શરૂ થયેલી આ મેરેથોને શહેરમાં રમતગમત અને સક્રિય જીવનશૈલીનો અદ્ભુત માહોલ ઊભો કર્યો હતો.આ મેરેથોનની ખાસિયત એ રહી છે કે તેની ચારેય આવૃત્તિઓ દરમિયાન દોડવીરોની ભાગીદારીમાં ઉત્તરોત્તર જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. પ્રથમ આવૃત્તિમાં માત્ર 500 દોડવીરોથી શરૂઆત થઈ હતી, જે આ ચોથી આવૃત્તિમાં વધીને 1,600 પર પહોંચી ગઈ છે. કુલ સહભાગીઓમાંથી 70 ટકા દોડવીરો એવા હતા જેમણે અગાઉની જેમ આ વર્ષે પણ ફરીથી મેરેથોનમાં ભાગ લીધો હતો, જે આ પહેલ સાથે દોડવીરોના ગાઢ જોડાણ અને વિશ્વાસને સાબિત કરે છે. આ આયોજન હવે માત્ર એક દોડ સ્પર્ધા ન રહેતા એકતા અને સામાજિક ઉત્સાહનું પ્રતિક બની ગયું છે.સ્પર્ધામાં જુદા-જુદા વયજૂથના સ્પર્ધકો વચ્ચે ભારે રોમાંચ જોવા મળ્યો હતો. 15થી વધુ તેમજ 60 વર્ષથી વધુ વયજૂથ સુધીના વિવિધ વર્ગોમાં યોજાયેલી આ સ્પર્ધામાં મહિલા અને પુરુષ બંને વર્ગના દોડવીરોએ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વન વિભાગ તપાસ તેજ કરી દીધી, હાઈવે પર અકસ્માતથી ભય ફેલાયો

# કરજણ દીપડો અકસ્માત મોત ઘટના વધી

(એજન્સી) વડોદરા । તા. 25

ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કંડારી હાઈવે પર ગતરાત્રિના સુમારે એક વાહન અજાણ્યા વાહનની અડફેટે આવી જતાં માર્ગ અકસ્માતમાં એક દીપડાનું કરુણ મૃત્યુ નીપજ્યું છે, જેના કારણે સ્થાનિક ગ્રામજનો અને વન વિભાગમાં ભારે ચિંતા અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો છે. આ બનાવની જાણ થતાં જ વન વિભાગ અને સ્થાનિક પોલીસ દળના અધિકારીઓ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દીપડાના મૃતદેહનો કબ્જો મેળવીને આગળની કાનૂની તેમજ તબીબી કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી અવારનવાર દીપડાઓના મૃત્યુ થવાના બનાવો સામે આવી રહ્યા છે, જેના કારણે વન્યજીવ પ્રેમીઓમાં રોષ અને ચિંતાની લાગણી પ્રવર્તી રહી છે.



પ્રાપ્ત થતી સચોટ માહિતી અને મીડિયા અહેવાલ મુજબ, કરજણ તાલુકાના નારેશ્વર, અભરા, મેથી, કંડારી અને પિંગલવાડા સહિતના ગ્રામીણ વિસ્તારોમાં અવારનવાર વન્યપ્રાણીઓ ખાસ કરીને દીપડાઓની અવરજવર જોવા મળતી હોય છે અને તેઓ દ્વારા પશુઓના મારણ કરવાના બનાવો પણ બનતા આવ્યા છે. ગતરાત્રિના અરસામાં કંડારી ગામ નજીક આવેલા ગેસ પંપ સામેના વિસ્તારમાં એક દીપડો અચાનક હાઈવે રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે જ સમયે પૂરઝડપે પસાર થઈ રહેલા કોઈ અજાણ્યા વાહનના ચાલકે તેને અડફેટે લીધો હતો, જેના કારણે દીપડાને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ કમનસીબ મોત નીપજ્યું હતું. આ અકસ્માતના કારણે હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો અને ટ્રાફિકજામ થઈ ગયો હતો.

આ કરુણ ઘટના બાદ વડોદરા જિલ્લામાં માર્ગ અકસ્માત કે અન્ય કારણોસર મૃત્યુ પામેલા દીપડાઓની કુલ સંખ્યા વધીને આઠ પર પહોંચી ગઈ છે, જે વનતંત્ર માટે એક ગંભીર ચેતવણી સમાન છે. અગાઉ પણ કરજણ તાલુકાના મેથી તેમજ પોર વિસ્તાર પાસે આવેલા સરાર ગામે આવા જ પ્રકારે વાહનની ટક્કરથી બે દીપડાઓના મોત થયા હોવાની ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. આસપાસના ગ્રામજનોના જણાવ્યા મુજબ, જંગલ વિસ્તાર ઘટવાના કારણે અને ખોરાક તેમજ પાણીની શોધમાં વન્યજીવો માનવ વસાહતો તથા હાઈવે તરફ આવી ચઢતા હોય છે, જેના કારણે આ પ્રકારની દુર્ઘટનાઓ અવારનવાર સર્જાતી હોય છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળ પર પહોંચીને પંચનામું કરવામાં આવ્યું હતું. મૃત્યુ પામેલા દીપડાના શબને પશુ ચિકિત્સકોની પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં નિયમ મુજબ દીપડાના મૃતદેહની અંતિમ વિધિ કરવામાં આવશે. બીજી તરફ, પોલીસ અને વન વિભાગની સંયુક્ત ટીમે અજાણ્યા વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે કે કયા વાહનની ટક્કરથી આ વન્યજીવનું મોત થયું છે.

કરજણ અને કંડારી પંથકમાં રાત્રિના સમયે દીપડાઓની વધતી જતી હાજરી અને હાઈવે પર થતા આવા અકસ્માતોના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ખેડૂતો અને પશુપાલકો પોતાના ખેતરોમાં જતા સમયે ડર અનુભવી રહ્યા છે. સ્થાનિક જનતા અને પર્યાવરણવિદો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે હાઈવે પર જ્યાં વન્યજીવોની અવરજવર વધુ રહે છે ત્યાં સાવચેતીના બોર્ડ લગાવવામાં આવે અને વાહનોની ગતિ મર્યાદિત કરવા માટે સ્પીડ બ્રેકર કે યોગ્ય લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવે, જેથી મૂગા પશુઓ અને વન્યજીવોના કિંમતી જીવ બચી શકે.

## પ્રતાપનગર જોબટ પેસેન્જર ટ્રેનનું ડેકાકુંડ સુધી વિસ્તરણ, પશ્ચિમ રેલવે દ્વારા ૨૫ ઓક્ટોબરે લીલીઝંડી અપાશે



વડોદરા | પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ દ્વારા વિસ્તારના મુસાફરોની સુવિધામાં વધારો કરતા પ્રતાપનગર-જોબટ પેસેન્જર ટ્રેનનું ડેકાકુંડ સુધી વિસ્તરણ કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી લાઈન પર ૨૫ ઓક્ટોબરથી ડેકાકુંડ રેલવે સ્ટેશનથી ટ્રેનને લીલીઝંડી આપીને સત્તાવાર રીતે પ્રસ્થાન કરાવવામાં આવશે, જેનાથી ગુજરાત અને મધ્યપ્રદેશના સરહદી વિસ્તારો વચ્ચેની મુસાફરી વધુ સરળ અને ઝડપી બની રહેશે. છોટાઉદેપુર-ધાર નવી ૧૫૭ કિલોમીટરની બ્રોડગેજ રેલવે લાઈનનું નિર્માણ કાર્ય લાંબા સમયથી ચાલી રહ્યું હતું. આ પ્રોજેક્ટ અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૫માં જોબટ-ડેકાકુંડ વચ્ચેના ૧૧.૭૨૫ કિલોમીટરના સેક્શન પર ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કમિશન ઓફ રેલવે સેફ્ટી દ્વારા સફળ સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યો હતો, જેના આધારે આ રૂટ પર ટ્રેન વ્યવહાર શરૂ કરવાનો માર્ગ મોકળો થયો હતો. મીડિયા અહેવાલ મુજબ, નવી સમયસારણી અનુસાર પ્રતાપનગર-ડેકાકુંડ પેસેન્જર ટ્રેન પ્રતાપનગર સ્ટેશનથી સવારે ૯:૦૫ વાગ્યે ઉપડીને બપોરે ૧:૨૫ વાગ્યે ડેકાકુંડ પહોંચશે.

## વડોદરા ચરસ દરોડો મહિલા અટકાયત, સયાજીગંજ વિસ્તારમાંથી માદક પદાર્થ, લાખનો મુદ્દામાલ પોલીસે કર્યો જપ્ત

(એજન્સી) વડોદરા । તા. 25

સંસ્કારી નગરી વડોદરાના યાકુતપુરા વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એટલે કે એસઓજી પોલીસે એક મોટી અને સફળ કાર્યવાહી હાથ ધરીને ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવેલા ચરસના જથ્થા સાથે એક મહિલાની અટકાયત કરી છે. પોલીસે બાતમીના આધારે પાડેલા દરોડા દરમિયાન ત્રણ લાખ સિત્તેર હજારથી વધુ કિંમતનું એક કિલો પાંચ સો બાર ગ્રામ ચરસ જપ્ત કર્યું છે. આ સાથે જ ઘટનાસ્થળેથી બે લાખ એકવીસ હજાર રૂપિયાની રોકડ રકમ, મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ મળીને કુલ છ લાખ ચાર હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાળો કારોબાર ચલાવતી મુખ્ય મહિલા અને તેની બહેનપણી સામે પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

વડોદરા એસઓજી પોલીસના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે અસ્ફાક ઉર્ફે બાબા શેખની પત્ની નાહીદાબાનુ ઉર્ફે લાલી નામની મહિલા માદક પદાર્થોનો ગેરકાયદેસર વેપાર કરે છે. તેણે ચરસનો મોટો જથ્થો યાકુતપુરા મીનારા મસ્જિદ પાસે રહેતી પોતાની જ બહેનપણી નૌરીનબાનુ પઠાણના મકાનમાં છુપાવી રાખ્યો છે. આ બાતમી મળતાની સાથે જ પોલીસ ઈન્સ્પેક્ટરની આગેવાની હેઠળની એસઓજી ટીમે સરકારી પંચો, એફએસએલના અધિકારીઓ અને ફોટોગ્રાફરને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. અચાનક પડેલા આ દરોડાથી વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને પોલીસે મકાનને ચારેય તરફથી ઘેરી લીધું હતું. મકાનની તલાશી લેતી વખતે પોલીસની ટીમને પ્રથમ માળે આવેલી લોખંડની તિજોરીમાંથી અખબારી કાગળ અને વાદળી રંગની સેલોટેપમાં વીંટાળેલા ચરસના ત્રણ શંકાસ્પદ પેકેટો મળી આવ્યા હતા. તુરંત જ તોલાટ અને એફએસએલ અધિકારીની હાજરીમાં ડિજિટલ વજનકાંટા પર વજન કરાવવામાં આવતા આ જથ્થો એક કિલો પાંચ સો બાર ગ્રામ હોવાનું સામે આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ત્રણ લાખ સિત્તેર હજાર રૂપિયા આંકવામાં આવી છે.

## વડોદરા સાયબર ફ્રોડ લિંક છેતરપિંડીથી હાહાકાર મચ્યો, અંકિતાબેન એક્સિસ SBI બેંક રૂપિયા ગાયબ

(એજન્સી) વડોદરા । તા. 25

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં સાયબર અપરાધીઓની હિંમત અને ચાલાકી દિનપ્રતિદિન ચિંતાજનક સ્તરે વધી રહી છે. શહેરના અત્યંત પોશ ગણાતા સયાજીગંજ અને લક્ષ્મીપુરા પોલીસ મથકની હદમાં આવે સમતા પોલીસ ચોકી સામે રહેતી અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની નામાંકિત કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ વતી એક શિક્ષિત મહિલાને સાયબર ઠગોએ પોતાનો શિકાર બનાવી છે. પિતાના જ મોબાઈલ નંબર પરથી આવેલી એક શંકાસ્પદ લિંક પર માત્ર એક ક્લિક કરવાથી મહિલાનો સ્માર્ટફોન હેક થઈ ગયો હતો અને જોતજોતામાં તેમના બે અલગ-અલગ બેંક ખાતાઓમાંથી સાડા સાત લાખ રૂપિયાથી વધુની રકમની ઓનલાઈન ચોરી કરી લેવામાં આવી છે. આ ચોંકાવનારી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવ્યા બાદ સમગ્ર વડોદરા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સાયબર પોલીસે તાત્કાલિક ધોરણે તપાલ હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી સચોટ માહિતી અને સાયબર પોલીસ મથકે નોંધાયેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, સમતા પોલીસ ચોકી સામે આવેલા સરદાર પટેલ હાઈટ્સમાં નિવાસ કરતા અને જાણીતી એલેમ્બિક ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર હોદ્દા પર કાર્યરત અંકિતાબેન રોશન કુમાર વીરોલા સાયબર ક્રાઈમનો ભોગ બન્યા છે. ગત તારીખ 15 ઓક્ટોબરના રોજ સાંજે આશરે છ વાગ્યાના સુમારે અંકિતાબેનના વોટ્સએપ પર તેમના ખુદના પિતાના મોબાઈલ નંબર પરથી એક સંદેશો આવ્યો હતો. આ સંદેશામાં એક શંકાસ્પદ લિંક મોકલવામાં આવી હતી અને તેની સાથે એવી સૂચના લખેલી હતી કે વાહનનું કરંટ સ્ટેટસ ચેક કરવા માટે આ લિંક ઓપન કરવી જરૂરી છે. કારણ કે મેસેજ પિતાના નંબર પરથી જ આવ્યો હતો, તેથી અંકિતાબેનને જરાય શંકા ગઈ નહોતી અને તેમણે સહજતાથી તે લિંક ઓપન કરી દીધી હતી. પરંતુ તેઓ અજાણ હતા કે ઠગોએ તેમના પિતાનો ફોન પણ હેક કરી લીધો હતો.

## વડોદરામાં વીમા પોલિસી અને સોનાની છેતરપિંડીથી ફફડાટ, દુબઈના સોનાની લાલચ આપી છેતરપિંડી આચરી

(એજન્સી) વડોદરા । તા. 25

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની એક અત્યંત ચોંકાવનારી અને મોટી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં ઠગોની એક ટોળકીએ વીમા પોલિસી અને દુબઈથી સસ્તું સોનું અપાવવાની લાલચ આપીને એક મહિલા વીમા સલાહકાર સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરી છે. શહેરના સુભાનપુરા વિસ્તારમાં રહેતી અને લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં એડવાઈઝર તરીકે ફરજ બજાવતી બીનાબેનને તેમના જ મિત્ર દ્વારા ઓળખાણ કરાવીને પ્રિતેશ પંચાલ નામના શખ્સે ગોત્રી વિસ્તારના એક કોમ્પ્લેક્ષમાં બોલાવ્યા હતા. ત્યારબાદ પોતાના નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર મામાનો ખોટો હવાલો આપીને વીમા પોલિસી પ્રીમિયમના નામે પાંચ લાખ સઈઠ હજાર રૂપિયા તેમજ દુબઈના સોનાની લાલચ આપીને બેંક લોકરમાંથી કિમતી ત્રણસો દસ ગ્રામ સોનું કઢાવીને કુલ મત્તા સેરવી લીધી હતી અને બાદમાં ખોટા ચેકો આપીને ફરાર થઈ ગયા હતા. આ ગંભીર મામલે ગોરવા પોલીસ સ્ટેશન દ્વારા ત્રણ આરોપીઓ વિરુદ્ધ સત્તાવાર ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે.

સૂત્રો દ્વારા મળતી સચોટ માહિતી અને પોલીસ દફતરે નોંધાયેલી વિગતો અનુસાર, સુભાનપુરામાં રહેતા અને વીમા સલાહકાર તરીકે સેવા આપતા બીનાબેનને ગત તારીખ ત્રીજી સપ્ટેમ્બરના રોજ સુરત ખાતે રહેતા તેમના મિત્ર હર્ષિલ દોશીનો ફોન આવ્યો હતો. હર્ષિલ દોશીએ પોતાના મિત્ર પ્રિતેશ પંચાલને નવી વીમા પોલિસી લેવી હોવાનું જણાવીને બીનાબેનને તેનો સંપર્ક નંબર આપ્યો હતો.

જ્યારે બીનાબેને પ્રિતેશ પંચાલ સાથે વાત કરી ત્યારે તેણે ગોત્રી વિસ્તારમાં આવેલા દર્શનમ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ખાતે તેમને મળવા માટે આમંત્રિત કર્યા હતા. નિર્ધારિત સમયે બીનાબેન ત્યાં પહોંચ્યા ત્યારે પ્રિતેશ પંચાલની સાથે સુરજસિંઘ નામનો શખ્સ પણ હાજર હતો. આ મુલાકાત દરમિયાન પ્રિતેશે પોતાની ઓળખ આપતા ભારે પ્રભાવ પાડવા માટે જણાવ્યું હતું કે તેના મામા નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર છે અને તેઓ દાહોદ ખાતે મોટા પાયે સોના-ચાંદીનો વેપાર કરે છે.

## વડોદરા રેલવે સ્ટેશન પરથી અઢી કરોડનું ડ્રગ્સ ઝડપાયું, નાઈજીરીયન મહિલા પાસેથી બે કિલોથી વધુ એમડી ડ્રગ્સ મળ્યું



વડોદરા | વડોદરા રેલવે સ્ટેશન પર ડ્રગ્સ વિરોધી ઓપરેશન 'નાર્કોસ' અંતર્ગત સુરક્ષા એજન્સીઓએ હાથ ધરેલી સઘન કાર્યવાહીમાં એક વિદેશી મહિલાને અંદાજે રૂ. ૨.૨૭ કરોડની કિંમતના એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવી છે. આ ગંભીર કિસ્સામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા ડ્રગ્સ રેકેટના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે અને આ માદક પદાર્થ ક્યાં સપ્લાય થવાનો હતો તે અંગે એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. વર્તમાન સમયમાં દેશના વિવિધ રેલવે માર્ગોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે માદક પદાર્થોની હેરાફેરી કરવાના પ્રયાસો વધી રહ્યા છે, જેને ડામવા માટે કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ સતત એલર્ટ મોડ પર કામ કરી રહી છે. આ જ શ્રૃંખલામાં અમદાવાદ યુનિટને મળેલી સચોટ બાતમીના આધારે વડોદરા રેલવે સ્ટેશન પર ખાસ ટ્રેપ ગોઠવવામાં આવી હતી, જેના પરિણામે મોટી સફળતા હાથ લાગી છે. ડી.આર.આઈ. અમદાવાદ યુનિટના અધિકારીઓને મળેલી ગુપ્ત માહિતીના આધારે આર.પી.એફ. પોસ્ટ વડોદરાની મદદથી અમૃતસરથી બાન્દ્રા ટર્મિનસ તરફ જતી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેન પર વોચ રાખવામાં આવી હતી.

### વડોદરાની વીડિયો ક્રિએટર ઓનલાઈન ફ્રોડનો ભોગ બની

## મેટ્રિમોનિયલ સાઈટ પરથી યુવતી સાથે સાડા સાત લાખની ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 25

શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતી એક વીડિયો ક્રિએટર મહિલા સાથે ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઈટના માધ્યમથી લાખો રૂપિયાની ઠગાઈ થયાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. યુકેમાં વેપારી હોવાનું નાટક કરનાર એક ઠગ શખ્સે લગ્ન નક્કી કરવાની લાલચ આપીને ગિફ્ટ પાર્સલ અને અન્ય બહાના હેઠળ કુલ રૂ. ૭.૫૨ લાખ પડાવી લેતા સમગ્ર મામલે સાયબર સેલમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વર્તમાન સમયમાં ઓનલાઈન મેટ્રિમોનિયલ પ્લેટફોર્મ્સનો ઉપયોગ વધવાની સાથે સાયબર ઠગો દ્વારા નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ગોત્રી વિસ્તારની યુવતીએ પણ જીવનસાથી ડોટ કોમ પર પોતાનો બાયોડેટા મૂક્યો હતો, જેની પ્રતીતિ રૂપે છેતરપિંડી કરનાર શખ્સે તેની સાથે સંપર્ક સાધીને વિશ્વાસ સંપાદન કરવાનું શરૂ કર્યું હતું.

ગત પહેલી જુલાઈએ સુભાષ શર્મા નામના ઠગે પોતે આઠ વર્ષથી યુકેમાં બિઝનેસ કરતો હોવાનું જણાવી મહિલા સાથે મિત્રતા કેળવી હતી અને બંને લગ્ન માટે સહમત થયા હતા. ત્યારબાદ આરોપીએ મોલમાંથી ગિફ્ટ ખરીદી હોવાનું જણાવી કુરિયર ઓફિસની રસીદો મોકલી હતી અને કુરિયર બોય પકડાઈ ગયાના બહાના હેઠળ ટુકડે-ટુકડે કરીને કુલ રૂ. ૭,૫૨,૦૦૦ જેટલી માતબર રકમ અલગ-અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. જ્યારે વધુ નાણાંની માંગણી કરવામાં આવી ત્યારે મહિલાને શંકા ગઈ હતી.

### રેલવે પોલીસ તપાસ તેજ બની ગઈ છે ભયંકર સ્થિતિ, ઉત્તરાણ સુરત વચ્ચે ટ્રેન પર થયો પથ્થરમારો

# સુરત વંદે ભારત પથ્થરમારો આરોપી ઝડપાયા બાદ હાહાકાર

(એજન્સી) સુરત । તા. 25

ગુજરાત રાજ્યના મુખ્ય વ્યાપારી અને ડાયમંડ નગરી તરીકે જાણીતા સુરત શહેરમાં રેલવે મુસાફરોની સુરક્ષાને ગંભીર પડકાર આપતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ, રાજસ્થાનના ઉદયપુરથી સુરત તરફ આવી રહેલી અતિ આધુનિક અને હાઈ-સ્પીડ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર અસામાજિક તત્વો દ્વારા અચાનક પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ઉત્તરાણ અને સુરત રેલવે સ્ટેશન વચ્ચેના માર્ગ પર બનેલી આ ઘટનાને કારણે ચાલતી ટ્રેનના કાચ તૂટી ગયા હતા અને મુસાફરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. રેલવે પોલીસે તાત્કાલિક ટેકનિકલ સર્વે અને સીસીટીવી ફૂટેજના આધારે કડક કાર્યવાહી કરીને આ કૃત્ય આચરનાર ત્રણ આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.



નિર્ધારિત સમય મુજબ ઉદયપુરથી ઉપડેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સુરત તરફ પ્રયાણ કરી રહી હતી. જ્યારે આ ટ્રેન ઉત્તરાણ અને સુરત સ્ટેશન વચ્ચેના સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી, તે જ સમયે અચાનક કેટલાક તોફાની અને અસામાજિક તત્વોએ ટ્રેનને ટાર્ગેટ બનાવીને પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ અચાનક થયેલા હુમલાને કારણે ટ્રેનના કોચ નંબર સી-સિક્સની અનેક સીટો પાસે આવેલી કાચની બારીઓ કડડભૂ થઈને તૂટી ગઈ હતી. સદનસીબે આ અણધારી આફતમાં ટ્રેનમા બેઠેલા કોઈપણ મુસાફર કે રેલવે સ્ટાફને ગંભીર ઈજા પહોંચી ન હતી, પરંતુ અચાનક કાચ તૂટવાના અવાજથી ડબ્બામાં બેઠેલા નાગરિકો અને માસૂમ બાળકો ડીઝી ગયા હતા અને ટ્રેનમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા જોઈને તુરંત જ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી અને સુરત રેલવે પોલીસને સતર્ક કરી દેવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે સુરક્ષા દળ અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે તપાસના ચક્રો ખૂબ જ ઝડપથી ગતિમાન કરવામાં આવ્યા હતા. ટ્રેન રૂટ પર આવેલા તમામ સીસીટીવી કેમેરાના ફુટેજની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી તેમજ ટેકનિકલ સર્વેની મદદથી ગુનેગારોની ઓળખ મેળવવામાં આવી હતી. આ સઘન ઓપરેશનના અંતે પોલીસે આ હીંચકારા કૃત્યને અંજામ આપનાર ત્રણ મુખ્ય આરોપીઓને શોધી કાઢીને તેમની ધરપકડ કરી લીધી છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ જે ખુલાસો કર્યો તેણે તપાસ અધિકારીઓને પણ સ્તબ્ધ કરી દીધા હતા. આરોપીઓએ જણાવ્યું કે તેઓએ કોઈ અંગત દુશ્મનીના કારણે નહીં પરંતુ માત્ર 'મજા' લેવા માટે જ આ પ્રકારે ચાલતી ટ્રેન પર પથ્થર ફેંક્યા હતા. તેમની આ નાદાન અને બેજવાબદાર હરકતના કારણે સેંકડો મુસાફરોના જાન જોખમમાં મુકાઈ ગયા હતા.

આ પ્રકારની ઘટનાઓ બનવાથી સામાન્ય જનતા અને રોજબરોજ મુસાફરી કરતા નોકરીયાત વર્ગમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. વંદે ભારત જેવી પ્રીમિયમ અને દેશની ગૌરવવંતી ટ્રેનો પર જો આ પ્રકારે પથ્થરમારાના બનાવો બનતા રહેશે તો મુસાફરોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થશે.

### માત્ર સવા બે કલાકમાં રૂપિયા વગે કરી દીધા

## છાણીની કંપનીનું સર્વર હેક કરી સવા કરોડની ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 25

શહેરના છાણી રોડ વિસ્તારમાં આવેલી ફાઈનાન્સિયલ કામકાજ કરતી ખાનગી કંપની સાથે સાયબર ક્રાઈમનો અત્યંત ગંભીર અને ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અજાણ્યા હેકરોએ કંપનીનું સર્વર હેક કરીને માત્ર સવા બે કલાકના ટૂંકા ગાળામાં જુદાજુદા બેંક ખાતાઓમાં કુલ રૂ. ૧.૨૨ કરોડની માતબર રકમ ટ્રાન્સફર કરી દેતા ભારે હડકંપ મચી ગયો છે, જે અંગે સાયબર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો નોંધાવવામાં આવ્યો છે.

સમારોડના પાયલ પાર્ક ખાતે રહેતા અને મૂળ સુરતના કનકપુરના વતની મિહિરભાઈ મરોઠિયાએ અલ્પેશભાઈ વલીયા સાથે મળીને છાણી રોડ પર અર્થસેતુ સોલ્યુશન પ્રા.લિ. નામની કંપની શરૂ કરી હતી. આ કંપની દ્વારા વેપારીઓ અને અન્ય નાગરિકોની નાણાકીય બાબતોનું સંચાલન કરવામાં આવતું હતું, પરંતુ અચાનક બનેલી આ ઘટનાથી કંપનીના સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

ગત ૧૭મી ઓક્ટોબરે કંપનીમાંથી બેંકને વિવિધ ખાતાઓમાં પેમેન્ટ મોકલવા માટેની રિક્વેસ્ટ જતાં કુલ રૂ. ૧,૨૨,૦૦,૦૦૦નું પેમેન્ટ થઈ ગયું હતું. આ બેંક ખાતાઓની કોઈ જાણકારી ન હોવાથી સંચાલકોને શંકા ગઈ હતી, અને તપાસ કરતાં ખૂલ્યું કે હેકરોએ સર્વર પર કાબૂ મેળવીને ખૂબ જ ઝડપથી આ નાણાં વગે કરી દીધા હતા. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક સાયબર સેલના રાષ્ટ્રીય પોર્ટલ પર જાણ કરવામાં આવી હતી અને ત્યારબાદ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ કેસમાં સંડોવાયેલા શંકાસ્પદ બેંક ખાતાઓની ડિજિટલ વિગતો મેળવીને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી છે.

### સયાજીગંજ હુમલાખોરો તીક્ષ્ણ હથિયારથી હુમલો

## વડોદરા તકરાર હુમલો દહેશત વ્યાપી, ક્રિકેટ મુદ્દે ઝઘડો થતા લોહીયાળ જંગ

(એજન્સી) વડોદરા । તા. 25

સંસ્કારી નગરી વડોદરાના મધ્યમાં આવેલા અત્યંત વ્યસ્ત અને સંવેદનશીલ એવા સયાજીગંજ વિસ્તારમાં મોડી રાત્રે ક્રિકેટ રમવાની સામાન્ય બાબતમાંથી શરૂ થયેલી તકરારે ભયાનક સ્વરૂપ ધારણ કરતાં આખી રાત ભારે સન્નાટો અને ખળભળાટ મચી ગયો છે. બપોરના સમયે શેરીમાં ક્રિકેટ રમતી વખતે ઊભી થયેલી માથાકૂટનો ખાર રાખીને એક સ્થાનિક માથાભારે અસામાજિક તત્વ અને તેના સાગરીતોએ રાત્રિના સમયે શ્રમજીવી યુવક અને તેના નિર્દોષ મિત્રો પર તીક્ષ્ણ તથા ધારદાર હથિયારો વડે હિચકારો હુમલો કરી દીધો હતો. આ લોહિયાળ ઘટનામાં ચાર યુવકો લોહીલુહાણ થઈ જતાં તેમને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે સયાજીગંજ પોલીસ મથકના ઉચ્ચ અધિકારીઓ અને ટીમે ગુનો નોંધીને તમામ હુમલાખોરોને પકડી પાડવા કાનૂની ચક્ર ગતિમાન કર્યા છે.

પોલીસ દફતરે નોંધાયેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, સયાજીગંજ વિસ્તારમાં આવેલી પરશુરામ ભઠ્ઠા પાસેની નટરાજ ટાઉનશીપમાં નિવાસ કરતા અને શહેરના ડેરી ડેન સર્કલ નજીક ખાણીપીણીની લારી પર મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ધર્મેશ માળી નામના યુવકે સયાજીગંજ પોલીસ મથકમાં આ સમગ્ર આપવીતી વર્ણવી છે.

ધર્મેશે આપેલી વિગતો મુજબ, ગઈકાલે બપોરે આશરે ત્રણથી સાડા ત્રણ વાગ્યાના સુમારે તે પોતાના મહોલ્લાના નાના બાળકો અને સ્થાનિક યુવકો સાથે ઘર પાસે ખુલ્લામાં ક્રિકેટ રમી રહ્યો હતો. તે જ સમયે તેમના જ વિસ્તારમાં રહેતો અલ્તાફ નામનો શખ્સ પોતાની એક્ટિવા લઈને ત્યાં આવી પહોંચ્યો હતો અને રસ્તાની વચ્ચોવચ વાહન ઊભું રાખીને અચાનક રમવાની ના પાડીને ગાળાગાળી કરવા લાગ્યો હતો. તે સમયે ધર્મેશે ડહાપણ વાપરીને ઝઘડો ન વધારવાના આશયથી શાંતિથી રમત બંધ કરી પોતાના ઘરે જવાનું પસંદ કર્યું હતું.

### સરગવાના વેપારમાં કૂલ પંદર લાખથી વધુની ઠગાઈ

## વડોદરાના વેપારી સાથે સાડા સાત લાખની છેતરપિંડી

(એજન્સી) વડોદરા । તા. 25

શહેર નજીક આવેલા કોયલી ગામના શાકભાજીના એક જાણીતા વેપારી સાથે પશ્ચિમ બંગાળના ઠગ વેપારીએ વિશ્વાસઘાત કરીને રૂ. ૭.૭૭ લાખની મતા ઓળવી જવાની ગંભીર ઘટના સામે આવી છે. સરગવાના માલનો જથ્થો ખરીદ્યા બાદ પૂરતું પેમેન્ટ ન ચૂકવીને છેતરપિંડી આચરવામાં આવતા આ અંગે જવાહરનગર પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે, જેના આધારે પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે.

કોયલી ગામે રહેતા અને સરગવાના વ્યવસાય સાથે સંકળાયેલા મફતભાઈ ચૌહાણ છેલ્લા સાત વર્ષથી પશ્ચિમ બંગાળના હાવડા ખાતે શાકમાર્કેટમાં દુકાન ધરાવતા કાતક ચંદ્રદાસ સાથે સંપૂર્ણ વિશ્વાસના આધારે ટેલિફોનિક ઓર્ડરથી વેપાર કરતા હતા. આ સમયગાળા દરમિયાન તેમના મુનિમ સાથે જ તમામ વ્યવહારો થતા હતા અને ભૂતકાળમાં નાણાકીય લેવડદેવડ સમયસર થતી હોવાથી વેપારી સંબંધો અત્યંત ગાઢ બન્યા હતા. ગત ૨૪ ડિસેમ્બર ૨૦૨૫થી ૯ માર્ચ



૨૦૨૬ દરમિયાન મફતભાઈએ પૂરા વિશ્વાસ સાથે રૂ. ૧૫,૯૪,૫૯૪ની કિંમતનો સરગવાનો માલ સપ્લાય કર્યો હતો. તેના બદલામાં સામે પક્ષે બેંક મારફતે એટીએમ ડિપોઝિટ દ્વારા રૂ. ૮.૧૭ લાખ ચૂકવી આપ્યા હતા, પરંતુ બાકી નીકળતી રૂ. ૭,૭૭,૫૯૪ની રકમ અટકાવી રાખી હતી. જ્યારે ફરિયાદીએ પોતાની કાયદેસરની બાકી રકમની કડક માંગણી કરી, ત્યારે આરોપીઓએ ખોટા બહાના બતાવી સમય પસાર કર્યો હતો અને અંતે નાણાં આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશો તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.

**મિથુન : ક. છ. ઘ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો.

**કર્ક : ડ. હ.**

અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો.

**સિંહ : મ. ટ.**

તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો.

**કન્યા : પ. ઠ. ણ.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**તુલા : ર. ત.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**વૃશ્ચિક : ન. ય.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સાબિત થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે.

**મકર : ખ. જ.**

મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે.

## જમ્મુ-કાશ્મીરના કટરા ખાતે વૈષ્ણોદેવી મંદિરમાં ૭૦ કિલો પંચધાતુના શ્રીયંત્રની શાસ્ત્રોક્ત વિધિથી સ્થાપના સંપન્ન કરાઈ

# વૈષ્ણોદેવી ધામમાં અંબાજી મંદિર ટ્રસ્ટ અને જય ભોલે ગ્રુપ દ્વારા ૫૧ શક્તિપીઠોની પવિત્ર માટી તેમજ પંચધાતુના શ્રીયંત્રનું વિધિવત્ પ્રતિષ્ઠાપન કરાયું

પાલનપુર: ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ટ્રસ્ટના સહયોગથી અને અમદાવાદના જય ભોલે ગ્રુપના સંયુક્ત ઉપક્રમે જમ્મુ-કાશ્મીર સ્થિત પવિત્ર યાત્રાધામ માતા વૈષ્ણોદેવીના દરબારમાં પંચધાતુમાંથી નિર્મિત ભવ્ય શ્રીયંત્ર તેમજ દેશની ૫૧ શક્તિપીઠોની પાવન માટીમાંથી તૈયાર કરાયેલા વિશિષ્ટ શ્રીયંત્રનું શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવામાં આવ્યું છે. વૈષ્ણોદેવી મંદિરના મુખ્ય પૂજારીશ્રીના સાનિધ્યમાં વૈદિક મંત્રોચ્ચાર અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે બંને શ્રીયંત્રોનું ગર્ભગૃહમાં પ્રતિષ્ઠાપન સંપન્ન થયું હતું, જેના પગલે સમગ્ર પવિત્ર પરિસરમાં અલૌકિક આધ્યાત્મિક ઊર્જાનો સંચાર થયો હતો. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને અંબાજી ટ્રસ્ટના ચેરમેન શ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, અંબાજી મંદિર ટ્રસ્ટના સહયોગથી જય ભોલે ગ્રુપ દ્વારા અંદાજિત ૭૦ કિલો પંચધાતુમાંથી બનેલું પવિત્ર શ્રીયંત્ર વૈષ્ણોદેવી માતાના ચરણોમાં અર્પણ કરી તેનું મુખ્ય પૂજારીશ્રીની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠાપન કરવામાં આવ્યું





છે. આ ધાર્મિક કાર્યને સફળ બનાવવા બદલ તેમણે અંબાજી મંદિર ટ્રસ્ટ વતી જય ભોલે ગ્રુપ અમદાવાદ, દીપેશભાઈ અને તેમની સંપૂર્ણ ટીમ તેમજ શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ પ્રશાસનનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર આયોજનનું મુખ્ય કેન્દ્રબિંદુ દેશભરની ૫૧ શક્તિપીઠોમાંથી એકત્રિત કરાયેલી પવિત્ર માટીમાંથી કંડારાયેલું વિશિષ્ટ શ્રીયંત્ર રહ્યું હતું. પૌરાણિક માન્યતા મુજબ જ્યાં-જ્યાં માતા સતીના અંગો પડ્યા હતા તે તમામ શક્તિધામોની સામૂહિક ચૈતન્ય ઊર્જાને આ એક જ યંત્રમાં સમાવિષ્ટ કરવામાં આવી છે, જે ભારતની પ્રાચીન શક્તિ-ઉપાસના પરંપરાને એક તાંતણે બાંધતું અજોડ પ્રતીક છે. આ સાથે માતા ત્રિપુરસુંદરીની સાધનાના પ્રતીક સમાન પંચધાતુનું શ્રીયંત્ર પણ અર્પણ કરાયું હતું. આ બંને યંત્રોને શારદીય નવરાત્રિના પ્રથમ દિવસે દક્ષિણ ભારતના ઐતિહાસિક શ્રી શૃંગેરી શારદા પીઠમ્ ખાતે પરમ પૂજ્ય જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શ્રી વિધુશેખર ભારતી મહાસ્વામીજીના કરકમળો દ્વારા વિધિવત્ પૂજિત કરાવી તેમના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. ગુજરાતનું આદ્યશક્તિ ધામ અંબાજી અને જમ્મુ-કાશ્મીરનું વૈષ્ણોદેવી ધામ દેશના કરોડો શ્રદ્ધાળુઓ માટે પરમ આસ્થાનાં કેન્દ્રો છે. આ ભગીરથ પહેલ થકી બંને પવિત્ર શક્તિધામો વચ્ચે ભક્તિ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય એકતાનો અનોખો સેતુ રચાયો છે. ૫૧ શક્તિપીઠોની માટીના એકત્રીકરણથી લઈને કટરા ખાતે વૈષ્ણોદેવીના ચરણોમાં વિધિવત્ સ્થાપના સુધીની આ સફર જય ભોલે ગ્રુપની ધર્મનિષ્ઠા, સમર્પણ અને સનાતન સંસ્કૃતિ પ્રત્યેની અડગ શ્રદ્ધાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી છે.

## PMના પ્રવાસને ધ્યાને રાખી નાંણી એરફોર્સ સ્ટેશન આસપાસ ૮ કિ.મી. વિસ્તાર "નો ફ્લાય ઝોન" જાહેર

થરાદ : આગામી તારીખ ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકા સ્થિત નાંણી એરફોર્સ સ્ટેશન ખાતે વિમાન મારફતે ઉતરાણ કરનાર છે અને ત્યાંથી તેઓશ્રી હેલિકોપ્ટર મારફત ભીલડી ખાતે જનાર છે. વડાપ્રધાનશ્રી "ઝેડ પ્લસ + એસપીજી" સુરક્ષા કવચ ધરાવતા હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ કલ્પેશ કુમાર શર્મા, IAS, ઈન્ચાર્જ જિલ્લા મેજિસ્ટ્રેટ, વાવ-થરાદ દ્વારા આ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે. આ જાહેરનામાં મુજબ લાખણી તાલુકાના નાંણી એરફોર્સ સ્ટેશનના સમગ્ર વિસ્તારને તેમજ તેની આસપાસના ૮ (આઠ) કિલોમીટરના ઘેરાવા સુધીના વિસ્તારને તારીખ ૨૯/૧૦/૨૦૨૬ ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૩૦/૧૦/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી "નો ફ્લાય ઝોન" તરીકે જાહેર કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન સંબંધિત સમગ્ર વિસ્તારમાં કોઈપણ પ્રકારના ડ્રોન, રિમોટ કંટ્રોલ્ડ ઉપકરણો કે અન્ય એરો સ્પોર્ટ્સ સાધનોના ઉડ્ડયન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ જાહેરનામાના કોઈપણ નિયમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની શિક્ષાને પાત્ર બનશે. વધુમાં, આ હુકમનું ઉલ્લંઘન કરનારા ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે વાવ-થરાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેમનાથી ઉપરી હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

## શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફૂલોનો દિવ્ય શણગાર

નરેન્દ્ર દવે સારંગપુર તા.25.

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તા.25-10-2026ને રવિવાર ના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને સફેદ ગુલાબ વિગેરે ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો દાદાને ઘારીનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સવારે 5:45 કલાકે આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. અનેક ભક્તો દ્વારા દાદાને ધજા ચઢાવાઈ હતી.મંદિર પરિસર માં મારુતિ યજ્ઞનું આયોજન કારવમાં આવ્યું હતું. આ દર્શન અને મહા પ્રસાદનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.



## શરદપૂર્ણીમા નિમિત્તે ચાણસ્મા પોલિશ લાઈનમાં આવેલ માતાજીના મંદિરે હવન યોજાયો

શરદપૂર્ણિમા ના દિવસે હોમ હવન સાથે માતાજીના ફુલોના તાંબાના માટીના ગરબા સાથે માઈભક્તો દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે શરદપૂર્ણિમાના દિવસે ચાણસ્મા પોલિશ પરીવાર દ્વારા પોલિશ લાઇનમાં આવેલ માતાજીના સાનિધ્યમાં હવનનું આયોજન કરવામાં આવ્યું હતું . ઉલ્લેખનીય છે કે નવરાત્રી નિમિત્તે આસો સુદ-૧૫ (પૂનમ ) ના રોજ માતાજીનો હવન કરી વર્ષોથી ધાર્મિક પરંપરા જાળવી રાખવામાં આવે છે હવનના યજમાનપદે પીઆઇ જિજ્ઞેશ ભાઈ પટેલ અને તેમના પત્ની ત્થા સહ યજમાનપદે ટાઉન જમાદાર ચેનું ભા અને તેમના ધર્મપત્ની સાથે બિરાજમાન થઈ ધન્યતા અનુભવી હતી જ્યારે વૈદિક મંત્રોરચાર સાથે પ્રહલાદભાઈ શાસ્ત્રી અને ભૂદેવો દ્વારા યજ્ઞવિધિ સંમ્પન્ન કરાવાઈ હતી પોલિશ અધિકારી જિગ્નેશભાઈ પટેલ ના માર્ગદર્શન નીચે હવન નું સુંદર આયોજન કરાયું હતું



### ગરબાના તાલે ઝૂમી શરદ પૂનમની રાતને યાદગાર બનાવી

## જૂનાગઢ શ્રી મારૂ કંસારા મહિલા મંડળ દ્વારા શરદ રાસોત્સવની ભવ્ય ઉજવણી



મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી મારૂ કંસારા મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા શરદ પૂનમના પાવન પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૪/૧૦/૨૦૨૫, શનિવારના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યે દામોદર કુંડના પટાંગણમાં ભવ્ય સસંગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જ્ઞાતિના બહોળી સંખ્યામાં ભાઈઓ, બહેનો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ ગરબાના તાલે ઝૂમી શરદ પૂનમની રાતને યાદગાર બનાવી હતી. સમગ્ર વાતાવરણ કૃષ્ણમય અને આનંદ-ઉલ્લાસભર્યું બની ગયું હતું.

આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વેલ ડ્રેસ સ્પર્ધામાં પલ્લવીબેન નિલેશભાઈ મેવચાને પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હતું, જ્યારે તલવારબાજી સ્પર્ધામાં જસરાજ મેવચાને પ્રથમ ઈનામ મેળવી સૌના દિલ જીતી લીધા હતા. વિજેતાઓને ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શ્રી મારૂ કંસારા મહિલા મંડળના પ્રમુખ સોનલબેન છત્રાળા, ઉપપ્રમુખ પૂર્ણાબેન હેડાવ અને મંત્રી મીનાબેન સોલંકી તેમજ કારોબારી સભ્યોની જહેમતથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે સૌ માટે અલ્પાહારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે મહિલા મંડળે સૌ જ્ઞાતિબંધુઓનો સાથ-સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# વડાપ્રધાન મોદી ભીલડી ખાતેથી બનાસ ડેરીના રૂ.૩૨૫ કરોડના આધુનિક પશુ સંવર્ધન કેન્દ્રનું લોકાર્પણ કરશે

પાલનપુર : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦મી ઓક્ટોબર ૨૦૨૬, શુક્રવારના રોજ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી બનાસ ડેરીના પાંચ મોટા વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ભીલડી ખાતે ૧૨૭ એકર જમીનમાં રૂ. ૩૨૫ કરોડના ખર્ચે તૈયાર થયેલું અત્યાધુનિક 'ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' (BBBRC) દેશના પશુપાલકોને અર્પણ કરશે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ટેકનિકલ માર્ગદર્શન અને કેન્દ્ર સરકારના 'રાષ્ટ્રીય ગોકુળ મિશન'ની મદદથી આકાર પામેલું આ કેન્દ્ર પશુઓની ઓલાદ સુધારવામાં અને ડેરી વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માહિતી આપતા જણાવ્યું કે, આ કેન્દ્રમાં પશુઓ માટે ટેસ્ટટ્યૂબ બેબી જેવી આધુનિક પ્રજનન પદ્ધતિઓ (OPU-IVF) અને ગર્ભ પ્રત્યારોપણ જેવી અદ્યતન વૈજ્ઞાનિક તકનીકોનો ઉપયોગ કરવામાં આવશે. સામાન્ય રીતે ઉત્તમ ઓલાદની ગાય આખા વર્ષમાં માત્ર એક જ વાછરડું આપે છે, પરંતુ આ નવી ટેક્નોલોજીની મદદથી શ્રેષ્ઠ ગાયમાંથી એક વર્ષમાં ઘણા બધા વાછરડાં મેળવી શકાશે. આ કેન્દ્રમાં દર વર્ષે ૨૫,૦૦૦ ઉત્તમ એમ્બ્રિયો તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેથી આવનારી દરેક નવી પેઢીનાં પશુઓ અગાઉ કરતાં વધુ દૂધ આપવાની તાકાત ધરાવતાં થશે.

તેમણે જણાવ્યું કે, આજે ઘાસચારાની ઘટતી જગ્યા અને પશુઓના વધતા ખર્ચ વચ્ચે આ કેન્દ્રનો મુખ્ય વિચાર 'ઉત્તમ પશુ, વધુ ગુણવત્તાવાળાં પશુ અને વધુ દૂધ' મેળવવાનો છે. ભીલડી કેન્દ્ર ખાતે આપણી કાંકરેજ, ગીર, સાહીવાલ અને થારપારકર જેવી શ્રેષ્ઠ દેશી ગાયો તેમજ મહેસાણી, બન્ની, જાફરાબાદી અને મુર્રાહ જેવી ઉત્તમ ભેંસોની ઓલાદ સુધારવામાં આવશે. પશુઓની જાત સુધરવાથી દરેક પશુમાંથી રોજેરોજ વધુ દૂધ મળશે, જેથી પશુપાલન માત્ર ગુજરાન ચલાવવાનું સાધન ન રહેતાં વધુ નફો કરાવતો વ્યવસાય બનશે.

આ કેન્દ્રનો સીધો લાભ ગામડાંના નાના પશુપાલકો અને ડેરીના કામમાં ૭૦ ટકા ફાળો આપતી ગ્રામીણ બહેનો સુધી પહોંચશે. ભીલડી ખાતે ઉછરેલા રોગ વગરના અને ઉત્તમ ઓલાદના સાંઢ, ગુણવત્તાવાળું સીમેન અને સસ્તા દરે સારા ગર્ભ પશુપાલકોના ઘરઆંગણે પહોંચાડવામાં આવશે. તેનાથી પશુપાલકોનો દૂધ ઉત્પાદન ખર્ચ ઘટશે, દૂધમાં ફેટનું પ્રમાણ વધશે અને પરિણામે ગામડાંના પશુપાલક પરિવારોની આવકમાં નોંધપાત્ર વધારો થશે.

## નર્મદા: તિલકવાડાના ગોલા તલાવડી પાસે અજાણ્યા વાહનની ટક્કરે દીપડાનું મોત, વન વિભાગે તપાસ હાથ ધરી

નર્મદા : નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ગોલા તલાવડી ગામ નજીક રસ્તો ઓળંગી રહેલા એક દીપડાને કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતાં દીપડાનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, તિલકવાડા નજીકના ગોલા તલાવડી ગામ પાસેથી પસાર થતા માર્ગ પર દીપડો રસ્તો ઓળંગી રહ્યો હતો. આ દમિયાન પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને દીપડાને અડફેટે લેતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું નીપજ્યું હતું. અકસ્માત સર્જીને વાહનચાલક વાહન સાથે ભાગી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને વન્યજીવ પ્રેમીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### રાજપીપલા કોર્ટ નો ઐતિહાસિક ચુકાદો

## ગેંગ રેપના એક આરોપીને જીવનના અંતિમ શ્વાસ સુધી આજીવન કેદ ની સજા

રાજપીપલા : નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે ગેંગ રેપના આરોપીને કોર્ટે જીવનના અંતિમ શ્વાસ સુધીની આજીવન કારાવાસની સજા જ્યારે અન્ય 2 આરોપીઓને 20 - 20 વર્ષની સજા ફટકારતો ચુકાદો આપતા ચકચાર મચી જવા પામી છે . કેસની વિગત મુજબ છઠ્ઠી મે, 2024 ના રોજ સગીરા પોતાના પરિવાર સાથે લગ્નપ્રસંગે ગઈ હતી.એ દરમિયાન સગીરા કુદરતી હાજતે ગઈ હતી એ દરમિયાન અક્કલકુવા મહારાષ્ટ્રના દિવ્યેશ મોહન પાડવી, કિરણ નેહરુ પાડવી તથા બાદલ સુનિલ પાડવીએ સગીરાનું બળજબરી પૂર્વકે અપહરણ કરી એકાંતમાં ખેંચી ગયા હતા. તે સમયે દિવ્યેશ મોહન પાડવીએ સગીરાનું મોઢું દબાવી રાખ્યું હતું જ્યારે કિરણ નેહરુ પાડવીએ સગીરાના હાથ પકડી રાખ્યા હતા અને બાદલ સુનિલ પાડવીએ સગીરાની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો, સાથે સાથે આ ત્રણેવ લોકોએ સગીરાને મારી નાખવાની ધમકી પણ આપી હતી.આ ઘટના બાદ આ ત્રણેવ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો.તપાસ પૂર્ણ થયા બાદ કેસ અદાલતમાં ચાલી ગયો હતો.સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે.ગોહિલની દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને નર્મદા જિલ્લાના નામદાર એડિશનલ સેશન્સ જજ કે.આર. પંડ્યાની અદાલતે મુખ્ય આરોપી બાદલ સુનીલ પાડવીને જીવનના છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદની સજા તથા રૂ. 10,000નો દંડ ફટકાર્યો છે.જ્યારે અન્ય બે આરોપીઓ કિરણ નેહરુ પાડવી અને દિવ્યેશ મોહન ચૌધરીને 20-20 વર્ષની સખત કેદ તથા રૂ.10,000ના દંડની સજા ફટકારતા ગુન્હાખોરી ની આલમ માં સોપો પડી જવા પામ્યો છે .

### 'મન કી બાત'

## 'મન કી બાત'થી જનજન સુધી સંવાદનો સેતુ : કાદીયા મોટામાં 139મા એપિસોડનું શ્રવણ



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના 139મા એપિસોડનું તા. 25 ઓક્ટોબર, 2026ના રોજ કાદીયા મોટા ખાતે શ્રવણ કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના સદસ્ય શ્રી ઈલિયાસભાઈ પિજારાના નિવાસસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી શ્રી ગુલામ હુસેન બારાચ તથા તાલુકા મહામંત્રી શ્રી મુસ્તાકભાઈ ઘાચી ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી શ્રી ગુલામ હુસેન બારાચે માહિતી આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશવાસીઓ સાથે સંવાદ સાધવામાં આવે છે. આ કાર્યક્રમના માધ્યમથી દેશના વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા પ્રેરણાદાયી કાર્યો, સામાજિક પ્રવૃત્તિઓ અને જનભાગીદારીનાં ઉદાહરણો લોકો સુધી પહોંચે છે.આ કાર્યક્રમના શ્રવણ થકી રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી વિવિધ પહેલો અને પ્રેરણાદાયી વિચારો સાથે જોડાવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

### પશુપાલન અને વેટરનરી વિજ્ઞાનનું જ્ઞાન સામાન્ય પશુપાલક સુધી તેની લોકભાષામાં પહોંચે તે અનિવાર્ય છે :- અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

# વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'કરન્ટ એડવાન્સીસ ઇન એનિમલ ઇમ્પ્રૂવમેન્ટ' રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

પાલનપુર: ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને આજરોજ દાંતીવાડા ખાતે "કરન્ટ એડવાન્સીસ ઇન એનિમલ ઇમ્પ્રૂવમેન્ટ" વિષય પર રાષ્ટ્રીય સેમિનાર અને એલ્યુમિનાઈ મીટનું આયોજન કરાયું હતું. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના પ્રો.વી. આર.મહેતા ઓડિટોરિયમ ખાતે કામધેનુ યુનિવર્સિટીના વેટરનરી કોલેજના એનિમલ જેનેટિક્સ એન્ડ બ્રીડિંગ વિભાગ, વેટ્સ એલ્યુમિનાઈ એસોસિએશન સરદારકૃષિનગર (VAAS) અને બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વેટરનરી અને કૃષિ વિજ્ઞાનનું જ્ઞાન માત્ર પુસ્તકો કે અંગ્રેજી ભાષા પૂરતું સીમિત ન રહેતાં ગામડાંના છેવાડાના પશુપાલક સુધી તેની પોતાની બોલીમાં પહોંચવું જોઈએ. ડેન્માર્ક, નેધરલેન્ડ્સ, ઇઝરાયેલ અને ચીન જેવા દેશો પોતાની માતૃભાષામાં વિજ્ઞાનનો વિકાસ કરીને સામાન્ય જનજીવન સુધી લઈ જવામાં સફળ રહ્યા છે. ભારતમાં પણ જ્યારે વેટરનરી વિજ્ઞાનની આધુનિક માહિતી



સ્થાનિક ભાષામાં પશુપાલકો સુધી પહોંચશે, ત્યારે તેની વાસ્તવિક અસરકારકતા અને પરિણામોમાં અનેકગણો વધારો જોવા મળશે.પશુ સંવેદના, કાઉ કમ્ફર્ટ અને દેશી જિનેટિક્સના મહત્વ પર પ્રકાશ પાડતાં અધ્યક્ષશ્રીએ પોતાના બ્રાઝિલ પ્રવાસનો સંસ્મરણ ટાંક્યા હતા કે, દાયકાઓ પહેલાં ભારતમાંથી ગયેલી કાંકરેજ ગાયો આજે પણ પરંપરાગત 'ડચકારા'ના અવાજને ઓળખીને દોડી આવે છે, જે સાબિત કરે છે કે દેશી નસ્લના જિન્સમાં અદ્ભુત યાદશક્તિ સંગ્રહાયેલી હોય છે. તેમણે જણાવ્યું કે, પશુઓને માત્ર દૂધ, ફેટ કે નફાના માધ્યમ તરીકે ન જોતાં તેમની લાગણીઓ અને માનસિક શાંતિ (કાઉ કમ્ફર્ટ)નું પણ ધ્યાન રાખવું જોઈએ. પોતાના ફાર્મના પ્રયોગનો સંદર્ભ આપતાં તેમણે જણાવ્યું કે ગાયોને બંધિયાર રાખવાને બદલે મુક્ત રીતે ચરવા દેવાથી તેમની પાચનપ્રક્રિયા સુધરે છે અને દૂધ ઉત્પાદનમાં આપોઆપ ૮૦૦ થી ૯૦૦ ગ્રામનો વધારો નોંધાયો હતો, જે દર્શાવે છે કે વૈજ્ઞાનિક સંશોધનોમાં પ્રાણીઓની સંવેદનાનો સમાવેશ કરવો અનિવાર્ય છે.ગાયને સમગ્ર પ્રકૃતિ અને પર્યાવરણનો પાયો ગણાવતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, જેમ સમગ્ર બ્રહ્માંડમાં ઊર્જાનો મુખ્ય સ્ત્રોત સૂર્ય છે, તેમ જમીનની તંદુરસ્તી અને પોષક તત્વોનો મૂળ આધાર ગાય છે. ગાયનું છાણ અને ગૌમૂત્ર જમીનની ગુણવત્તા જાળવવા માટે અતિ મૂલ્યવાન છે. તેમણે દેશી ગાયના ગૌમૂત્રમાંથી પાવડર બનાવી તેમાંથી ૩૦ ટકા કુદરતી પોટાશ મેળવવામાં મળેલી સફળતાની વિગતો આપતાં જણાવ્યું કે, જે પોટાશ આપણે મોંઘા ભાવે વિદેશમાંથી આયાત કરવો પડે છે તે ગૌમૂત્ર દ્વારા દેશમાં જ ઉપલબ્ધ થઈ શકે તેમ છે. આ દિશામાં સંશોધનો આગળ વધારીને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડી શકાય છે અને ધરતી માતાનું સ્વાસ્થ્ય પણ સુધારી શકાય છે. બનાસ ડેરીના દેશવ્યાપી વિકાસ અને વેટરનરી ક્ષેત્રે ઊભી થતી નવી તકો અંગે અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, બનાસ ડેરીનું કાર્યક્ષેત્ર હવે ઉત્તર પ્રદેશ, ઓડિશા, ઝારખંડ, તેલંગાણા અને રાજસ્થાન જેવા રાજ્યોમાં વિસ્તરી રહ્યું છે. એકલા ઉત્તર પ્રદેશના ૨૭ હજારથી વધુ ગામોમાં બનાસ ડેરી પહોંચી છે, જ્યાં ૧.૩૦ કરોડથી વધુ ભેંસોની વસ્તી છે. સહકારી માળખા થકી છેવાડાના ગામો સુધી પશુ આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે ચાલુ વર્ષે ૫૦ થી વધુ અને આગામી સમયમાં દર વર્ષે ૧૦૦ થી ૨૦૦ નવા વેટરનરી ડોક્ટરોની જરૂરિયાત ઊભી થશે. બનાસ ડેરી જાપાનીઝ 'ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ' (TQM), કાઈઝન અને ભારતીય માનવીય મૂલ્યોના સમન્વયથી એક અનોખી કાર્યસંસ્કૃતિ બનાવી રહી છે, જેના કારણે સિવિલ સર્વિસ અને ભારતીય સેનાના નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓ પણ બનાસ સાથે જોડાઈ રહ્યા છે. સાથોસાથ સંસ્થા દ્વારા માનવ કલ્યાણ અર્થે ગર્ભસંસ્કાર જેવા સામાજિક આયામો પણ અમલી બનાવાયા છે.

## રોકાણકારોના 30 લાખ કરોડ રૂપિયાનું આંધણ, 5 કારણોથી માર્કેટની પથારી ફરી

# વર્ષ 2026 શેરબજાર માટે કાળ સમાન!

(એજન્સી) નવી દિલ્હી | તા.25

વર્ષ 2026 ભારતીય શેરબજાર માટે અત્યંત નિરાશાજનક રહ્યું છે, જ્યાં રોકાણકારોના 30 લાખ કરોડનું ધોવાણ થયું છે. જાન્યુઆરીમાં ઐતિહાસિક તેજી બાદ, વિદેશી રોકાણકારોની આક્રમક વેચવાલી અને વૈશ્વિક તણાવને કારણે સેન્સેક્સ 12,000થી વધુ પોઈન્ટ તૂટ્યો છે. ક્રૂડના ઊંચા ભાવ, રૂપિયાનું ધોવાણ અને US બજારનું આકર્ષણ મુખ્ય કારણો છે. વર્ષ 2026 ભારતીય શેરબજારના ઈતિહાસમાં અત્યંત નિરાશાજનક વર્ષ તરીકે નોંધાઈ રહ્યું છે. વર્ષની શરૂઆતમાં જે બજારે રોકાણકારોને નવી ઊંચાઈઓ બતાવી હતી, તે જ બજારે અત્યાર સુધીમાં રોકાણકારોની મૂડીમાંથી અંદાજે 30 લાખ કરોડનો સફાયો કરી નાખ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત મોટા ઘટાડા થયા છે. સેન્સેક્સ તો તેના સર્વોચ્ચ શિખરેથી 15% એટલે કે 12,000 પોઈન્ટથી વધુ તૂટી ચૂક્યો છે. ભારતીય શેરબજાર માટે 2026ની શરૂઆત અત્યંત શાનદાર રહી હતી. 2 જાન્યુઆરી, 2026ના રોજ નિફ્ટીએ 26,340નો રેકોર્ડ હાઈ બનાવ્યો હતો, જ્યારે BSE સેન્સેક્સ 85,762ની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો હતો. તે સમયે BSE લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ 481 લાખ કરોડના વિક્રમી




સ્તરે હતું. આ તેજી લાંબો સમય ટકી શકી નહીં. છેલ્લા દસ મહિનામાં બજારમાં સતત વેચવાલીનું દબાણ જોવા મળ્યું છે. હાલમાં નિફ્ટી 3,700 પોઈન્ટ(14.16%) ગગડીને 22,600ના સ્તરે આવી ગયો છે. સેન્સેક્સ પણ 12,600 પોઈન્ટ(14.74%)ના જંગી ઘટાડા સાથે 73,123.83 પર ટ્રેડ કરી રહ્યો છે. આ ભયંકર કડાકાને કારણે BSEનું માર્કેટ કેપ 481 લાખ કરોડથી ઘટીને 451 લાખ કરોડ થઈ ગયું છે, જે રોકાણકારોની મૂડીમાં 30 લાખ કરોડનું ધોવાણ દર્શાવે છે. બજારને નીચે લાવવામાં સૌથી મોટો ફાળો વિદેશી રોકાણકારોનો રહ્યો છે. 2026ના વર્ષમાં FII દ્વારા ભારતીય બજારોમાંથી વિક્રમજનક મૂડી પાછી ખેંચવામાં આવી છે.વર્ષ 2025ની સરખામણીમાં આ વર્ષે વિદેશી રોકાણકારોએ ત્રણ ગણી વધુ રકમ ઉપાડી લીધી છે, અને હજુ વર્ષ પૂરું થવામાં બે મહિના બાકી છે.23 ઑક્ટોબર, 2026 સુધીના ડેટા પર નજર કરીએ તો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ આશરે 4.57 લાખ કરોડનું જંગી ચોખ્ખું વેચાણ કર્યું છે.માત્ર ઑક્ટોબર મહિનામાં જ FII દ્વારા 52,353 કરોડના શેર વેચવામાં આવ્યા છે.NSEના આંકડા મુજબ, 22 ઑક્ટોબરે એક જ દિવસમાં વિદેશી રોકાણકારોએ 3,459 કરોડનું વેચાણ કરીને બજાર પર દબાણ વધાર્યું હતું.

બજારમાં સતત ઘટાડા પાછળનાં 5 મુખ્ય કારણો

**ક્રૂડ ઓઈલના ભડકે બળતા ભાવ:** શેરબજાર માટે સૌથી મોટું જોખમ ક્રૂડ ઓઈલની કિંમતો છે. લાંબા સમયથી ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ $100ની સપાટીથી ઉપર ટકી રહ્યું છે. 23 ઑક્ટોબરના રોજ બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ઉછળીને $116 પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો, જેનાથી ભારત જેવા ક્રૂડ આયાતકાર દેશના અર્થતંત્ર પર મોટું દબાણ આવ્યું છે.

**વૈશ્વિક ભૌગોલિક તણાવ:** મધ્ય-પૂર્વ અને યુરોપની અશાંતિએ વૈશ્વિક સપ્લાય ચેઈનને ખોરવી નાખી છે. ઈરાન યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ (Hormuz Strait) લાંબા સમયથી બંધ છે. આ ઉપરાંત, હુથી બળવાખોરોના સાઉદી અરેબિયા અને લાલ સમુદ્ર (Red Sea) માં વ્યાપારી જહાજો પર સતત હુમલાઓના કારણે વૈશ્વિક વેપાર માર્ગો બંધ થયા છે. રશિયા-યુક્રેન યુદ્ધ પણ હજુ શાંત થવાના કોઈ આસાર નથી, જે વૈશ્વિક અનિશ્ચિતતામાં વધારો કરે છે.

**રૂપિયાનું ઐતિહાસિક ધોવાણ:** અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. જાન્યુઆરી 2026માં જે રૂપિયો ડોલર સામે 90ના સ્તરે હતો, તે આજે 95ની નજીક પહોંચી ગયો છે. થોડા દિવસો પહેલા જ તેણે 97ની સપાટી પણ સ્પર્શી લીધી હતી. નબળો રૂપિયો વિદેશી રોકાણકારોના વળતરને ઘટાડે છે, જેથી તેઓ વેચવાલી કરે છે.

**યુએસ માર્કેટનું આકર્ષણ:** ભારતીય બજારોની સરખામણીમાં યુએસ અને અન્ય વિકસિત બજારો વધુ સારું અને સુરક્ષિત વળતર આપી રહ્યા છે. આ જ કારણસર વિદેશી ફંડો ભારતીય બજારમાંથી નાણાં ઉપાડીને અમેરિકન બજારોમાં રોકાણ કરી રહ્યા છે.

**યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડમાં ઉછાળો:** અમેરિકામાં ટ્રેઝરી બોન્ડ યીલ્ડ 5%થી ઉપરના વિક્રમી સ્તરે પહોંચી ગઈ છે. જ્યારે બોન્ડ માર્કેટમાં આટલું ઊંચું અને સુરક્ષિત વળતર મળતું હોય, ત્યારે રોકાણકારો જોખમી ગણાતા ઈમર્જિંગ ઈક્વિટી માર્કેટ્સ (જેમ કે ભારત)માંથી રોકાણ પાછું ખેંચીને બોન્ડ્સમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરે છે.

## SEBI બોલાવશે સપાટો

## નાના રોકાણકારોને થશે મોટો ફાયદો, ટ્રેડિંગ ટર્મિનલનો દુરુપયોગ સામે સકંજો કસશે



(એજન્સી) નવી દિલ્હી | તા.25

શેરબજારમાં ટ્રેડિંગ કરતા રોકાણકારો અને સ્ટોક બ્રોકરો માટે મહત્ત્વના ફેરફારની તૈયારી થઈ રહી છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (SEBI) ટ્રેડિંગ ટર્મિનલના દુરુપયોગને રોકવા માટે નવું માળખું તૈયાર કરી રહ્યું છે. આ ઉપરાંત, નાના અને મોટા બ્રોકરો માટે તેમના કદ અને જોખમ પ્રમાણે અલગ નિયમો લાગુ કરવા, શોર્ટ સેલિંગ અને શેર ઉધાર લેવાની વ્યવસ્થાની સમીક્ષા કરવા સહિત કોર્પોરેટ બોન્ડ માર્કેટ અને બાયબેકની પ્રક્રિયા સરળ બનાવવાનાં પગલાં પણ વિચારાધીન છે. SEBIના ચેરમેન તુહિન કાંત પાંડેએ જણાવ્યું છે કે ટ્રેડિંગ ટર્મિનલના દુરુપયોગને રોકવા માટે નવું નિયમનકારી માળખું લાવવામાં આવશે. આ પગલાનો હેતુ શેરબજારમાં પારદર્શિતા વધારવાનો અને નિયમોના ઉલ્લંઘનને રોકવાનો છે.અહેવાલ અનુસાર, કેટલીક બ્રોકિંગ કંપનીઓ પોતાના ટ્રેડિંગ ટર્મિનલનો ઉપયોગ કરીને અન્ય ટ્રેડરોને સોદા કરવાની સુવિધા આપતી હતી. આ વ્યવસ્થામાં ટ્રેડરો બ્રોકરના ખાતા અથવા ટ્રેડિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને સોદા કરતા હતા અને તેના બદલામાં બ્રોકરો પાસેથી ફી અથવા નફામાં હિસ્સાની લેવડદેવડ થતી હતી. આ પ્રકારની વ્યવસ્થાથી સામાન્ય રોકાણકારો માટે લાગુ પડતા માર્જિન અને અન્ય નિયમોને બાજુ પર રાખીને ટ્રેડિંગ થવાની આશંકા ઊભી થાય છે. હવે SEBI આવા દુરુપયોગને રોકવા માટે કડક નિયમો ઘડવાની તૈયારી કરી રહ્યું છે.હાલમાં નાના અને મોટા બ્રોકરો માટે લાગુ પડતા નિયમોમાં સમાનતા છે. જોકે, SEBI હવે વન સાઈઝ ફિટ્સ ઑલ અભિગમમાં ફેરફાર કરવાની શક્યતા ચકાસી રહ્યું છે. મોટા બ્રોકરો પાસે લાખો ગ્રાહકો અને અદ્યતન ટેક્નોલોજી હોય છે, જ્યારે નાના બ્રોકરોનું કામકાજ અને જોખમનું પ્રમાણ અલગ હોઈ શકે છે. તેથી બ્રોકરની કામગીરીનું કદ, ગ્રાહકોની સંખ્યા, ટેક્નોલોજી અને જોખમને ધ્યાનમાં રાખીને અલગ નિયમનકારી માળખું બનાવવાનો વિચાર છે.SEBI શોર્ટ સેલિંગ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ એન્ડ બોરોઈંગ (SLB)ના નિયમોની પણ સમીક્ષા કરી રહ્યું છે. શોર્ટ સેલિંગમાં ટ્રેડર શેરના ભાવમાં ઘટાડાની અપેક્ષાએ પહેલાં શેર વેચે છે અને બાદમાં નીચા ભાવે ખરીદવાનો પ્રયાસ કરે છે. જ્યારે SLB વ્યવસ્થા હેઠળ નિર્ધારિત શરતો પ્રમાણે શેર ઉધાર લઈ શકાય છે અને આપી શકાય છે. આ નિયમોની સમીક્ષાનો હેતુ શેરબજારમાં વ્યવહારોની કાર્યક્ષમતા અને ભાવ નક્કી કરવાની પ્રક્રિયામાં પારદર્શિતા વધારવાનો છે.કોર્પોરેટ બોન્ડમાં રોકાણકારોને ઘણી વખત વેચાણ માટે ખરીદદાર શોધવામાં મુશ્કેલી પડે છે. આ સમસ્યા ઘટાડવા માટે SEBI માર્કેટ મેકિંગ ફ્રેમવર્ક લાવવાની તૈયારી કરી રહ્યું છે. આ વ્યવસ્થામાં નિર્ધારિત સંસ્થાઓ બોન્ડની ખરીદી અને વેચાણ માટે ભાવ ઉપલબ્ધ કરાવે છે, જેથી બજારમાં પ્રવાહિતા વધારી શકાય. આ ઉપરાંત, કંપનીઓ દ્વારા પોતાના શેર પાછા ખરીદવાની બાયબેક પ્રક્રિયા અને પ્રમોટરો દ્વારા ઓફર ફોર સેલ (OFS) મારફતે શેર વેચવાની પ્રક્રિયાને સરળ બનાવવાના વિકલ્પો પણ વિચારવામાં આવી રહ્યા છે. તેનો હેતુ કાગળકામ, નિયમોના પાલનનો બોજ અને ખર્ચ ઘટાડવાનો છે.

## સ્માર્ટફોનના ભાવમાં વધારો થવાની સાથોસાથ માંગમાં પણ ઘટાડો થયો

અમદાવાદ : સ્માર્ટફોન ઉત્પાદનમાં વપરાતા કેટલાક મુખ્ય ઘટકોના ભાવમાં વૃાધારાને કારણે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૬ ક્વાર્ટર દરમિયાન બજારમાં મોટો ઉલટફેર થયો છે. આ સમયગાળા દરમિયાન સ્માર્ટફોન શિપમેન્ટમાં ૨૦ ટકાનો મોટો ઘટાડો થયો છે, જે એક દાયકાના નીચલા



સ્તરે પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન સ્માર્ટફોન શિપમેન્ટમાં સેમસંગ ફરી એકવાર ટોચનું સ્થાન મેળવ્યું છે.બજાર સંશોધન કંપની કાઉન્ટરપોઈન્ટ રિસર્ચે તેના માસિક અહેવાલ જણાવ્યું હતું કે આ વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન ભારતમાં સ્માર્ટફોન શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૨૦% ઘટાડો થયો છે. આ એક દાયકામાં સૌથી નીચું સ્તર છે. આ ભારતમાં સ્માર્ટફોન ઉત્પાદકો માટે ચિંતાનું કારણ બનશે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના આ અહેવાલ મુજબ, સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન રૂ. ૨૦,૦૦૦થી ઓછી કિંમતના સ્માર્ટફોનના શિપમેન્ટમાં ૪૭%નો મોટો ઘટાડો થયો છે. આનું કારણ એ છે કે ફોનના વૃધતા ભાવોને કારણે લોકો વિચારી રહ્યા છે કે શું તે કિંમતે ફોન ખરીદવો એ વૃધુ સારા મોડેલ માટે યોગ્ય છે. તેથી, રૂ. ૨૦,૦૦૦થી ઓછી કિંમતના મોડેલની માંગ પર નોંધપાત્ર અસર પડી છે.લોકો હવે ચોક્કસ સમયગાળા પછી તેમના ફોન બદલી રહ્યા નથી, જેમ તેઓ પહેલા કરતા હતા. લોકો હવે તેમના જૂના ફોનનું જીવન મહત્તમ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પછી ભલે તે બેટરી બદલીને હોય કે ખામીને સુધારીને. તેઓ ફોન અપગ્રેડ મુલતવી રાખી રહ્યા છે કારણ કે નવા ફોન વૃધુ મોંઘા થઈ ગયા છે. આ પડકાર આ બજાર ક્ષેત્રને નબળો પાડી રહ્યો છે.ગ્રાહકો હવે વૃધુ પસંદગીયુક્ત બની ગયા છે. તેઓએ રિપ્લેસમેન્ટ ચક્ર લંબાવ્યું છે અને અપગ્રેડમાં વિલંબ કરી રહ્યા છે. બીજી બાજુ, સ્માર્ટફોન OEM એ દિવાળી પહેલા આક્રમક વોલ્યુમ વિસ્તરણ કરતાં માર્જિન સુરક્ષા, પોર્ટફોલિયો રેશનલાઈઝેશન અને ચેનલ ઈન્વેન્ટરીને પ્રાથમિકતા આપી છે.

## ઓનલાઈન કૌભાંડો સામે ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવા એમેઝોન અને I4C રાષ્ટ્રવ્યાપી ઝુંબેશને આગળ ધપાવે છે

નવી દિલ્હી: એમેઝોન ઈન્ડિયાએ આજે ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળના ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) સાથેના તેના સહયોગના બીજા તબક્કાની ઘોષણા કરી છે, જેથી ગ્રાહકોને ઓનલાઈન કૌભાંડોને ઓળખવાથી માહિતગાર પગલાં લેવામાં મદદ મળે. આ પહેલ વ્યવહારુ સલામતી માર્ગદર્શન, ટેકનોલોજી- આગેવાની હેઠળની નવીનતા અને ઈન્ટરએક્ટિવ ગ્રાહક શિક્ષણને એકત્ર લાવે છે, જેથી લોકોને શંકાસ્પદ સંદેશવ્યવહાર ઓળખવામાં, સુરક્ષિત ડિજિટલ ચુકવણી કરવામાં અને વિકસિત સાયબર જોખમોનો જવાબ આપવામાં મદદ મળે.એમેઝોન અને I4C સંયુક્ત રીતે રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે પહેલની શ્રેણી ચલાવી રહ્યા છે. આમાં સામેલ છે: 1 મિલિયન ડિલિવરી પેકેજોમાં સલામતી સંદેશાઓ લઈ જાય છે: તહેવારોની મોસમ પહેલાં દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને કોલકાતામાં 1 મિલિયન એમેઝોન ડિલિવરી પેકેજો પર સુરક્ષિત રીતે ઓનલાઈન ખરીદી કેવી રીતે કરવી તે અંગે સંદેશવ્યવહાર. AI-આગેવાની હેઠળની સાયબર સુરક્ષા નવીનતાને આગળ ધપાવવી: રક્ષમ - રાષ્ટ્રીય AI સાયબર સુરક્ષા હેકેથોન 2026 IIT દિલ્હીના સહયોગથી વિદ્યાર્થી ટીમોને વૉઈસ- ક્લોનિંગ છેતરપિંડી, કૌભાંડ- પેટર્ન ઓળખ અને ડીપફેક શોધ સહિતનાં ઊભરતાં જોખમો માટે AI- સંચાલિત ઉકેલો વિકસાવવા માટે આમંત્રિત કર્યા. હેકેથોનને લગભગ 5,000 નોંધણીઓ મળી હતી, જેમાં 25 ઓક્ટોબરે ટોચની 30 શોર્ટલિસ્ટેડ ટીમોમાંથી વિજેતાની જાહેરાત કરવામાં આવી હતી. કૌભાંડ અંગે જાગૃતિને ઈન્ટરએક્ટિવ બનાવવી: એક ડિજિટલ ઈન્ટરએક્ટિવ ગેમ જે ગ્રાહકોને શંકાસ્પદ ડિલિવરી એલર્ટસ, રિફંડ વિનંતીઓ, ચુકવણી સંકેતો અને ઑફર્સથી વાસ્તવિક સંદેશવ્યવહારને અલગ પાડવા માટે પડકાર આપે છે.ભારત સરકારના ગૃહ મંત્રાલયના ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)ના ડિરેક્ટર નિશાંત કુમારે જણાવ્યું હતું કે: “જનજાગૃતિને મજબૂત બનાવવા અને નાગરિકોને ઓનલાઈન કૌભાંડો ખાસ કરીને ઈ-કોમર્સ કૌભાંડોથી સુરક્ષિત રહેવામાં મદદ કરવા માટે એમેઝોનનો I4C સાથે સહયોગ મહત્વપૂર્ણ છે. સાયબર ધમકીઓ વિકસિત થાય છે તેમ જાગૃતિ જાણકાર નિર્ણયો અને સમયસર પગલાંમાં પરિણમવી જોઈએ.

## આઈડીએફસી ફર્સ્ટ બેંક બીજું ત્રિમાસિક નાણાકીય વર્ષ 2027 પરિણામો: કર પછીનો નફો 196.5% વર્ષ-દર-વર્ષ વધીને ₹1,045 કરોડ

મુંબઈ, ઓક્ટોબર 2026: આઈડીએફસી ફર્સ્ટ બેંકે 30 સપ્ટેમ્બર 2026 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અડધા વર્ષ માટે તેના ઓડિટ ન થયેલા નાણાકીય પરિણામોની જાહેરાત કરી. બેંકે બીજા ત્રિમાસિક નાણાકીય વર્ષ 2027 માં 1,045 કરોડનો કર પછીનો નફો નોંધાવ્યો છે, જે વર્ષ-દર-વર્ષ 196.5% વધુ છે. નાણાકીય વર્ષ 2027ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા માટે, કર બાદનો નફો 2,120 કરોડ હતો, જ્યારે અસ્કયામતો પર વળતર 0.99% હતું.

મેનેજમેન્ટની ટિપ્પણી

1. ડિપોઝિટમાં મજબૂત વૃદ્ધિ: કુલ ડિપોઝિટમાં વર્ષ-દર-વર્ષ 25.9% અને ત્રિમાસિક-દર-ત્રિમાસિક 11.8% નો વધારો થયો અને તે 3,48,583 કરોડ સુધી પહોંચી.

2. સ્વસ્થ કાસા: નાણાકીય વર્ષ’27ના બીજા ક્વાર્ટરમાં સરેરાશ કાસા રેશિયો 48.4% પર મજબૂત રહ્યો હતો. 50.1% થી સહેજ ઘટાડો મુખ્યત્વે આ ત્રિમાસિક દરમિયાન એફસીએનઆર(બી) ડિપોઝિટના મોટા પ્રમાણમાં એકત્રીકરણને કારણે હતો.

3. લોનની વૃદ્ધિ: ક્રેડિટ સબ્સ્ટિટ્યુટ્સ અને એફસીએનઆર(બી)-સમર્થિત લોન સહિત લોન અને એડવાન્સિસ વર્ષ-દર-વર્ષ 30.1% વધીને 3,46,913 કરોડ થયા છે. એફસીએનઆર(બી) ડિપોઝિટ દ્વારા સુરક્ષિત લોનને બાદ કરતાં, આઈબીપીસી ગ્રોસ લોન ગ્રોથ 22.2% હતો.

4. ઓપરેટિંગ લીવરેજ: ઓપેક્સ (ઓપરેટિંગ ખર્ચ) વૃદ્ધિ સતત ત્રિમાસિક ગાળા માટે વર્ષ-દર-વર્ષ આવક વૃદ્ધિ કરતાં લગભગ 500 બેસિસ પોઈન્ટ્સ નીચી રહી છે.

5. ખર્ચ-થી-આવક ગુણોત્તરમાં સુધારો: નાણાકીય વર્ષ 2027 ના પ્રથમ અર્ધવાર્ષિકગાળામાં ઈન્ક્રીમેન્ટલ ખર્ચ-થી-આવક ગુણોત્તર 55% હતો. નાણાકીય વર્ષ 2027 ના બીજા ત્રિમાસિકમાં કોર ખર્ચ-થી-આવક ગુણોત્તર (ટ્રેડિંગ નફા સિવાય) પ્રથમ ત્રિમાસિકના 70.73% થી સુધરીને 70.16% થયો છે.

## દિવાળી પહેલાં સોનાના ભાવમાં મોટો ઘટાડો

## સોનાની કિંમતો ગગડવાનું આ છે ‘અસલ’ કારણ! શું ખરીદી માટે આ સુવર્ણ તક છે કે હજુ રાહ જોવી?

દિવાળી પહેલાં સોનાના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત એક સપ્તાહમાં આશરે 4 ટકા ઘટીને ચાર મહિનાથી વધુ સમયના નીચલા સ્તરે પહોંચી ગઈ છે. તેની અસર ભારતીય બજારમાં પણ જોવા મળી છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ગોલ્ડ ફ્યુચર્સનો ભાવ સપ્તાહ દરમિયાન ઘટીને 1,41,334 રૂપિયા પ્રતિ 10 ગ્રામના નીચલા સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે ભાવ આશરે 1,42,024 રૂપિયા પ્રતિ 10 ગ્રામ રહ્યો હતો. આ ઘટાડા વચ્ચે દિવાળી અને લગ્નસરાની ખરીદી કરવાની તૈયારી કરી રહેલા લોકો માટે સવાલ છે કે અત્યારે સોનું ખરીદવું યોગ્ય રહેશે કે હજુ વધુ ઘટાડાની રાહ જોવી જોઈએ.

સોનાના ભાવમાં ઘટાડાનાં 4 મુખ્ય કારણો

ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો: સાઉદી અરેબિયાના ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુથી જૂથના હુમલા બાદ ઊર્જા પુરવઠામાં વિક્ષેપની ચિંતા વધી છે. આ દરમિયાન બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ 112 ડૉલરથી ઉપર પહોંચ્યો હતો. મોંઘા ક્રૂડ ઓઈલથી મોંઘવારી વધવાની શક્યતા છે, જે સોનાના ભાવ પર દબાણ ઊભું કરે છે.વ્યાજદર લાંબા સમય સુધી ઊંચા રહેવાની આશંકા: મોંઘવારી વધે તો અમેરિકાની ફેડરલ રિઝર્વ સહિતની કેન્દ્રીય બેન્કો વ્યાજદર લાંબા સમય સુધી ઊંચા રાખી શકે છે. સોનું વ્યાજની આવક આપતું ન હોવાથી ઊંચા વ્યાજદરના વાતાવરણમાં તેની આકર્ષકતા ઘટી શકે છે. અમેરિકન ડૉલરની મજબૂતી: ડૉલર મજબૂત બનવાથી અન્ય ચલણ ધરાવતા રોકાણકારો માટે સોનું ખરીદવું મોંઘું પડે છે. આ પરિબળ પણ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની માંગ અને ભાવ પર દબાણ લાવી શકે છે. શેરબજારમાં વેચવાલી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંબંધિત શેરોમાં ઘટાડા સહિત વિવિધ એસેટ ક્લાસમાં વેચવાલી જોવા મળી છે. માર્જિનની જરૂરિયાતો પૂરી કરવા રોકાણકારોએ અન્ય રોકાણો વેચ્યાં હોવાથી કિંમતી ધાતુઓ પર પણ દબાણ વધ્યું છે.

એનરિચ મનીના CEO પોનમુડી આરના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાને પ્રતિ ઔંસ 4,000 ડૉલરની આસપાસ મહત્ત્વનો સપોર્ટ મળી રહ્યો છે. જો ભાવ આ સ્તરથી નીચે જાય તો તે 3,900 ડૉલર સુધી ઘટી શકે છે. ઉપરની તરફ



4,070થી 4,100 ડૉલર અને ત્યારબાદ 4,170થી 4,200 ડૉલરનો વિસ્તાર મહત્ત્વના રેઝિસ્ટન્સ તરીકે જોવામાં આવી રહ્યો છે. ભારતીય બજારમાં MCX ગોલ્ડ માટે 1,40,000થી 1,41,000 રૂપિયાનો વિસ્તાર તાત્કાલિક સપોર્ટ ઝોન છે. જો ભાવ આ સ્તરથી નીચે જાય તો 1,37,500થી 1,38,300 રૂપિયા સુધી ઘટવાની શક્યતા છે. ટેક્નિકલ સંકેતો અનુસાર, ડેઈલી રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (RSI) આશરે 31ની નજીક છે, જે સોનું ઓવરસોલ્ડ ઝોનની નજીક હોવાનો સંકેત આપે છે. જોકે, MACD ઈન્ડિકેટર નકારાત્મક હોવાથી વેચવાલીનું દબાણ યથાવત્ હોવાનું જણાય છે. વધુ પડતી વેચવાલી બાદ ટૂંકા ગાળામાં ભાવમાં સુધારો પણ જોવા મળી શકે છે.

દિવાળી, લગ્ન અથવા અન્ય પ્રસંગો માટે ઘરેણાં ખરીદવા માગતા લોકો માટે ભાવમાં ઘટાડો રાહત આપી શકે છે. જોકે, ભાવ ઘટીને સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે એવું માની લેવું યોગ્ય નથી.

ઘરેણાં ખરીદવા હોય તો: એકસાથે આખી ખરીદી કરવાને બદલે અલગ-અલગ સમયે ખરીદી કરવાથી ભાવમાં વધુ ઘટાડો થાય તો તેની અસર ઘટાડી શકાય છે.

રોકાણ માટે ખરીદવું હોય તો: ટૂંકા ગાળાના નફા માટે ઉતાવળ કરવાને બદલે ભાવ સ્થિર થવાના સંકેતોની રાહ જોવી એક વિકલ્પ છે.ગોલ્ડ ETFમાં રોકાણ: ફિઝિકલ સોનું ખરીદ્યા વિના સોનાના ભાવ સાથે જોડાયેલું રોકાણ કરવાની તક મળે છે. જોકે, ખર્ચ અને રોકાણનાં જોખમ સમજવાં જરૂરી છે. સોનાના આગામી ભાવ પર અમેરિકાની ફેડરલ રિઝર્વની 27 અને 28 ઑક્ટોબરની નીતિ બેઠક તથા આગામી પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (PCE) મોંઘવારીના આંકડાની અસર પડી શકે છે. તેથી દિવાળી પહેલાં સોનું ખરીદવાનો નિર્ણય લેતી વખતે બજારની સ્થિતિ, ખરીદીનો હેતુ અને પોતાની નાણાકીય જરૂરિયાતને ધ્યાનમાં લેવી જરૂરી છે.

## વ્યાજ ભરવામાં અબજો રૂપિયાનો ખર્ચ, ભારતની સ્થિતિ

# વિશ્વ પર 34,675 લાખ કરોડનું દેવું

(એજન્સી) નવી દિલ્હી | તા.25

વિશ્વભરના દેશો, કંપનીઓ અને પરિવારો મળીને કુલ 34,675 લાખ કરોડ રૂપિયાથી વધુના દેવા હેઠળ દબાયેલા છે. ખાસ કરીને વિકસિત દેશોનું વાર્ષિક સરકારી બોન્ડનું વ્યાજ જ 313.5 લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. વ્યાજ પાછળ જંગી રકમ ખર્ચાઈ જતી હોવાથી સરકારો પાસે આરોગ્ય, શિક્ષણ, પેન્શન અને જનકલ્યાણની યોજનાઓ માટે બજેટ ઘટી રહ્યું છે, જેના કારણે યુરોપના દેશોમાં સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો પણ શરૂ થયા છે.ટેક્સ સિવાય સરકારો જ્યારે રસ્તા, રેલવે, હોસ્પિટલ કે સંરક્ષણ પાછળ ખર્ચ કરવા માંગે છે ત્યારે તે સરકારી બોન્ડ બહાર પાડીને બેંકો, વીમા કંપનીઓ અને સામાન્ય રોકાણકારો પાસેથી દેવું લે છે. ઉદાહરણ તરીકે, સરકાર 10 વર્ષ માટે 2.5% વાર્ષિક વ્યાજે 100 રૂપિયાનો બોન્ડ બહાર

**વિશ્વમાં સૌથી વધુ સરકારી દેવું ધરાવતા દેશોની યાદી**

અમેરિકા: 41.4 ટ્રિલિયન ડોલર (આશરે 3,933 લાખ કરોડ રૂપિયા)
ચીન: 22.5 ટ્રિલિયન ડોલર (આશરે 2,137.5 લાખ કરોડ રૂપિયા)
જાપાન: 8.7 ટ્રિલિયન ડોલર (આશરે 826.5 લાખ કરોડ રૂપિયા)
બ્રિટન: 4.4 ટ્રિલિયન ડોલર (આશરે 418 લાખ કરોડ રૂપિયા)
ફ્રાન્સ: 4.2 ટ્રિલિયન ડોલર (આશરે 399 લાખ કરોડ રૂપિયા)
ઇટાલી: 3.7 ટ્રિલિયન ડોલર (આશરે 351.5 લાખ કરોડ રૂપિયા)
જર્મની: 3.5 ટ્રિલિયન ડોલર (આશરે 332.5 લાખ કરોડ રૂપિયા)
ભારત: 3.4 ટ્રિલિયન ડોલર (આશરે 323 લાખ કરોડ રૂપિયા)
કેનેડા: 2.9 ટ્રિલિયન ડોલર (આશરે 275.5 લાખ કરોડ રૂપિયા)



પાડે, તો રોકાણકારને દર વર્ષે 2.50 રૂપિયા વ્યાજ મળે છે અને 10 વર્ષ પૂરા થતાં 100 રૂપિયાની મૂળ રકમ પરત મળી જાય છે. ઘણી વખત જૂનું દેવું ચૂકવવા માટે પણ સરકારોને નવું દેવું લેવું પડે છે.જ્યારે બજારમાં બોન્ડની કિંમતો ઘટે છે ત્યારે તેના પર વળતર (યીલ્ડ) વધી જાય છે, જેનાથી સરકાર માટે નવું દેવું લેવું મોંઘું બને છે. પરિણામે સરકારની આવકનો મોટો હિસ્સો માત્ર વ્યાજ ચૂકવવામાં જ વપરાઈ જાય છે અને પ્રજાલક્ષી સુવિધાઓમાં કાપ મૂકવો પડે છે. જેમ સામાન્ય પરિવારમાં હોમ લોનના વ્યાજ વધતાં EMIનો બોજ વધે છે, તેવું જ સરકાર સાથે બને છે. હાલ ફ્રાન્સના 10 વર્ષના સરકારી બોન્ડની યીલ્ડ (વળતરનો દર) વધીને લગભગ 5% પહોંચી ગઈ છે, જ્યારે જર્મનીમાં તે 3.41% છે, એટલે કે ફ્રાન્સને દેવું મેળવવા ભારે વ્યાજ ચૂકવવું પડી રહ્યું છે.

IMFના 2026ના અંદાજ મુજબ, ભારતનું કુલ સરકારી દેવું દેશના જીડીપી (GDP)ના 83.4% જેટલું છે. જોકે વધુ દેવું હોવાનો અર્થ સીધો આર્થિક સંકટ નથી થતો. જાપાન પર તેનું દેવું જીડીપીના 199%, અમેરિકા પર 127% અને ફ્રાન્સ પર 118% છે. કોઈ પણ દેશની નાણાકીય સ્થિતિ માત્ર દેવાના આંકડા પરથી નહીં, પરંતુ તેની વ્યાજ ચૂકવવાની ક્ષમતા, આવક વૃદ્ધિ અને અર્થતંત્રની મજબૂતીના આધારે નક્કી થાય છે. આ સમાહ પણ રોકાણકારો માટે ભારે પીડાદાયક સાબિત થયું છે. બજારમાં સતત ચાર ટ્રેડિંગ સેશનમાં ઘટાડો નોંધાયો છે.

### સ્થાનિક બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાની શક્યતા ઓછી

## રિઝર્વ બેંકના લિક્વિડિટી અંગેના મિશ્ર સંકેતોથી ભીંસમાં મૂકાયેલી બેંકો

અમદાવાદ : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લિક્વિડિટી (પ્રવાહિતા) બાબતે લેવાઈ રહેલા વિરોધાભાસી પગલાંને કારણે બેંકો વધતા ફંડિંગ ખર્ચનો સામનો કરી રહી છે, જ્યારે કેન્દ્રીય બેંક ઓવરનાઈટ મની માર્કેટમાં તંગી ટાળવા માટે ભંડોળ પણ પૂરું પાડી રહી છે.

ટૂંકા ગાળાના ધિરાણ દરોમાં થયેલા તીવ્ર વધારા અને સરપ્લસ લિક્વિડિટી લગભગ સુકાઈ જવાને કારણે, બજારના સહભાગીઓ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શું રિઝર્વ બેંકનું આ કડક વલણ ધારણા કરતાં વૃધુ નિયંત્રણકારી બની રહ્યું છે.ડેટા અનુસાર, એક મહિનાના સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીડી) રેટ ઓક્ટોબરમાં ૧૦૦ બેસિસ પોઈન્ટ્સથી વૃધુ વૃધીને ૬.૭૬% થઈ ગયો છે, જ્યારે એક વર્ષનો દર ૯૪ બેસિસ પોઈન્ટ્સ વધ્યો છે.આ મહિનાની શરૂઆતમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સના વ્યાજદર વૃધારા પછી નાણાકીય સ્થિતિ કડક બનાવવાનો પ્રયાસ કરી રહેલી રિઝર્વ બેંક એ બેંકિંગ સિસ્ટમમાં રૂ. ૨.૫ લાખ કરોડ ઠાલવ્યા હોવા છતાં આ તીવ્ર વૃધારો જાણકારોનું કહેવું છે કે એક સાથે લિક્વિડિટી ઉમેરવી (ઈન્જેક્શન) અને પાછી ખેંચવી (વિથડ્રોઅલ) એ બોન્ડ માર્કેટને ગૂંચવણભર્યા સંકેતો આપી રહી છે. ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા સ્તરે રહેવાની શક્યતા હોવાથી, રિઝર્વ બેંક દ્વારા લિક્વિડિટી અંગે વિરોધાભાસી સંકેતો અપાયા હોવા છતાં સ્થાનિક બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.નાણાકીય સ્થિરતાની બાબતોએ રિઝર્વ બેંકના નિર્ણયોને પ્રભાવિત કર્યા હોઈ શકે છે તે સ્વીકારતા, રિપોર્ટમાં દલીલ કરવામાં આવી છે કે લિક્વિડિટી મેનેજમેન્ટની એવી દ્વિપક્ષીય નીતિ, જેમાં એક જ સમયે નાણાં ઠાલવવા અને પાછા ખેંચવા સામેલ હોય, તે આવી નીતિઓ કરતાં વિનિમય દર (એક્સચેન્જ રેટ) વ્યવસ્થાપન માટે વધુ યોગ્ય છે. બેંકિંગ પ્રણાલીમાંથી જે ઝડપે પ્રવાહિતા ગાયબ થઈ ગઈ છે તેનાથી આ અનિશ્ચિતતા વૃધુ વૃધી ગઈ છે. રિઝર્વ બેંકના આંકડા મુજબ, સપ્ટેમ્બરની શરૂઆતમાં રૂ. ૧૧ લાખ કરોડથી વધુની ટોચ પર પહોંચેલી સરપ્લસ લિક્વિડિટી ઘટીને ૨૧ ઓક્ટોબરે માત્ર રૂ. ૫૪૧ કરોડ થઈ ગઈ હતી.

### કારના વેચાણમાં SUVs મોખરે રહી

## GST ૨.૦ પછી કારના વેચાણમાં ૧૦ લાખથી વધુનો થયેલો વધારો

અમદાવાદ : GST ૨.૦ના અમલ પછીના ૧૨ મહિનામાં પેસેન્જર વાહનોના રિટેલ વેચાણમાં લગભગ ૧૦ લાખ વાહનોનો વૃધારો નોંધાયો છે. આ વૃદ્ધિમાં મુખ્ય ફાળો એસયુવી વાહનોનો રહ્યો છે, જ્યારે નાની કારો પરના ટેક્સ કાપને કારણે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં પણ ઝડપી સુધારો જોવા મળ્યો છે. વાહન પોર્ટલના ડેટાના વિશ્લેષણ મુજબ, ઑક્ટોબર ૨૦૨૫થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રજિસ્ટ્રેશન ૨૨% વૃધીને ૫૩.૫ લાખ (૫.૩૫ મિલિયન) થયું છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૪૩.૬ લાખ (૪.૩૬ મિલિયન) હતું. આમ, કુલ ૯,૯૪,૭૫૮ વાહનોનો ચોખ્ખો વૃધારો થયો છે. વૃધેલા કુલ વેચાણમાં લગભગ બે-તૃતીયાંશ હિસ્સો યુટિલિટી વ્હીકલ્સનો રહ્યો હતો, જેમાં રજિસ્ટ્રેશનમાં ૨૫.૩%નો વૃધારો જોવા મળ્યો છે, જેની સરખામણીએ સામાન્ય કારોમાં ૧૫.૬% ની વૃદ્ધિ થઈ હતી. આ વલણ દર્શાવે છે કે ગ્રાહકોની પસંદગી સતત એસયુવી તરફ વળી રહી છે, અને મોટા મૉડલ્સ પર ઊંચા ટેક્સ હોવા છતાં આ માંગે



વેગ પકડ્યો છે.સૌથી મજબૂત વૃદ્ધિ મિડ-સેગમેન્ટ કેટેગરીમાંથી જોવા મળી હતી, જેમાં હ્યુન્ડાઈ ક્રેટા, મારુતિ સુઝુકી ગ્રાન્ડ વિટારા અને ટોયોટા અર્બન ક્રુઝર હાઈરાઈડર જેવી મિડ-સાઈઝ એસયુવી સામેલ છે. આ સેગમેન્ટમાં રજિસ્ટ્રેશન ૪૨.૪% વધીને ૭,૪૬,૧૬૬ થી ૧૦.૬ લાખ (૧.૦૬ મિલિયન) સુધી પહોંચી ગયું છે. આ વૃધારો નોંધપાત્ર છે કારણ કે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ લાગુ કરાયેલા નવા માળખા હેઠળ મિડ-સાઈઝ અને મોટી એસયુવી પર ૪૦% જીએસટી લાગે છે, અને નાની કારોને મળેલા ટેક્સ ઘટાડાનો લાભ આ કેટેગરીને મળ્યો નહોતો.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, આસો સુદ - 15**

# સોનિયા ગાંધી એકાએક ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર એક્ટીવ થયા

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી હવે X પર પણ સક્રિય થયા છે. 10 નવેમ્બરે આવનાર તેમના પુસ્તક 'બીલોગીંગ - અ જર્ની ઓફ લવ'નો વીડિયો તેમણે શેર કર્યો છે, જેમાં રાજીવ ગાંધી સાથેની યાદો વર્ણવી છે. બીજી તરફ, દિલ્હીના વેપારીઓએ રાહુલ ગાંધીને 1 નવેમ્બરની રેલી દિવાળીને કારણે 10 નવેમ્બર સુધી ટાળવા અપીલ કરી છે.કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી ઈન્સ્ટાગ્રામ પછી હવે સોશ્યલ મીડિયા એક્સ પર પણ સક્રિય થઈ ગયા છે. એક્સ પર સોનિયા ગાંધીએ આવી રહેલા પોતાના પુસ્તકનો વીડિયો શેર કર્યો છે. સોનિયા ગાંધીનું પહેલું પુસ્તક 'બીલોગીંગ - અ જર્ની ઓફ લવ' ૧૦ નવેમ્બરે લોંચ થશે. પુસ્તકમાં એમણે રાજીવ ગાંધી સાથે પોતાની યાદો અને શરૂઆતના દિવસોથી માંડીને અત્યાર સુધીની સફર બાબતે લખ્યું છે. લગભગ ૨ મીનીટના વિડિયોમાં એમણે કહ્યું છે કે એમની મુલાકાત કેમ્બ્રીજમાં રાજીવ ગાંધી સાથે થઈ હતી. એમણે એમના અને રાજીવ ગાંધીના ફોટોગ્રાફ્સ પણ બતાવ્યા હતા, સાથે એ રેસ્ટોરાંનો ફોટોગ્રાફ પણ બતાવ્યો હતો કે જ્યાં તેઓ પહેલીવાર મળ્યા હતા. કેમ્બ્રીજના એક નાનકડા ગ્રીક રેસ્ટોરામાં બંને મળ્યા ત્યારથી એમના પ્રેમસંબંધની શરૂઆત થઈ હતી.દિલ્હીના વેપારીઓએ વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીને એક પત્ર લખીને ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં યોજાનાર રેલીને ૧૦મી નવેમ્બર સુધી ટાળવા અપીલ કરી છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (સીટીઆઈ)એ કહ્યું છે કે ઓક્ટોબરમાં રેલીઓ અને રોડ બંધ રહેવાને કારણે વેપારીઓને લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સીટીઆઈના ચેરમેન બ્રિજેશ ગોયલએ કહ્યું છે કે 'તમારા પક્ષ દ્વારા ૧ નવેમ્બર ૨૦૨૬એ રામલીલા મેદાનમાં મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આપને અમારી નમ્ર વિનંતી છે કે આ રેલી ૧૦મી નવેમ્બર સુધી સ્થગીત કરવામાં આવે. કારણ કે હમણા દિવાળીને કારણે વેપારીઓ માટે પીક સીઝન છે. આ વર્ષે ધનતેરસ ૬ નવેમ્બરએ, દિવાળી ૮મી નવેમ્બરએ અને ભાઈબીજ ૧૦મી નવેમ્બરે છે.'દિલ્હી હાઈકોર્ટે આપેલા ઝટકા પછી ઓલ ઈન્ડિયા સ્ટૂડન્ટસ એસોસીએશન (એઆઈએસએ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરાએ પ્રતિક્રિયા આપી છે. એમના કહેવા પ્રમાણે એમની કોઈ શરતો નથી. એમણે કહ્યું હતું કે, અમે પીસ બોન્ડ પર સહી કરવાના નથી. હું તેમજ મારા સાથીઓ દિલ્હી પોલીસે માગેલા પીસ બોન્ડ પર સહી નહીં કરીએ. પીસ બોન્ડ નોટીસ બંધારણીય અધિકારોનો ભંગ કરે છે. શાંતિપૂર્ણ પ્રદર્શનોને દબાવી દેવા માટે એનો ઉપયોગ થઈ શકે છે. બોરાને લાગે છે કે સ્પેશિયલ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (એસીએમ) સમક્ષ થનાર કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન થવું જોઈએ. એસીએમ કોર્ટને કહેવામાં આવ્યું છે કે નેહા બોરાને તમામ દસ્તાવેજો આપી દેવામાં આવે. આ પહેલા દિલ્હી હાઈકોર્ટે નેહા બોરાની અરજી ફગાવી દીધી હતી.ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તૈયારી ચાલી રહી છે. તમામ રાજકીય પક્ષોએ પ્રચાર પણ શરૂ કરી દીધો છે. બીજી તરફ બેઠકોની વહેચણીની ફોર્મ્યુલા પણ દરેક પક્ષ બનાવી રહ્યો છે. સૌથી વધારે ખેંચતાણ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે જોવા મળી રહી છે. કોંગ્રેસે સમાજવાદી પાર્ટીના નેતાઓને ૧૭૫થી વધુ બેઠકો પર ચૂંટણી લડવા માટેની યાદી આપી છે. કોંગ્રેસની ઈચ્છા પર સપાના નેતાઓએ કોઈ જાહેરમાં નિવેદન નથી આપ્યું. જોકે મનાઈ રહ્યું છે કે, કોંગ્રેસ પોતાની તાકાત કરતા વધુ પડતું માંગે છે. સપા કોંગ્રેસને ૫૦ થી ૭૫ જેટલી બેઠકો લઈને ખુશ થવા કહે છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટી એઆઈસીસીના ઉત્તર પ્રદેશ પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમએ કહ્યું હતું કે, 'હું ચોક્કસ આંકડા તો નહીં આપી શકું, પરંતુ અમે ૧૭૫થી ૨૦૦ બેઠકો પર લડવા માંગીએ છીએ.'ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર એસવાય કુરેશીએ આપેલી એક મુલાકાતમાં હાલના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની પોલ ખોલી નાંખી છે. એમના કહેવા પ્રમાણે જ્ઞાનેશ કુમારને પહેલા વધારાના સચીવ અને ત્યાર પછી સચીવના પદ માટે પેનલએ યોગ્ય ગણ્યા નહોતા. આમ છતાં એમને ગૃહ મંત્રાલયમાં સચિવ બનાવવામાં આવ્યા હતા. જ્ઞાનેશ કુમારએ કલમ ૩૭૦ દુર કરવાની પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. રામ મંદિર ટ્રસ્ટ બનાવવામાં પણ એમની અગત્યની ભૂમિકા હતી.

### વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે

# રાહ તાલુકાના લુવાણા (ક) થી પેપર સુધીના માર્ગનું કરાયું ખાતમુર્હુત







● લુવાણા થી પેપર માર્ગ સામાજિક વ્યવહાર, દર્શનાર્થીઓ અને દૂધ ઉત્પાદક પશુપાલકો માટે મહત્વપૂર્ણ બની રહેશે :- અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

● સરહદી અને ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે ભૂતકાળની સરખામણીએ આજે અભૂતપૂર્વ નાણાકીય ફાળવણી થઈ રહી છે :- અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

થરાદ | વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે આજરોજ વાવ - થરાદ જિલ્લાના રાહ તાલુકાના લુવાણા (ક) થી પેપર સુધીના રૂ. ૪૧૦ લાખના માર્ગનું કરાયું ખાતમુર્હુત કરાયું હતું. વાવ-થરાદ જિલ્લાના રાહ તાલુકામાં ગ્રામીણ માર્ગ જોડાણને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા રૂ. ૪૧૦ લાખના ખર્ચે સાકાર થનાર લુવાણા (ક) થી પેપર સુધીના ૩.૭૫૦ કિલોમીટર લાંબા રસ્તાના કામનું ખાતમુર્હુત કરાયું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, લુવાણા થી પેપર સુધીનો રસ્તો એ બંને ગામો વચ્ચે સામાજિક વ્યવહાર, પેપર ખાતે મહાદેવજીના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ તેમજ ખેતરોમાંથી દૂધ મંડળી સુધી દૂધ પહોંચાડતા પશુપાલકો માટે અત્યંત મહત્વનો બની રહેશે. તેવી જ રીતે રાહથી ખોડા તરફ જતા રસ્તાની ૨૫ વર્ષ જૂની માંગણી પણ હવે ઝડપથી પૂર્ણતાના આરે છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, હાલ જ્યાં કાચું નેળિયું છે ત્યાં આગામી ૩૧ માર્ચ પહેલાં વાહનો સરળતાથી દોડી શકે તેવો ઉત્તમ ગુણવત્તાયુક્ત પાકો રસ્તો તૈયાર કરાશે અને નિયત સમયમર્યાદામાં કામ પૂરું થાય તે માટે તેઓ સ્વયં જાતતપાસ પણ કરશે.અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં જ્યાં વિશ્વાસ અને સ્નેહ હોય ત્યાં જ પ્રજા પોતાની માંગણીઓ રજૂ કરતી હોય છે. લુવાણા ગામમાં થયેલા વિકાસકામો ગ્રામજનોની નજર સમક્ષ છે. પંચાયતી રાજ વ્યવસ્થા હેઠળ આજે ગામડાંઓમાં લાખો નહીં પરંતુ કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતોના હવાલે કરવામાં આવી રહી છે, જેથી સ્થાનિક જરૂરિયાત મુજબ સમયસર આયોજન થઈ શકે. ભૂતકાળની સરખામણીએ વર્તમાન સમયમાં સરહદી અને ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે અભૂતપૂર્વ નાણાકીય ફાળવણી થઈ રહી છે.આ વિસ્તારમાં ખેતીની સાથોસાથ પશુપાલન ક્ષેત્રે આવી રહેલા પરિવર્તનની વાત કરતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં પશુપાલનનો વ્યવસાય મોટા પાયે વિકસવાનો હોવાથી રાહ પંથક માટે પશુ દવાખાનું અને પશુચિકિત્સક (વેટરનરી ડૉક્ટર)ની વ્યવસ્થા પણ મંજૂર કરાઈ છે. સામાન્ય રીતે એક ઉત્તમ પશુ વર્ષમાં માત્ર એક જ બચ્ચાને જન્મ આપી શકે છે, પરંતુ આધુનિક વિજ્ઞાન અને એમ્બ્રીયો ટ્રાન્સફર (IVF - ગર્ભ પ્રત્યારોપણ) ટેકનોલોજી થકી વધુ દૂધ આપતી શ્રેષ્ઠ ગાય કે ભેંસમાંથી એક જ વર્ષમાં ૨૫થી વધુ વાછરડી કે પાડીઓ તૈયાર કરી શકાય છે. આ વૈશ્વિક ટેકનોલોજીને બનાસકાંઠાના ધરતીપુત્રો સુધી પહોંચાડવા માટે ભીલડી ખાતે ૨૩૦ વીઘા જમીનમાં દેશનું સર્વપ્રથમ અને અદ્યતન એમ્બ્રીયો સેન્ટર તૈયાર થઈ ગયું છે, જેનું લોકાર્પણ આગામી ૩૦મી તારીખે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવશે.અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, બનાસ ડેરીના માધ્યમથી સ્થાનિક કક્ષાએ ૧,૦૦૦ પ્રગતિશીલ બ્રીડર્સને વિશેષ તાલીમ આપીને તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેથી સામાન્ય ખર્ચ અને માવજતમાં પશુપાલકોનું દૂધ ઉત્પાદન બમણાથી પણ વધુ થઈ શકે. જન્મ સમયે જ વાછરડી કે પાડીના લોહીના નમૂનાથી તેની ભવિષ્યની દૂધ ક્ષમતા અને રોગપ્રતિકારક શક્તિ જાણી શકાય તેવી જીનોમિક્સ ટેકનોલોજી હવે ઉપલબ્ધ છે. કાંકરેજી દેશી ગાયો, ઉચ્ચ ઓલાદની ભેંસો તેમજ ૫૦ લિટર સુધી દૂધ આપતી એચ.એફ. ગાયોના સંવર્ધન થકી વિજ્ઞાન અને પરંપરાગત વિરાસતનો સમન્વય કરી ગ્રામીણ પશુપાલકોને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવાની દિશામાં આ ઐતિહાસિક કદમ છે.આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, પંચાયતના પદાધિકારીઓ, માર્ગ-મકાન વિભાગના ઈજનેરો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# છાપરીયા ગામ પાસેથી પસાર થતી માઈનોર કેનાલમાં પાણી છોડવામાં આવ્યું

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના છાપરીયા ગામ પાસેથી પસાર થતી માઈનોર કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે. જોકે, કેનાલ સાફ કર્યા વગર પાણી છોડતા ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચી રહ્યું નથી.હાલમાં કપાસના પાકને પાણીની ખૂબ જરૂર છે. પાણી ન મળવાને કારણે કપાસનો ઉભો



પાક સુકાઈ રહ્યો છે. આનાથી ખેડૂતો ચિંતિત છે.ગ્રામજનોના કહેવા મુજબ, આ સમસ્યા દર વર્ષની છે. ગયા વર્ષે પણ ખેડૂતોએ જાતે જ કેનાલ સાફ કરી હતી. આ વર્ષે પણ તંત્રએ કોઈ સફાઈ કામગીરી કરી નથી.આ અંગે અધિકારી સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, 'પાણી છોડી દીધું છે, પરંતુ સફાઈ કરી નથી.' ગ્રામજનો આ જવાબ સામે સવાલ ઉઠાવી રહ્યા છે.છાપરીયા અને આસપાસના ગામોમાં સિંચાઈ માટે બોર કે કૂવાની કોઈ વ્યવસ્થા નથી. ખેડૂતો ફક્ત આ કેનાલ પર જ આધાર રાખે છે.ગામના લોકો માંગ કરી રહ્યા છે કે સંખેડા માઈનોર કેનાલને તાત્કાલિક સાફ કરવામાં આવે. જેથી ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચે અને સુકાઈ રહેલો કપાસનો પાક બચી શકે.

# પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝને પીવાના પાણીની ગુણવત્તા પરીક્ષણમાં 100% પાલન પ્રાપ્ત કર્યું

### 17 થી 23 ઓક્ટોબર, 2026 દરમિયાન કરવામાં આવેલા 300 થી વધુ પરીક્ષણોના સંતોષકારક પરિણામો મળ્યા

પશ્ચિમ રેલ્વે મુસાફરો અને રેલ્વે કર્મચારીઓ માટે સલામત અને સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાને ઉચ્ચ પ્રાથમિકતા આપે છે. તેના નિયમિત પીવાના પાણીની ગુણવત્તા દેખરેખ કાર્યક્રમના ભાગ રૂપે, પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝને 17 થી 23 ઓક્ટોબર, 2026 દરમિયાન કુલ 315 પીવાના પાણીની ગુણવત્તા પરીક્ષણો હાથ ધર્યા, જેમાંથી બધા પરિણામો સંતોષકારક મળ્યા.પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ દેખરેખ દરમિયાન 263 શેષ ક્લોરિન પરીક્ષણો અને 52 બેક્ટેરિયોલોજીકલ પરીક્ષણો કરવામાં આવ્યા હતા. બધા પરીક્ષણ પરિણામો સંતોષકારક જણાયા, અને બંને પરીક્ષણ પરિમાણો માટે 100% પાલન નોંધાયું.આ દેખરેખ



પીવાના પાણીની ગુણવત્તાના ધોરણો જાળવવામાં તબીબી વિભાગ અને સંબંધિત રેલવે સ્ટાફના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. મુસાફરો અને કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સુખાકારીનું રક્ષણ કરવાના પશ્ચિમ રેલવેના પ્રયાસોમાં નિયમિત પરીક્ષણ અને અસરકારક દેખરેખ અભિન્ન છે. આ સતત દેખરેખ પ્રવૃત્તિઓમાં રેલવે સ્ટેશનો પર પીવાના પાણીના કુલર અને નળના પાણીમાં શેષ ક્લોરિન અને કુલ ઓગળેલા ઘન પદાર્થો (TDS) ની તપાસનો પણ સમાવેશ થાય છે.પશ્ચિમ રેલવે તેના સ્ટેશનો અને રેલવે સંસ્થાઓ પર પીવાના પાણીની ગુણવત્તાનું નિયમિતપણે નિરીક્ષણ કરવા અને સલામત અને સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# ગતિ શક્તિની માનસિકતા - નાગરિક-પ્રથમ અને પરિણામો-પ્રથમની વિચારસરણી

મુંબઈ | શ્રી નરેન્દ્ર મોદીએ, તેમના 25 વર્ષના જાહેર જીવન દરમિયાન, કેન્દ્ર અને રાજ્યોમાં ચૂંટાયેલી સરકારોના વડા તરીકે, પહેલા ગુજરાતમાં અને પછી સમગ્ર દેશમાં માળખાગત સુવિધાઓના મોટા પાયે વિસ્તરણમાં અગ્રણી ભૂમિકા ભજવી છે.

મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતના રસ્તાઓ, વીજળી, બંદરો અને કનેક્ટિવિટીમાં પરિવર્તન રાજ્યની વિકાસગાથાનો મુખ્ય ભાગ બન્યું. રાષ્ટ્રીય સ્તરે, માળખાગત પરિવર્તન ખરેખર નોંધપાત્ર રહ્યું છે. ભારતનું એરપોર્ટ નેટવર્ક 2014માં 74 થી બમણાથી વધુ વધીને 165 થયું છે, જેમાંથી ઘણી હવે વિશ્વના શ્રેષ્ઠમાં ગણવામાં આવે છે. આજે, આપણે દરભંગા અને ગયા જેવા ગ્રામીણ શહેરોને જોડતી અનેક દૈનિક ફ્લાઈટ્સ જોઈએ છીએ, જેમાંથી કેટલીક ફ્લાઈટ્સ મેં મારી કારકિર્દીના પ્રારંભિક ભાગમાં સેવા આપી હતી, જેમાં દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગલુરુ, વગેરેનો સમાવેશ થાય છે.

રેલવે સિસ્ટમમાં મોટા પાયે વિસ્તરણ અને આધુનિકીકરણ જોવા મળ્યું છે, જેમાં સમર્પિત ફ્રેઈટ કોરિડોર અને વીજળીકરણથી લઈને વંદે ભારત ટ્રેનો અને પુનઃવિકસિત રેલવે સ્ટેશનો દ્વારા આપવામાં આવતા ઉચ્ચ-ગુણવત્તાવાળા અનુભવનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો નોંધપાત્ર રીતે વિસ્તરણ થયો છે અને નવા એક્સપ્રેસવે, બંદરો અને મેટ્રો સિસ્ટમોએ દેશના કનેક્ટિવિટી લેન્ડસ્કેપને બદલી નાખ્યો છે. આજે, દેશના વિવિધ ભાગોમાં મુસાફરી કરતા દરેક વ્યક્તિ રોડ મુસાફરીનો અનુભવ કરી શકે છે, જે ભારતીયો અગાઉ ફક્ત વિદેશ પ્રવાસ દરમિયાન જ મેળવી શકતા હતા.

ભારતનું લોજિસ્ટિક્સ કામગીરી રેન્કિંગ નોંધપાત્ર રીતે સુધર્યું છે. તે 2014માં 54માં સ્થાનથી વધીને 2023માં 38માં સ્થાન પર પહોંચ્યું છે, જે 16 સ્થાનનો વધારો દર્શાવે છે. લોજિસ્ટિક્સ ખર્ચ GDPના 7.97 ટકા સુધી ઘટી ગયો છે, જેનાથી આર્થિક સ્પર્ધાત્મકતામાં વધારો થયો છે. જ્યારે આ સ્પષ્ટ ફેરફારોએ ઘણું ધ્યાન ખેંચ્યું છે, ત્યારે પ્રધાનમંત્રી શ્રી મોદીના શાસન હેઠળ બીજો મૂળભૂત પરિવર્તન એ છે કે માળખાગત સુવિધાઓની કલ્પના, આયોજન અને વિતરણમાં પરિવર્તન.

પહેલાં, સરકારના દરેક સ્તરે પ્રોજેક્ટ્સ માટે જવાબદાર દરેક મંત્રાલય વિભાગ અથવા એજન્સી સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામનો સંપર્ક અલગથી કરવામાં આવતો હતો. જોકે, નાગરિકો કે કંપનીઓ વિભાગીય રેખાઓ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અનુભવ કરતી નથી. કામ પર જતી એક યુવાન વ્યક્તિ, બજારમાં પાકનું પરિવહન કરતી ખેડૂત અથવા સપ્લાય ચેઈનનું સંચાલન કરતી ઉત્પાદક, રસ્તાઓ, રેલવે, બંદરો, પાણી અને વીજળી પર એકીકૃત રીતે આધાર રાખે છે. જ્યારે આ ચેઈનમાં એક પણ કડી નબળી પડે છે અથવા ખૂટે છે, ત્યારે દરેક અન્ય રોકાણ પર વળતર અને જીવનની સરળતા પ્રભાવિત થાય છે.

કોઈ રાજમાર્ગનો કોઈ અર્થ નથી જો તેના લક્ષિત પોર્ટમાં કોઈ અડચણ હોય. વિશ્વસનીય વીજળી કે પાણી વિના ઔદ્યોગિક પાર્ક તેની સંભાવનાને સાકાર કરી શકતો નથી. એક નવું એરપોર્ટ તે જે પ્રદેશમાં સેવા આપે છે તેની સાથે મજબૂત જોડાણ વિના તેના આર્થિક વચનને પૂર્ણ કરી શકતું નથી.

મારા અનુભવમાં, માળખાગત શાસનમાં મુશ્કેલીઓ ભાગ્યે જ એક જ, અકલ્પનીય નિર્ણયથી ઊભી થાય છે. તે વ્યક્તિગત રીતે યોગ્ય નિર્ણયોની શ્રેણીમાંથી ઊભી થાય છે જે ઈચ્છિત અને સંપૂર્ણ અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે. પ્રધાનમંત્રી મોદી આ લગભગ સહજ રીતે સમજી ગયા હતા.

કોઈ ચોક્કસ સંપત્તિ વિતરણ માટેના જવાબદાર વિભાગના દ્રષ્ટિકોણથી માળખાગત સુવિધાઓ જોવાને બદલે, તેમણે પ્રાપ્ત કરવાના મોટા પરિણામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ પરિણામલક્ષી, નાગરિક-કેન્દ્રિત દ્રષ્ટિકોણ વહીવટ પ્રત્યેના તેમના અભિગમની ઓળખ રહ્યો છે.

ગુજરાતમાં તેમના કાર્યકાળ દરમિયાન આપણે આ અભિગમની શરૂઆત જોઈ શકીએ છીએ, જ્યાં માળખાગત આયોજન ધીમે ધીમે વિવિધ પ્રદેશોની ચોક્કસ જરૂરિયાતો અને તેમના દ્વારા સમર્થિત આર્થિક પ્રવૃત્તિઓને અનુરૂપ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રગતિ પથ, પ્રવાસી પથ, વિકાસ પથ અને કિસાન પથ જેવી પહેલો વિવિધ કનેક્ટિવિટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી હતી. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન સહિત સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનના વિકાસમાં જમીન, માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટીને



**શ્રી રાજીવ ગોબા**

એકસાથે લાવવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય મોટા આર્થિક નોડ્સ બનાવવાનો હતો. શ્રી મોદીના વિચાર આ સંબંધમાં માળખાગત સુવિધાઓની યોજના બનાવવાનું હતું કે લોકો કેવી રીતે રહે છે, તેમની આજીવિકા ક્યાં સ્થિત છે, ઉદ્યોગો ક્યાં વિકાસ કરી શકે છે અને માલસામાન કેવી રીતે સ્થાળાંતરિત કરવાની જરૂર છે.

શ્રી મોદીના વિઝનનો એક મહત્વપૂર્ણ પરિમાણ ટેકનોલોજીનો ઉપયોગ હતો. ગુજરાતમાં, BISAG એ સેટેલાઈટ એપ્લિકેશન્સ, ભૌગોલિક માહિતી પ્રણાલીઓ અને સ્થાનિક આયોજનમાં ક્ષમતાઓ વિકસાવી. ભૂ-સ્થાનિક માહિતીએ રાજ્યના ભૌતિક ભૂગોળ દ્વારા વિકાસને જોવાનું શક્ય બનાવ્યું, જેનાથી જમીન, રસ્તાઓ, જળ સંસાધનો, વસાહતો, ઉદ્યોગો અને અન્ય માળખાગત સુવિધાઓ પરની માહિતી એક સાથે આવી. આનાથી વિકાસના વિવિધ તત્વો એકબીજા સાથે કેવી રીતે સંબંધિત છે તેની વધુ સંકલિત સમજ પૂરી પડી.

આ પૃષ્ઠભૂમિ સામે ગતિ શક્તિનો રાષ્ટ્રીય સ્તરે પ્રારંભ શક્ય બન્યો. તેનું મહત્વ એ હકીકતમાં રહેલું નથી કે પીએમ ગતિ શક્તિ ગુજરાતમાં અસ્તિત્વમાં છે તેનું પુનરાવર્તન કરે છે. તેના બદલે, તે એક વહીવટી સંવેદનશીલતાને પ્રતિબિંબિત કરે છે જે ભૂગોળ, માળખાગત સુવિધાઓ અને આર્થિક પ્રવૃત્તિને એકીકૃત કરે છે. આને રાષ્ટ્રીય સ્તરે વધુ વિસ્તૃત અને અમલમાં મૂકવામાં આવ્યું છે.

ગતિ શક્તિએ સમગ્ર સરકારનો અભિગમ સક્ષમ બનાવ્યો, વિવિધ કેન્દ્રીય મંત્રાલયો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવીને માળખાગત પ્રોજેક્ટ્સના સંકલિત આયોજન અને સંકલિત અમલીકરણને સુનિશ્ચિત કર્યું.

અહીં એક સ્વાભાવિક પ્રશ્ન ઊભો થઈ શકે છે. શું ગતિ શક્તિ પહેલા સરકારી વિભાગો એકબીજા સાથે સંકલન કરતા નહોતા? અલબત્ત, તેઓ કરતા હતા. પરંતુ સરકારો પરંપરાગત રીતે જે સંકલન કરે છે અને ગતિ શક્તિ જે અભિગમને સંસ્થાકીય બનાવવા માંગે છે તેમાં મૂળભૂત તફાવત છે.

પરંપરાગત રીતે, સંકલન ઘણીવાર ત્યારે શરૂ થાય છે જ્યારે પરસ્પર નિર્ભરતા સમસ્યા ઊભી કરે છે. રસ્તા માટે રેલવે ક્રોસિંગની જરૂર પડે છે. રસ્તા પર પાઈપલાઈન નાખવાથી જોડાણ મુશ્કેલ બને છે. પ્રોજેક્ટ માટે NOC અથવા અન્ય સત્તાધિકારીની મંજૂરીની જરૂર પડે છે. સમસ્યાનો ઉકેલ લાવવા માટે આંતરવિભાગીય બેઠક બોલાવવામાં આવશે. ગતિ શક્તિ આ સંકલનને આયોજનના તબક્કે જ શક્ય બનાવે છે.

જ્યારે કાર્ય જમીન પર શરૂ થાય છે ત્યારે પરસ્પર નિર્ભરતા શોધવાને બદલે, આયોજકો તેમને ત્યારે ઓળખે છે જ્યારે પ્રોજેક્ટ હજુ ડ્રોઈંગ બોર્ડના તબક્કામાં હોય છે. રોડ ડિઝાઈન કરતા પહેલા, બીજા કયા કોરિડોરનું આયોજન કરવામાં આવે છે? ઔદ્યોગિક નોડને સૂચિત કરતા પહેલા, તેને કયા રેલ, રોડ, વીજળી, પાણી અને લોજિસ્ટિક્સ જોડાણોની જરૂર પડશે? જો કોઈ બંદરનો હેતુ વિશાળ પ્રદેશને સેવા આપવાનો છે, તો શું તેના પડોશી વિસ્તારોને જોડવામાં આવશે? અને શું આ રોકાણોને ક્રમબદ્ધ કરી શકાય છે જેથી પ્રથમ પ્રોજેક્ટ પૂર્ણ થતાં જ બીજા પ્રોજેક્ટની તૈયારીઓ શરૂ થાય?

ગતિ શક્તિ અભિગમે આવી પરસ્પર નિર્ભરતા અને સંઘર્ષોને ઓળખવામાં અને ઘટાડવામાં મદદ કરી. આનાથી પ્રોજેક્ટ્સનું આયોજન એવી રીતે શક્ય બન્યું કે જેનાથી ખર્ચ પ્રમાણસર થાય અને જમીન સંપાદન અથવા વન જમીનના ઉપયોગ માટે અંતર અને જરૂરિયાતો ઓછી થાય.

ગતિ શક્તિ હેઠળ બનાવવામાં આવેલ નેટવર્ક પ્લાનિંગ ગ્રુપ આ અભિગમ માટે એક સંસ્થાકીય પદ્ધતિ પૂરી પાડે છે. પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન 3,291 થી વધુ ડેટા સ્તરોનો ઉપયોગ કરીને 58 મંત્રાલયો અને વિભાગોમાં માળખાગત આયોજનને એકીકૃત કરે છે. ઓગસ્ટ 2026 સુધીમાં, નેટવર્ક પ્લાનિંગ ગ્રુપ મિકેનિઝમ દ્વારા 18 લાખ કરોડથી વધુના કુલ અંદાજિત ખર્ચ સાથે 396 માળખાગત પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

હવે, ગતિશક્તિનો ઉપયોગ કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી આગળ વધી રહ્યો છે. તે સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની યોજના બનાવવાની રીતમાં પણ પરિવર્તન લાવી રહ્યું છે. દસ લાખથી વધુ આંગણવાડી કેન્દ્રોનું મેપિંગ કરવામાં આવ્યું છે અને કેટલાક રાજ્યો રાજ્ય પ્લેટફોર્મનો ઉપયોગ એવા વિસ્તારોને ઓળખવા માટે કરી રહ્યા છે જ્યાં નવી શાળાઓની જરૂર છે.

ગતિ શક્તિને ફક્ત માળખાગત સુધારા તરીકે વર્ણવવું આકર્ષક લાગે છે, પરંતુ તે તેનાથી ઘણું વધારે છે. તે કંઈક વધુ મૂળભૂત બાબતનું પ્રતિનિધિત્વ કરે છે જે જાહેર રોકાણ પ્રત્યે સરકારના અભિગમમાં પરિવર્તનનો સંકેત આપે છે. તેથી, ગતિ શક્તિ સાથે પ્રધાનમંત્રી શ્રી મોદીએ માત્ર પ્રક્રિયા જ બદલી નથી, પરંતુ જાહેર રોકાણ કેવી રીતે કરવામાં આવે છે તેની માનસિકતા પણ બદલી નાખી છે.

આજના આ અભિગમ માટે આર્થિક પરિદૃશ્ય ખાસ કરીને મહત્વપૂર્ણ છે. ભારતીય કંપનીઓ વૈશ્વિક બજારોમાં સ્પર્ધા કરે છે જ્યાં લોજિસ્ટિક્સ ખર્ચ, વિશ્વસનીયતા અને ડિલિવરી સમય ઉત્પાદનના અંતિમ ભાવને અસર કરે છે. જેમ જેમ ભારત નવા વેપાર કરારોમાં પ્રવેશ કરે છે અને વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં તેની ભાગીદારી વધારે છે, તેમ તેમ કાચા માલ અને તૈયાર માલને કાર્યક્ષમ રીતે ખસેડવાની ક્ષમતા સ્પર્ધાત્મકતાનો એક મહત્વપૂર્ણ ઘટક બની જાય છે. તેથી, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાને રસ્તાઓ, રેલવે, બંદરો, જળમાર્ગો, વેરહાઉસ અને ઔદ્યોગિક સ્થળો સાથે મળીને કેવી રીતે આયોજન કરવામાં આવે છે તેનાથી અલગ કરી શકાતું નથી.

આયોજન એ પડકારનો જ એક ભાગ છે; અસરકારક અમલીકરણ પણ એટલું જ મહત્વપૂર્ણ છે. માળખાગત પ્રોજેક્ટ્સને અમલીકરણ દરમિયાન અનેક અવરોધોનો સામનો કરવો પડી શકે છે પછી ભલે તે જમીન સંપાદન, વૈધાનિક મંજૂરીઓ, ઉપયોગિતા કેન્દ્રોનું સ્થાનાંતરણ, કાયદો અને વ્યવસ્થા અથવા વિવિધ મંત્રાલયો અને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન સંબંધિત હોય.

# ભારતીય રેલવેની વૈકલ્પિક મુસાફરી વીમા યોજનાનો લાભ હવે પીઆરએસ કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ મળશે

### 27 ઑક્ટોબર, 2026થી સુવિધા લાગુ થશે; ડિજિટલ ચુકવણી અને મોબાઈલ નંબર ફરજિયાત

મુંબઈ | ભારતીય રેલવે દ્વારા હાલની વૈકલ્પિક મુસાફરી વીમા યોજનાનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત 27 ઑક્ટોબર, 2026થી સમગ્ર ભારતીય રેલવે નેટવર્કમાં પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ આ સુવિધા ઉપલબ્ધ થશે. અત્યાર સુધી આ યોજના આઈઆરસીટીસી દ્વારા ઈ-ટિકિટ બુક કરાવનારા મુસાફરો માટે ઉપલબ્ધ હતી, જે હવે રેલવે આરક્ષણ કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ ખરીદનારા પાત્ર મુસાફરો માટે પણ લાગુ થશે. પશ્ચિમ રેલવેના તમામ મંડળોમાં મુસાફરોને આ સુવિધાનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. વીમાની સુવિધા સંપૂર્ણપણે વૈકલ્પિક રહેશે. આ સુવિધા માત્ર એવા મુસાફરોને જ મળશે, જેઓ વીમાનો વિકલ્પ પસંદ કરશે, પોતાનો મોબાઈલ નંબર આપશે અને ડિજિટલ માધ્યમથી ચુકવણી કરશે. વીમાનું પ્રીમિયમ ટિકિટ ભાડા સાથે લેવામાં આવશે અને ટિકિટ ભાડું તથા પ્રીમિયમ બંનેની ચુકવણી માત્ર ડિજિટલ માધ્યમથી જ કરવાની રહેશે.

લાગુ નિયમો અને શરતો અનુસાર, તમામ કર સહિત વીમાનું પ્રીમિયમ પ્રતિ મુસાફર માત્ર 45 પૈસા છે. આ યોજના માત્ર ભારતીય નાગરિકો માટે ઉપલબ્ધ છે, જેમની ટિકિટ બુકિંગ સમયે કન્ફર્મ, આરએસી અથવા આંશિક રીતે કન્ફર્મ હોય. વીમાનો વિકલ્પ પસંદ કરવામાં આવે ત્યારે એક જ પીએનઆર હેઠળ બુક કરાયેલા તમામ પાત્ર મુસાફરોને વીમાનું કવર મળશે. પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં જે બાળકોની ટિકિટ બર્થ/સીટ વિના બુક કરવામાં આવી હોય, તેઓ વીમા હેઠળ આવરી લેવામાં આવશે નહીં. જ્યારે પાંચથી અગિયાર વર્ષની ઉંમરનાં બાળકો બર્થ સાથે અથવા બર્થ વિના પણ આ વીમા માટે પાત્ર રહેશે.

પૉલિસી હેઠળ આવરી લેવાયેલી રેલવે દુર્ઘટના અથવા અપ્રિય ઘટનાના કિસ્સામાં મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ દિવ્યાંગતા માટે 10 લાખ, કાયમી આંશિક દિવ્યાંગતા માટે 7.50 લાખ સુધી અને ઈજાને કારણે હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર કરાવવાના ખર્ચ માટે 2 લાખ સુધીનું વીમા કવર આપવામાં આવે છે. પૉલિસીના નિયમો અને શરતોને આધીન મૃતદેહના પરિવહન માટે 10,000નો લાભ પણ આપવામાં આવે છે.

મુસાફરોને મુસાફરી વીમા અંગે પોતાનો વિકલ્પ પસંદ કરવાની સુવિધા આપવા માટે આરક્ષણ માંગણી ફોર્મમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારેલું ફોર્મ પશ્ચિમ રેલવેના તમામ પીઆરએસ કેન્દ્રો પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કેન્દ્રો પર મુસાફરોને વીમા સુવિધા તેમજ તેના માટે ડિજિટલ ચુકવણી અને મોબાઈલ નંબરની આવશ્યકતા અંગે માહિતી આપવા માટે ઉદ્ઘોષણાઓ પણ કરવામાં આવશે. આરક્ષણ કર્મચારીઓ મુસાફરોને વીમાનો વિકલ્પ પસંદ કરવા અને નિર્ધારિત પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપશે.

વીમા પૉલિસીની વિગતો મુસાફરના નોંધાયેલા મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે. મુસાફરોએ ટિકિટ બુકિંગ બાદ મળતી લિંકનો ઉપયોગ કરીને વીમા કંપનીની વેબસાઈટ પર નામાકન સંબંધિત વિગતો ભરવાની રહેશે.

## આ દિવાળીએ ઘરમાં ન બેસી રહેતા!

# ભારતના 5 એવા સુંદર શહેરો જ્યાંનો નજારો જોઈને દંગ રહી જશો

**દિવાળી નજીક આવતા દેશભરમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વર્ષે દિવાળીને યાદગાર બનાવવા, પરિવાર સાથે ભારતના 5 ખાસ શહેરોની મુલાકાત લઈ શકાય છે. અયોધ્યામાં ભવ્ય દીપોત્સવ, વારાણસીમાં ગંગા ઘાટનો અલૌકિક નજારો, જયપુરમાં બજારો અને મહેલોની શાહી રોશની, ઉદયપુરમાં સરોવરોમાં ચમકતો પ્રકાશ અને અમૃતસરમાં સુવર્ણ મંદિરની દિવ્ય શાંતિનો અનુભવ અનોખો છે. દિવાળીનો પાવન તહેવાર હવે ખૂબ જ નજીક છે અને દેશભરમાં તેની તડામાર તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. ઘરોની સાફ-સફાઈથી લઈને દિવાળીના સુશોભન અને નવા કપડાંની ખરીદીની રોનક બજારોમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે. પરંતુ જો તમે આ વર્ષની દિવાળી તમારા પરિવાર સાથે કંઈક અલગ અને યાદગાર રીતે ઉજવવા માંગતા હોવ, તો કેટલાક ખાસ શહેરોની મુલાકાત લેવી એ એક ઉત્તમ વિકલ્પ બની શકે છે. ભારતમાં એવા 5 પ્રખ્યાત શહેરો છે, જ્યાંની દિવાળીની ભવ્ય ઉજવણી અને ઝગમગાટ જોઈને દરેક વ્યક્તિ મંત્રમુગ્ધ થઈ જાય છે.**

### અયોધ્યાની ભવ્ય દીપોત્સવ યાત્રા

દિવાળીની ઉજવણી કરવા માટે ભગવાન શ્રીરામની નગરી અયોધ્યા સૌથી સુંદર અને પવિત્ર સ્થળોમાંનું એક છે. અહીં ભવ્ય રામ મંદિર અને સરયૂ નદીના ઘાટ પર હજારોની સંખ્યામાં માટીના દીવડાઓ પ્રગટાવવામાં આવે છે. રાત્રિના સમયે સમગ્ર શહેર પ્રકાશથી એવી રીતે ઝળહળી ઊઠે છે કે જેને જોઈને જાણે કોઈ સપનાના શહેરમાં આવી ગયા હોઈએ તેવો અદ્‌ભુત અનુભવ થાય છે.




### વારાણસીના ઘાટનો અલૌકિક નજારો

દિવાળીના અવસર પર કાશી એટલે કે વારાણસીનો નજારો ખૂબ જ ખાસ અને દિવ્ય બની જાય છે. અહીં પવિત્ર ગંગા નદીના કિનારે આવેલા વિવિધ ઘાટો પર મોટી સંખ્યામાં દીવડાઓ પ્રગટાવવામાં આવે છે. રંગબેરંગી રોશની, વિધિ-વિધાન સાથે થતી પૂજા અને વિશ્વ પ્રસિદ્ધ ગંગા આરતીનું દ્રશ્ય અહીં આવતા પ્રવાસીઓનું દિલ જીતી લે છે.

### જયપુરના બજારો અને મહેલોની રોશની

પિંક સિટી તરીકે ઓળખાતું જયપુર શહેર તેની શાહી દિવાળી માટે દેશભરમાં ખૂબ જ મશહૂર છે. દિવાળી દરમિયાન અહીંના બજારો, ઐતિહાસિક મહેલો અને મુખ્ય રસ્તાઓને રંગબેરંગી લાઈટોથી દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. ખાસ કરીને હવા મહેલ અને જૂના બજારોની સુંદરતા જોવા માટે દૂર-દૂરથી પ્રવાસીઓ અહીં ઉમટી પડે છે. દિવાળીના દિવસોમાં જયપુરમાં ફરવું એ જીવનભરનો એક અનોખો અનુભવ આપે છે.

### ઉદયપુરના સરોવરોમાં ચમકતો પ્રકાશ

સરોવરોના શહેર તરીકે જાણીતું ઉદયપુર દિવાળીના સમયે તેના ભવ્ય મહેલો અને તળાવોને કારણે અત્યંત રમણીય દેખાય છે. અહીંના રાજમહેલો અને આસપાસની જૂની ઐતિહાસિક ઈમારતોની ઝગમગતી રોશની જ્યારે સરોવરના શાંત પાણીમાં પ્રતિબિંબિત થાય છે, ત્યારે એક શાનદાર નજારો સર્જાય છે. અહીંના પ્રાચીન બજારો અને સુંદર સ્થાપત્યો દિવાળીના તહેવારની ખુશીને બમણી કરી દે છે.

### અમૃતસરના ગોલ્ડન ટેમ્પલની દિવ્ય શાંતિ

પંજાબના અમૃતસરમાં દિવાળીના સમયે સુવર્ણ મંદિરની સુંદરતા ખરેખર જોવાલાયક હોય છે. સમગ્ર મંદિર પરિસરને રોશનીથી એવી રીતે સજાવવામાં આવે છે કે પવિત્ર સરોવરના પાણીમાં પડતો તેનો પડછાયો ખૂબ જ મનમોહક લાગે છે. અહીંનું શાંત અને આધ્યાત્મિક વાતાવરણ મનને અપાર સુકૂન આપે છે, અને આ જ કારણ છે કે દર વર્ષે મોટી સંખ્યામાં લોકો પોતાના પરિવાર સાથે અહીં દિવાળી ઉજવવા માટે આવે છે.

### દિવાળી ટ્રિપ માટે આ 5 શહેરો કેમ છે ખાસ?

અયોધ્યા અને વારાણસીમાં સરયૂ તથા ગંગા નદીના કિનારે હજારો દીવડાઓની રોશની સાથે આધ્યાત્મિક દિવાળીનો અનુભવ મળે છે. રાજસ્થાનના જયપુર અને ઉદયપુરમાં રાજવી મહેલો, સરોવરો અને હેરિટેજ બજારોનો શાહી ઝગમગાટ જોવા મળે છે. અમૃતસરના સુવર્ણ મંદિરમાં રોશનીના પર્વની સાથે મનને શાંતિ આપનારું પવિત્ર વાતાવરણ મળી રહે છે.

## શિમલા-મનાલીથી મુન્નાર સુધી...

# નવેમ્બરમાં ફરવા માટે બેસ્ટ છે આ 10 હિલ સ્ટેશન

નવેમ્બર મહિનો હરવા-ફરવા માટે ખૂબ જ સારો માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન ન તો વધારે વરસાદ હોય છે અને ન તો ડિસેમ્બરની રજાઓ જેવી ભારે ભીડ દરેક જગ્યાએ જોવા મળે છે. આ સમયે પહાડોની સુંદરતામાં ઓર વધારો થઈ જાય છે; ક્યાંક ઊંચા પહાડો પર ગુલાબી ઠંડીનો અહેસાસ થવા લાગે છે, તો ક્યાંક ચાના બગીચા અને ધુમ્મસથી ઢંકાયેલી ટેકરીઓ મન મોહી લે છે. જો તમે પણ નવેમ્બરમાં પરિવાર, મિત્રો કે પાર્ટનર સાથે કોઈ હિલ સ્ટેશન પર જવાનું વિચારી રહ્યા છો, તો હિમાચલ પ્રદેશના મનાલી અને શિમલાથી લઈને કેરળના મુન્નાર અને તમિલનાડુના ઉટી સુધી ભારતમાં ફરવા માટે 10 શાનદાર જગ્યાઓ આવેલી છે. જોકે, ઊંચાઈવાળા વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધારે હોઈ શકે છે, તેથી ગરમ કપડાં સાથે રાખવા ખૂબ જ જરૂરી છે.




**મનાલી (હિમાચલ પ્રદેશ) |** નવેમ્બરમાં મનાલીની ખીણો શિયાળાના રંગમાં રંગાવા લાગે છે. અહીં વહેતી બિયાસ નદી, દેવદારના વૃક્ષો અને ઊંચા પહાડોના સુંદર દ્રશ્યો તમારું મન મોહી લેશે. હવામાન ઠંડું હોવાને કારણે અહીં ફરવાની એક અલગ જ મજા આવે છે અને હવામાન અનુસાર ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા પણ થઈ શકે છે. જો તમે મનાલી જવાનો પ્લાન બનાવી રહ્યા છો, તો હોટેલ અને આવવા-જવાની વ્યવસ્થા અગાઉથી જ કરી લો. અહીં સ્થાનિક બજારોમાં ફરવાની સાથે કાફેમાં બેસીને ગરમાગરમ ચા કે કોફીનો આનંદ પણ માણી શકાય છે.

**શિમલા (હિમાચલ પ્રદેશ) |** શિમલા પોતાની સુંદર ટેકરીઓ, જૂની ઈમારતો અને મોલ રોડ માટે પ્રખ્યાત છે. નવેમ્બરમાં અહીં ઠંડા પવનોની વચ્ચે ફરવાનો એક અલગ જ અનુભવ મળે છે, પરંતુ સાંજના સમયે ઠંડી વધી શકે છે, તેથી ગરમ કપડાં સાથે રાખવાનું ભૂલશો નહીં. અહીં તમે મોલ રોડ પર લટાર મારી શકો છો અને આસપાસની ટેકરીઓના નજારા જોઈ શકો છો. જો તમને ઈતિહાસ અને જૂની ઈમારતોમાં રસ છે, તો શિમલાનું બ્રિટિશ જમાનાનું સ્થાપત્ય તમને ખૂબ જ પસંદ આવશે.

**મુન્નાર (કેરળ) |** જો તમે બરફીલા પહાડોને બદલે હરિયાળી અને ચાના બગીચાઓ વચ્ચે સમય વિતાવવા માંગો છો, તો મુન્નાર તમારા માટે બેસ્ટ ઓપ્શન બની શકે છે. અહીં દૂર-દૂર સુધી ફેલાયેલા ચાના બગીચા, વળાંકવાળા રસ્તાઓ અને ધુમ્મસથી ઢંકાયેલા પહાડો અદ્‌ભુત નજારો રજૂ કરે છે. નવેમ્બરમાં અહીંનું હવામાન સામાન્ય રીતે ખુશનુમા રહે છે; સવારના સમયે હળવું ધુમ્મસ જોવા મળે છે, જ્યારે દિવસ દરમિયાન ચાના બગીચા અને કુદરતી સ્થળોની મુલાકાત લઈ શકાય છે.

**દાર્જિલિંગ (પશ્ચિમ બંગાળ) |** દાર્જિલિંગ પોતાની ચા, ઠંડા હવામાન અને હિમાલયના સુંદર દ્રશ્યો માટે જાણીતું છે. નવેમ્બરમાં આકાશ સાફ હોય ત્યારે અહીંથી પહાડોના શાનદાર દ્રશ્યો જોઈ શકાય છે, જોકે બદલાતા હવામાનને કારણે ક્યારેક વાદળો આ નજારાને ઢાંકી પણ શકે છે. અહીંની ટોય ટ્રેનની સવારી પ્રવાસીઓમાં ખૂબ જ લોકપ્રિય છે અને દાર્જિલિંગ હિમાલયન રેલવેને 1999માં યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવી હતી. અહીં ફરવાની સાથે સ્થાનિક ચાનો સ્વાદ માણવો અને બજારોમાં લટાર મારવી એ એક યાદગાર અનુભવ બની શકે છે.

**મસૂરી (ઉત્તરાખંડ) |** ઉત્તરાખંડનું મસૂરી એવા લોકો માટે ઉત્તમ વિકલ્પ છે જેઓ ઓછા દિવસોમાં પહાડોની સફર કરવા માંગે છે. અહીં મોલ રોડ પર ફરવાની સાથે આસપાસની હરિયાળી અને પહાડી દ્રશ્યોનો આનંદ લઈ શકાય છે. નવેમ્બરમાં અહીં હવામાન ઠંડું રહે છે અને સાંજના સમયે તાપમાન વધુ ગગડી શકે છે. જો તમે ભીડથી દૂર થોડી શાંત પળો વિતાવવા માંગતા હોવ, તો વ્યસ્ત બજારોથી હટીને આસપાસની શાંત કેડીઓ અને કુદરતી જગ્યાઓની મુલાકાત લઈ શકો છો.

**ઉટી (તમિલનાડુ) |** તમિલનાડુનું ઉટી પોતાની લીલીછમ ટેકરીઓ, ચાના બગીચા અને ઠંડા હવામાન માટે જાણીતું છે. નવેમ્બરમાં અહીં સવાર અને સાંજના સમયે ઠંડીનો અનુભવ થાય છે, જ્યારે દિવસ દરમિયાન હવામાન ફરવા માટે અનુકૂળ રહે છે. અહીં તમે ઉટી સરોવરમાં બોટિંગ કરી શકો છો અને ભારતની યુનેસ્કો વિશ્વ ધરોહરમાં સામેલ નીલગિરિ માઉન્ટેન રેલવેની સવારીનો અનુભવ લઈ શકો છો. પરિવાર સાથે આરામથી રજાઓ ગાળવા માટે ઉટી એક સારો વિકલ્પ છે.

**નૈનીતાલ (ઉત્તરાખંડ) |** ઉત્તરાખંડનું નૈનીતાલ પોતાના સુંદર સરોવરો, લીલીછમ ટેકરીઓ અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. દિલ્હી-એનસીઆરથી ઓછા દિવસોની ટ્રિપ પ્લાન કરનારા લોકો માટે આ બેસ્ટ ઓપ્શન બની શકે છે. નવેમ્બરના ઠંડા અને ખુશનુમા હવામાનમાં તમે અહીં નૈની સરોવરમાં બોટિંગ કરી શકો છો, મોલ રોડ પર ફરી શકો છો, નૈના દેવી મંદિરના દર્શન કરી શકો છો અને આસપાસના વ્યૂ પોઈન્ટ્સ પરથી પહાડોના રમણીય દ્રશ્યો જોઈ શકો છો.

**કોડાઈકેનાલ (તમિલનાડુ) |** તમિલનાડુનું કોડાઈકેનાલ પોતાની લીલીછમ ટેકરીઓ, ગાઢ જંગલો અને સુંદર સરોવરો માટે ઓળખાય છે. જો તમે ભીડભાડથી દૂર પ્રકૃતિના ખોળે સુકૂનની પળો વિતાવવા માંગતા હોવ, તો આ જગ્યાને તમારી ટ્રાવેલ લિસ્ટમાં સામેલ કરી શકો છો. અહીં તમે કોડાઈકેનાલ સરોવરની આસપાસ ફરીને બોટિંગનો આનંદ લઈ શકો છો અને 'કોકર વોક' પરથી પહાડોના સુંદર નજારા જોઈ શકો છો. અહીંની હરિયાળી, ઠંડો પવન અને શાંત માહોલ પરિવાર કે મિત્રો સાથે રજાઓ ગાળવા માટે ઉત્તમ છે.

**ગંગટોક (સિક્કિમ) |** સિક્કિમની રાજધાની ગંગટોક પહાડો, સુંદર ખીણો અને બૌદ્ધ મઠો માટે પ્રખ્યાત છે. નવેમ્બરમાં આકાશ સાફ રહેવા પર અહીંથી આસપાસની ટેકરીઓના શાનદાર દ્રશ્યો જોવા મળે છે, જોકે ઊંચાઈવાળા વિસ્તારોમાં તાપમાન ઘણું નીચું જઈ શકે છે. કુદરતી નજારાની સાથે સ્થાનિક સંસ્કૃતિને નજીકથી જોવા માટે તમે એમજી માર્ગ પર ફરી શકો છો, સ્થાનિક કાફેમાં સમય વિતાવી શકો છો અને રૂમટેક મઠ જેવા પ્રસિદ્ધ સ્થળોની મુલાકાત લઈ શકો છો. અહીં જતાં પહેલાં હવામાન અને રસ્તાની સ્થિતિની જાણકારી ચોક્કસથી મેળવી લેવી.

**માઉન્ટ આબુ (રાજસ્થાન) |** રાજસ્થાનનું એકમાત્ર મુખ્ય હિલ સ્ટેશન માઉન્ટ આબુ પોતાની લીલીછમ ટેકરીઓ, સરોવર અને શાંત વાતાવરણ માટે જાણીતું છે. નવેમ્બરના ખુશનુમા હવામાનમાં તમે અહીં નક્કી લેકમાં બોટિંગ કરી શકો છો અને સનસેટ પોઈન્ટ પરથી સૂર્યાસ્તનો સુંદર નજારો જોઈ શકો છો. આ ઉપરાંત, પોતાના શાનદાર સ્થાપત્ય માટે પ્રસિદ્ધ દેલવાડાના જૈન મંદિરોના દર્શન પણ કરી શકાય છે. રાજસ્થાનના પ્રવાસ દરમિયાન પહાડો અને ઠંડા હવામાનનો અનુભવ લેવા માટે માઉન્ટ આબુ એક બેસ્ટ વિકલ્પ છે.

# તહેવારોમાં અસલી ઘી ખાવ છો કે કેમિકલ? 4 સરળ ઘરેલુ ટ્રિક્સથી પકડો નકલી ઘીની મિલાવટ!

તહેવારોની સિઝનમાં ઘરોમાં મીઠાઈઓ, હલવો, દાળમાં વઘાર અને વિવિધ વાનગીઓ બનાવવા માટે ઘીનો વપરાશ નોંધપાત્ર રીતે વધી જાય છે. ઘી વાનગીઓનો સ્વાદ વધારવાની સાથે શરીરને હેલ્ધી ફેટ્સ અને જરૂરી વિટામિન્સ પણ પૂરા પાડે છે. આયુર્વેદમાં પણ સ્વાસ્થ્ય અને સુંદરતા બંને માટે ઘીને અત્યંત ગુણકારી ગણાવવામાં આવ્યું છે. જોકે, બજારમાં તહેવારો ટાણે ઘીની ભારે માંગ રહેતી હોવાથી કેટલાક નફાખોરો નકલી કે ભેળસેળિયું ઘી વેચવા લાગે છે. સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે માટે અસલી અને નકલી ઘી વચ્ચેનો તફાવત પારખવો ખૂબ જરૂરી છે.શુદ્ધ ઘીને પારખવાનો સૌથી પહેલો રસ્તો તેનો કુદરતી રંગ અને વિશિષ્ટ સુગંધ છે. સામાન્ય રીતે અસલી ઘીનો રંગ હળવો પીળો, સોનેરી પીળો કે સહેજ સફેદ જેવો હોઈ શકે છે. દૂધના સ્ત્રોત (ગાય કે ભેંસ) મુજબ ઘીના રંગમાં થોડો ફેરફાર જોવા મળે છે. પરંતુ જો ઘીમાં અકુદરતી રીતે ખૂબ વધારે પડતો પીળો રંગ દેખાય, તો તેમાં આર્ટિફિશિયલ કલર કે ભેળસેળ હોવાની પૂરી શક્યતા રહે છે.શુદ્ધ ઘીની એક લાક્ષણિક અને મીઠી સુગંધ હોય છે, જેને સહેજ ગરમ કરવાથી સરળતાથી ઓળખી શકાય છે. જ્યારે હલકી ગુણવત્તાવાળા કે ભેળસેળિયા ઘીમાંથી વિચિત્ર કે તીખી વાસ આવે છે.ગરમ કરીને ઓગાળવાનો ટેસ્ટ: એક સ્વચ્છ વાસણમાં એક ચમચી ઘી લઈને તેને ધીમી આંચ પર હળવું ગરમ કરવું. ઘી કેટલી ઝડપે ઓગળે છે અને તેમાંથી કેવી સુગંધ આવે છે તેના પર ધ્યાન આપવું. શુદ્ધ ઘી કુદરતી રીતે ઝડપથી અને એકસમાન રીતે ઓગળી જાય છે અને તેમાંથી ઘીની સોડમ આવે છે. જો ઘી ઓગળવામાં અસામાન્ય લાગે અથવા બળતી વખતે વિચિત્ર ગંધ આવે, તો તે ભેળસેળિયું હોઈ શકે છે.ફ્રિજમાં મૂકીને ચકાસણી: થોડા ઘીને થોડા કલાકો માટે ફ્રિજમાં રાખી મૂકો. શુદ્ધ ઘીનું જામવું તેના કુદરતી ફેટી એસિડ પર આધાર રાખે છે. જો ફ્રિજમાં રાખ્યા બાદ ઘી પોતાનો રંગ બદલી નાખે, અલગ-અલગ સ્તરોમાં જામે કે તેની ઉપર અસામાન્ય ચીકાશ તરી આવે, તો તેમાં વનસ્પતિ તેલ કે અન્ય ફેટ્સની ભેળસેળ કરવામાં આવી હોઈ શકે છે.સ્ટાર્ચની ભેળસેળ પકડવા આયોડિન ટેસ્ટ: ઘીનું વજન અને જથ્થો વધારવા માટે ઘણીવાર તેમાં બાફેલા બટાકા કે સ્ટાર્ચની ભેળસેળ કરવામાં આવે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) પણ આ ભેળસેળ પકડવા માટે આયોડિન ટેસ્ટ કરવાની સલાહ આપે છે. આ માટે એક ચમચી ઘીમાં થોડું પાણી ઉમેરી તેને હળવું ગરમ કરી ઠંડુ પડવા દો. ત્યાર પછી તેમાં ટિંકચર આયોડિનના થોડાં ટીપાં નાખો. જો ઘીનો રંગ બદલાઈને વાદળી કે જાંબલી થઈ જાય, તો તેમાં સ્ટાર્ચની ભેળસેળ કરવામાં આવી છે તેની પુષ્ટિ થાય છે. પેકિંગવાળું ઘી ખરીદતી વખતે પેકેટ પર લખેલી સામગ્રીની યાદી ધ્યાનથી વાંચવી જેથી તેમાં કોઈ અન્ય તેલનું મિશ્રણ ન હોય. આ ઉપરાંત FSSAIનો માન્ય લાઈસન્સ નંબર, પેકેટનું સીલ અને 'બેસ્ટ બીફોર' કે એક્સપાયરી ડેટ અવશ્ય તપાસવી જોઈએ. જો તમે ખુલ્લું ઘી ખરીદી રહ્યા હોવ, તો ફક્ત જાણીતી, પ્રમાણિત અને વિશ્વાસપાત્ર ડેરી કે દુકાન પરથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો.

# "ઓ રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ રે.."



ભક્ત અને ભગવાન

- રુપાલી દવે

જયતિ તેડધિકં જન્મના વ્રજ: શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ।

ભલે આપણે શ્રીમદ ભાગવતજી માં વર્ણવેલ ગોપીગીત ને અનુરૂપ "ઓ રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ રે..". .લખ્યા અને ગાયા કરીએ છીએ પણ ભગવાન શ્રી કૃષ્ણ ની પ્રત્યેક લીલા પાછળ ગૂઢ ચિંતન અને રહસ્યો છુપાયેલા છે,કેમ? પૂર્ણ નૈષ્ઠિક બ્રહ્મચારી ભીષ્મ પિતામહ એ જીવનના અંતિમ સમયે ગોપીગીત નું સ્મરણ કરતા કર્યું હતું એનો મતલબ એ કે ગોપીઓ સાથેની શ્રી કૃષ્ણ ની રાસલીલા એ લૌકિક નહતી એ તાર્કિક હતી.ગોપીઓને "કા રાત્રિ?"નું વચન ભગવાન શ્રી કૃષ્ણ એ "રામ અવતાર" માં આપ્યું હતું. આનો અર્થ એ થયો કે ભગવાન શ્રી રામચંદ્રજી એ રામાવતાર માં આપેલ "કા રાત્રિ" નું વચન એ કૃષ્ણ જન્મ માં પૂર્ણ કર્યુ હતું. ચૌદ વર્ષના વનવાસ નું વચન માતા કૈકેયી ને આપીને ભગવાન શ્રી રામચંદ્ર પત્ની સીતાજી અને લક્ષ્મણ સાથે વન માં પધાર્યા ત્યારે વન માં વસ્તા તપસ્વી ઋષિ મુનિઓ સહિત લતા પતા વગેરે ને "શ્રી રામ" ના દર્શન થતા જ એમનામાં અનુરાગ થઈ ગયો હતો. ઋષિ ઓનાં ભાવ અને એના પ્રત્યેના અનુરાગ સમજતા જ પૂર્ણ પુરુષોતમ શ્રી રામ એ વનવાસી ઋષિઓને કૃષ્ણ અવતારમાં "રાસ રમવાનું" વચન આપ્યું હતું.આ કારણોસર કૃષ્ણ અવતાર માં શરદ પૂનમ ની રાત્રિ એ વનવાસી ઋષિ ઓ એ ગોપી સ્વરૂપ ધારણ કરીને "આત્મા અને આત્મીય પ્રિયા" સાથે વૃંદાવન ના વન માં મહારાસ રમ્યો હતો.એક એક ગોપી ની વચ્ચે કૃષ્ણ એ બિરાજી ને "મહારાસ" ના દર્શન નું પાન લતા પતા અને પશુ પક્ષીઓ શાંત ચિતે કર્યું હતું.

ભગવાન શ્રી કૃષ્ણ એ ગોપીઓ સાથે "મહારાસ" ખેલ્યો હતો એને પાંચ લાખ વર્ષ થી પણ વધારે થઈ ગયા છે છતાંય આજેપણ શરદ પૂનમ ની રાત્રે ચંદ્ર પૂર્ણ કલા એ ખીલી ને ચારે તરફ અજવાળા અને ઠંડક પ્રસરાવે છે. આનો અર્થ એ થાય કે વૃંદાવન ના વનમાં યમુનાજી ના તટ પર આજેપણ શરદ પૂનમ ની રાત્રિએ "મહારાસ" ખેલાય છે.આ "મહારાસ" ના દર્શન એ અંધ કૃષ્ણ ભક્ત સૂરદાસ જેવા ભક્તો જ કરી શકે છે. તાર્કિક દૃષ્ટિ એ મહારાસ વિશે વિચારીએ તો "આત્મા" એટલે ઈશ્વર અને શરીર એ ભૌતિક પદાર્થો થી બનેલ હાડમાંસ નું પૂતળું. જ્યારે મનુષ્ય ની ભક્તિ ગૂઢ બને છે ત્યારે હૃદય રૂપી વૃંદાવન ના દ્વાર ખુલતા મન રૂપી તટ પર આત્મા ને ઓળખી ને શરીર એના આત્મીય ઈશ્વર ના દર્શન માં લિન થઈને એની સાથે "મહારાસ" રમે છે. "રાધે બેઠી તિલક સવારે ખંજન નૈન નિહારે.." ગૂઢ ભક્તિ માં લિન થયેલ ભક્ત જ ઠાકોરજી ના દર્શન થતા જ "ખંજન નૈન" ની કલ્પના કરી શકે. સાચું તો છે ઠાકોરજી ના નૈન ખંજન પક્ષી કે નાવ ના આકાર ના છે એની દૃષ્ટિ સદાય શ્રી રાધાજી ને મય રહેતી હોય છે.

ભગવાન શ્રી કૃષ્ણ નો રાધાજી અને ગોપીઓ સાથે ના અતુટ પ્રેમ નું વર્ણન કરવું અશક્ય છે. એક પ્રસંગ અનુસાર જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ એના સ્વજન સબંધીઓ સાથે ગ્રહણ નિવારણ હેતુ કુરુક્ષેત્રે પધાર્યા ત્યારે એને મળવા વ્રજ ની ગોપીઓ અને રાધાજી સહિત નંદબાબા યશોદા જી સહિત વ્રજ જનો કુરુક્ષેત્ર પધાર્યા હતા.ભગવાન શ્રી કૃષ્ણ ની પટરાણીઓ ને "રાધા" નામ થી થોડી પરેશાની હતી કેમકે શ્રી કૃષ્ણ ના સ્મરણ માં રાધા નામ સદાય બિરાજતું હતું. રૂક્ષ્મણી વગેરે પટરાણીઓ ને "રાધાજી" દર્શન કરવાની જીજીવિષા વધારે હતી. જ્યારે પટરાણીઓ એ સેવકો દ્વારા સમાચાર "રાધા જી સહિત ગોપીઓ વગેરે વૃંદાવન થી પધાર્યા છે" સાંભળ્યું ત્યારે "રાધા પ્રેમ" ની પરીક્ષા કરવાનું વિચાર્યું. ભગવાન શ્રી કૃષ્ણ ની પટરાણીઓ ને મળવા રાધાજી સહિત ગોપીઓ કુટિર માં પ્રવેશી ત્યારે રૂપ ના ગુમાન માં ફરતી કૃષ્ણ પત્નીઓ "રાધાજી ના રૂપ" પર દૃષ્ટિ પડતા જ દંગ રહી ગઈ. કૃષ્ણ પત્નીઓ એ રાધાજી નું સ્વાગત કરતા ગરમા ગરમ ખીર આપતા એ પોતાના આરાધ્ય શ્રી કૃષ્ણ નું સ્મરણ કરતા કરતા ગરમા ગરમ ખીર આરોગી ગયા."પ્રેમ" એટલે સબંધ નહી પ્રેમ એટલે આત્મીય સંબંધ. રાધાજી એ આરોગેલ ગરમા ગરમ ખીર ને લીધે ભગવાન શ્રી કૃષ્ણ ની જીભ દાઝી જતા ફોલ્લા પડી ગયા હતા. ભગવાન ની જીભ દાઝી ગયેલની જીભ જોતાજ પટરાણીઓ સમજી ગઈ ભલે કૃષ્ણ પ્રત્યે ના રાધાજી ના આગધ પ્રેમના પારખા કર્યા હતા પણ ભક્ત ના પ્રેમ ના પારખા ની પરીક્ષા આપવા ભગવાન એ આપી હતી.

આજ સખી મેજો પ્રીતમ પાયો,ક્યાં નિરખું ક્યાં ટહેલ કરું મે..

ગોપીઓ નું મન અને ધ્યાન કૃષ્ણમય રહેતું હતું એટલે તો "મહારાસ" માં અચાનક ગોપીઓ ને "કૃષ્ણ માત્ર ને માત્ર અમારા જ છે એટલે તો અમે જેમ નચાવીએ એમ નાચ્યા કરે છે" નો મદ આવતા ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા હતા. ગોપીઓ એના આત્મા ને શોધવા પૂનમ ની રાત્રિ ના અજવાળે વન માં બધેય ફરી પણ જ્યારે શ્રી કૃષ્ણ ક્યાંય ન મળ્યા ત્યારે પોતાનો અપરાધ"હું" યાદ આવતા જ શ્રી કૃષ્ણ ની ક્ષમા માંગી હતી. ભગવાન ને મનુષ્ય નો "હું" પસંદ નથી એટલે જ ગીતાજી માં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે સાચા ભક્ત ની ભક્તિ ના દર્શન કરવા હોય તો ભક્ત એ "ગોપી" બનવુ પડશે. એકવાર મથુરા ના રાજ મહેલ ના પટાંગણ માં ચાલતા ચાલતા ભગવાન શ્રી કૃષ્ણ ને પગ માં કાંટો વાગ્યો અને અસહ્ય પીડા થતી હતી. વૈદ્ય રાજ એ પીડા ઓછી થાય એટલે નિત નવીન ઉપાયો કર્યા તોય ભગવાન ના પગ ની પીડા ઘટવા ને બદલે વધી ગઈ. અંતે વૈદ્ય રાજ એ ટુચકો અચમાવવા કીધું કે જેને ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યે અથાગ પ્રેમ હોય એના પગની રજ જો ઘાવ પર લગાડીએ તો દુખાવવા માંથી તાત્કાલિક રાહત થશે. મંત્રીઓ પ્રથમ ભગવાન શ્રી કૃષ્ણ ની ૧૬૧૦૮ રાણીઓ પાસે જઈને ભગવાન ની પીડા ઓછી થાય અને એનો ઈલાજ માટે પગની રજ માંગી. રાણીઓ એ મંત્રીઓ ને કીધું કે ક્યાં એ ચૌદ લોક ના નાથ અને ક્યાં અમ સામન્ય રાજા ઓની કુવરીઓ? અરે!!એના પગ તો મસ્તકે ચડાવી ને પુજવા લાયક છે તો પગની રજ ક્યાંથી આપીએ.

જ્યારે ઉદ્ધવજી એ વૃંદાવન માં આવી ને ભગવાન શ્રી કૃષ્ણ ની પીડા વિશે જણાવ્યું ત્યારે ગોપીઓ નું મન દર્દ માં દ્રવી ઊઠતા ઉદ્ધવ ને કીધું કે શ્રી કૃષ્ણ ના પગ માં ખુપેલ કાંટા ની પીડા દૂર થાય એ માટે બધું કરશું. જ્યારે ઉદ્ધવજી એ ગોપીઓ ની પાસેથી પગ રજ માંગી ત્યારે ગોપીઓ એ પળ નો પણ વિચાર કર્યા વગર એની પગરાજ કાઢી ને ઉદ્ધવજી ને આપી દીધી. ગોપીઓને મન "કૃષ્ણ" ભગવાન કે ઈશ્વર કરતા પણ વધારે "આત્મીય પ્રેમ" છે એટલે જ સત્તત કૃષ્ણ સુખ નું વિચર્યા કરતી હતી.જો તમે કૃષ્ણ ભક્ત છો તો તમને શરદ પૂનમ ની રાત્રિ ના પૂર્ણકળા એ ખીલેલા ચંદ્રમાં ની આસપાસ દેખતા વલય ની અંદર "મહારાસ" ના દર્શન અચૂક થશે.

शरदुदाशये साधुजातस-
त्सरसिजोदरश्रीमुषा दृशा ।
सुरतनाथ तेऽशुल्कदासिका
वरद निघ्नतो नेह किं वधः



### બે મોટા પ્રોજેક્ટ બંધ થયા તો એક્ટિંગ છોડવાનું મન બનાવી લીધું

# 'તને તો કોઈ હીરોઈન તરીકે નહીં લે'

## વામિકા ગબ્બીને લીડ રોલ મેળવવા પાપડ વણવા પડ્યાં

મુંબઈ | એક સમય હતો જ્યારે વામિકા ગબ્બીને લાગતું હતું કે કદાચ તે એક્ટિંગ માટે બની જ નથી. સતત નકાર મળતો હતો અને સારા રોલ પણ મળતા નહોતા. મુંબઈમાં લગભગ 6-7 વર્ષ વિતાવ્યા પછી પણ તેની કારકિર્દી તે મુકામ સુધી પહોંચી નહોતી, જેનું તેણે સપનું જોયું હતું.એક ફિલ્મની શૂટિંગ દરમિયાન તેને કહેવામાં આવ્યું કે, 'પોતાની કળા પર કામ કર, કારણ કે તને કોઈ હિરોઈન તરીકે કાસ્ટ નહીં કરે.' આ દરમિયાન OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સની બે સિરીઝ- 'બાહુબલી: બિફોર ધ બિગિનિંગ' અને 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન'- સાથે જોડાવાની તક મળી, પરંતુ બંને પ્રોજેક્ટ પડદા સુધી પહોંચી શક્યા નહીં. જોકે, એક અધૂરી સિરીઝે તેની કારકિર્દીની દિશા બદલી નાખી.વિશાલ ભારદ્વાજના વર્કશોપે તેને એક્ટિંગનો નવો દૃષ્ટિકોણ આપ્યો, જ્યારે વિક્રમાદિત્ય મોટવાણીની 'જુબિલી'થી તેને હિન્દી દર્શકોમાં ઓળખ મળી. આજે વામિકા મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો અને ઓટીટી પ્રોજેક્ટ્સમાં જોવા મળી રહી છે.વામિકા ગબ્બીનો જન્મ 29 સપ્ટેમ્બર 1993ના રોજ ચંદીગઢમાં થયો હતો. તેના પિતા ગોવર્ધન ગબ્બી પંજાબી લેખક છે. સાહિત્ય અને કળાના વાતાવરણમાં ઉછરેલી વામિકાને બાળપણથી જ એક્ટિંગમાં રસ હતો. તેના પિતા મજાકમાં તેને નાટકબાજ કહેતા હતા.2007માં રિલીઝ થયેલી ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'જબ વી મેટ' વામિકાની કરિયરની શરૂઆતની ફિલ્મોમાં સામેલ હતી. ફિલ્મમાં શાહિદ કપૂર અને કરીના કપૂર મુખ્ય ભૂમિકામાં હતાં. વામિકાએ કરીનાના પાત્ર ગીતની કઝિનનો નાનકડો રોલ ભજવ્યો હતો.'સિનેમા એક્સપ્રેસ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં વામિકાએ જણાવ્યું હતું કે, 'જબ વી મેટ'ના શૂટિંગ દરમિયાન તે આઠમા ધોરણમાં હતી. ફિલ્મના ડિરેક્ટર ઈમ્તિયાઝ અલી આજે પણ તેને 'છોટી વાલી' કહીને બોલાવે છે. તેણે જણાવ્યું કે ઈમ્તિયાઝે 'જુબિલી' જોયા બાદ તેની એક્ટિંગના વખાણ કર્યા, તો તે તેના માટે અત્યંત ખાસ ક્ષણ હતી.પહેલી ફિલ્મમાં નાની ભૂમિકા મળ્યા બાદ વામિકાએ એક્ટિંગ ચાલુ રાખી. તે 'લવ આજ કલ' (2009), 'મૌસમ' (2011) અને 'બિટ્ટુ બોસ' (2012)માં જોવા મળી. જોકે, આ ફિલ્મોથી તેને કારકિર્દીને નવી ઊંચાઈ આપનારી ઓળખ મળી નહીં.'તને કોઈ હિરોઈન તરીકે પસંદ નહીં કરે', નાની ઉંમરે સાંભળવી પડી હતી આ વાતવામિકાની કારકિર્દીના શરૂઆતના સમયનો એક પ્રસંગ તેના સંઘર્ષને દર્શાવે છે. એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું હતું કે તેની શરૂઆતની ફિલ્મોમાંથી એકના શૂટિંગ દરમિયાન તેની ઉંમર લગભગ 16-17 વર્ષની હતી. આખી ટીમ ડિનર માટે બેઠી હતી. ત્યારે એક વ્યક્તિ તેની પાસે આવ્યો અને કહ્યું- 'તમારી કળા પર કામ કરો, સારી એક્ટ્રેસ બનજો, કારણ કે તમને કોઈ હિરોઈન તરીકે પસંદ તો કરશે નહીં.'નાની ઉંમરે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ મૂકનાર કોઈપણ કલાકાર માટે ભવિષ્યને લઈને આવી ટિપ્પણી સાંભળવી સરળ નથી હોતી.વામિકાની કહાની આવા નિવેદનો સુધી મર્યાદિત નથી. કારકિર્દીમાં ઘણી વખત તેને પોતાના કામ પર ફરીથી વિચાર કરવો પડ્યો. ક્યારેક યોગ્ય ભૂમિકાઓ ન મળી, તો ક્યારેક સારા પ્રોજેક્ટ્સ બનતા પહેલાં જ બંધ થઈ ગયા. ઘણી વખત તેને લાગ્યું કે કદાચ તે યોગ્ય દિશામાં આગળ વધી રહી નથી. હિન્દી ફિલ્મોમાં શરૂઆતના કામ પછી વામિકાએ પંજાબી સિનેમામાં સ્થાન બનાવવાનો પ્રયાસ કર્યો. 2013માં રિલીઝ થયેલી પંજાબી ફિલ્મ 'તૂ મેરા 22 મેં તેરા 22'માં તે જોવા મળી હતી. ફિલ્મમાં તેની સાથે અમરિંદર ગિલ અને યો યો હની સિંહ હતા. ત્યાર બાદ તેણે પંજાબી ફિલ્મોમાં સતત કામ કર્યું.વામિકાએ 'ઈશ્ક બ્રાન્ડી', 'નિકા જૈલદાર 2' અને અન્ય પંજાબી ફિલ્મોથી દર્શકોમાં પોતાની ઓળખ મજબૂત કરી. તેણે તમિલ, તેલુગુ અને મલયાલમ સિનેમામાં પણ કામ કર્યું. તમિલ ફિલ્મ 'મલૈ નેરથુ મયક્કમ' અને મલયાલમ ફિલ્મ 'ગોધા' તેના પ્રાદેશિક સિનેમાના સફરની મહત્વપૂર્ણ ફિલ્મો છે.જુદી જુદી ભાષાઓની ફિલ્મોમાં કામ કરવાથી વામિકાને અનેક પ્રકારની ભૂમિકાઓ ભજવવાનો અનુભવ મળ્યો. જોકે, ઘણા વર્ષો સુધી કામ કર્યા બાદ પણ હિન્દી સિનેમામાં તેને ઈચ્છિત ઓળખ મળી નહોતી.



# 'અમે હિંદુ છીએ, અમારી પાસે છૂટાછેડા શબ્દ નથી'

## લગ્નજીવનમાં ડ્રામા વચ્ચે ગોવિંદાએ મૌન તોડ્યું, અફેરની ચર્ચાઓ પર આપ્યો રમૂજી જવાબ

મુંબઈ | એક્ટર ગોવિંદાએ પત્ની સુનીતા આહુજાએ છૂટાછેડાની અરજી પાછી ખેંચવા સંબંધિત પ્રશ્ન પર પહેલીવાર જાહેરમાં પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે, 'અમે હિંદુ છીએ અને અમારે ત્યાં છૂટાછેડા શબ્દ જ નથી.' ઉલ્લેખનીય છે કે, ગોવિંદા છેલ્લા ઘણા દિવસોથી પોતાના અંગત જીવન અને પત્ની સુનીતા આહુજા સાથેના સંબંધોને લઈને ચર્ચામાં છે. જોકે, તેણે ઘણા પ્રશ્નોના સીધા જવાબ આપવાને બદલે ઈશારામાં પોતાની વાત કહી. ગોવિંદાએ સ્પષ્ટ કર્યું કે, તે કોઈને જાહેરમાં શરમજનક સ્થિતિમાં મૂકવા માંગતો નથી. તેનું કહેવું છે કે, જીવનમાં ઘણી વાર એવી પરિસ્થિતિઓ સર્જાય છે, જ્યારે વ્યક્તિએ પોતાના સંબંધો અને સંજોગોને સમજતાં ધીરજ રાખવી પડે છે.ઈન્ટરવ્યૂ દરમિયાન ગોવિંદાને પૂછવામાં આવ્યું કે, સુનીતા આહુજા પહેલાં કહેતાં હતાં કે જો તેમના પતિના ચાર-પાંચ અફેર વધુ હોત તો સારું હોત, પરંતુ હવે તે તમારા પર ગંભીર આરોપો શા માટે લગાવી રહી છે? આ પ્રશ્નના જવાબમાં ગોવિંદાએ કહ્યું કે, તે આ મામલે કેટલીક વાતો ગુપ્ત રીતે કહેવા માગે છે, પરંતુ સંપૂર્ણ ખુલાસો કરશે નહીં. તેનું કારણ જણાવતાં તેણે કહ્યું કે, તેનો સ્વભાવ એવો છે કે તે જીવનના મંચનો પડદો એટલી હદ સુધી ઉઠાવતો નથી, જ્યાં કોઈ વ્યક્તિને શરમજનક સ્થિતિનો સામનો કરવો પડે અથવા સમાજ સામે તેના માટે મુશ્કેલીઓ ઊભી થઈ જાય.વાતચીત દરમિયાન ગોવિંદા અને સુનીતાના સંબંધોની કાનૂની સ્થિતિ અંગે પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો. ઈન્ટરવ્યૂમાં સુનીતા તરફથી છૂટાછેડાની અરજી પાછી ખેંચી લેવામાં આવી હોવાનો ઉલ્લેખ થયો અને ગોવિંદાને પૂછવામાં આવ્યું કે, શું આવું કોઈ દબાણને કારણે થયું હતું કે પછી પરસ્પર સંમતિથી?આ પ્રશ્ન પર ગોવિંદાએ સીધી રીતે સમગ્ર ઘટનાની વિગતો આપી નહોતી. તેણે કહ્યું, 'ના-ના, અમે હિંદુ માણસ છીએ અને અમારી પાસે છૂટાછેડા જેવો શબ્દ નથી. બધી વ્યવસ્થાઓ અમારી અંદર જ છે.'ઈન્ટરવ્યૂ દરમિયાન જ્યારે તેને પૂછવામાં આવ્યું કે સુનીતાજી કહે છે કે ગોવિંદા કોઈના રૂપ-સૌંદર્યમાં એટલા ખોવાઈ ગયા છે કે તેમને પોતાનું ઘર-પરિવાર પણ દેખાતું નથી? ત્યારે ગોવિંદાએ હસતાં-હસતાં પોતાના અંદાજમાં જવાબ આપ્યો.

# સલમાનની 'માતૃભૂમિ'ને રક્ષા મંત્રાલયની મંજૂરી નહીં

## બીજી સ્ક્રીનિંગ બાદ પણ NOC ન મળ્યું, સેન્સર સર્ટિફિકેટ અને રિલીઝ ડેટ પર સસ્પેન્સ યથાવત



મુંબઈ | સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ: મે વૉર રેસ્ટ ઈન પીસ'ની રિલીઝ પર સંકટ યથાવત્ છે. ઑક્ટોબરની શરૂઆતમાં રક્ષા મંત્રાલય માટે ફિલ્મનું બીજી વખત સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ હજુ સુધી નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) મળ્યું નથી. તેના વિના નિર્માતાઓ સેન્સર બોર્ડ પાસેથી પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા આગળ વધારી શકતા નથી. ફિલ્મની રિલીઝ ડેટને લઈને પણ અસમંજસ યથાવત્ છે.ફિલ્મ અગાઉ 'બેટલ ઑફ ગલવાન' નામથી બનાવવામાં આવી રહી હતી. તેની વાર્તા 2020માં ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલા સંઘર્ષ પર આધારિત છે. અહેવાલ મુજબ, રક્ષા મંત્રાલયના સૂચનો બાદ ફિલ્મના કેટલાક ભાગોનું ફરીથી શૂટિંગ કરવામાં આવ્યું અને સુધારેલા સંસ્કરણ (વર્ઝન)નું સ્ક્રીનિંગ કરાવવામાં આવ્યું. તેમ છતાં અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે.મિડ-ડેના અહેવાલ મુજબ, પ્રથમ સ્ક્રીનિંગમાં સંરક્ષણ મંત્રાલયે કેટલાક ફેરફારો સૂચવ્યા હતા. ત્યાર બાદ ફિલ્મની ટીમે સૂચનોના આધારે કેટલાક દૃશ્યોનું ફરીથી શૂટિંગ કર્યું અને વાર્તાની રજૂઆતમાં પણ ફેરફારો કર્યા. ઓક્ટોબરની શરૂઆતમાં ફિલ્મનું સુધારેલું સંસ્કરણ મંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવ્યું. આ સ્ક્રીનિંગમાં સલમાન ખાન, ડિરેક્ટર અપૂર્વ લાખિયા અને તેમની ટીમ સામેલ હતી. જોકે, બીજી સ્ક્રીનિંગ બાદ પણ નિર્માતાઓને મંત્રાલયની અંતિમ મંજૂરી મળી નથી.આ ઘટનાક્રમથી ફિલ્મની રિલીઝ યોજના પ્રભાવિત થઈ શકે છે. નિર્માતાઓ માટે હાલ જરૂરી છે કે સંરક્ષણ મંત્રાલય પાસેથી NOC મળી જાય, જેથી આગળની ઔપચારિકતાઓ પૂર્ણ થઈ શકે.સલમાન ખાનની આ ફિલ્મની જાહેરાત 'બેટલ ઓફ ગલવાન' નામથી કરવામાં આવી હતી. ફિલ્મની વાર્તા 2020માં લદ્દાખની ગલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલા સંઘર્ષથી પ્રેરિત છે. તે દરમિયાન બંને દેશોના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી.ફિલ્મમાં સલમાન ખાન ભારતીય સેનાના એક અધિકારીની ભૂમિકા ભજવી રહ્યો છે. આ પ્રોજેક્ટને લઈને શરૂઆતથી જ ઉત્સુકતા રહી છે, કારણ કે લાંબા સમય બાદ સલમાન ભારતીય સેના અને સરહદ પર થયેલા સંઘર્ષ સાથે જોડાયેલી વાર્તામાં જોવા મળવાનો છે.પછી ફિલ્મનું નામ બદલીને 'માતૃભૂમિ: મે વૉર રેસ્ટ ઈન પીસ' કરી દેવામાં આવ્યું. ત્યારબાદ ફિલ્મની વાર્તા અને રજૂઆતને લઈને પણ ચર્ચાઓ થઈ. જોકે, નામ બદલવાનું સંપૂર્ણ કારણ અને ફિલ્મમાં કરવામાં આવેલા ફેરફારો અંગે મેકર્સ તરફથી વિસ્તૃત સત્તાવાર માહિતી સામે આવી નથી.અહેવાલ અનુસાર, સંરક્ષણ મંત્રાલયના સૂચનો બાદ ફિલ્મના કેટલાક ભાગોનું ફરીથી શૂટિંગ કરવામાં આવ્યું. ત્યારબાદ સુધારેલી ફિલ્મનું બીજી વખત સ્ક્રીનિંગ કરવામાં આવ્યું. જોકે, અહેવાલમાં મંત્રાલયના તમામ સૂચનોની વિગતવાર માહિતી સામે આવી નથી.સેના અને વાસ્તવિક સૈન્ય ઘટનાઓ પર આધારિત ફિલ્મોમાં તથ્યો અને તેમના ચિત્રણને લઈને વિશેષ સાવચેતી રાખવામાં આવે છે. 'માતૃભૂમિ' માટે પણ મંત્રાલયની મંજૂરી આગળની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ છે.હાલમાં એ સ્પષ્ટ નથી કે મંત્રાલય ફિલ્મમાં વધુ ફેરફારો કરવા કહેશે કે વર્તમાન આવૃત્તિને મંજૂરી આપશે. સત્તાવાર માહિતી સામે ન આવે ત્યાં સુધી મંજૂરી અંગેની સ્થિતિ સ્પષ્ટ થશે નહીં.

# 'અમારા ઘર પર ગોળીઓ ચાલી રહી છે':રોહિત શેટ્ટીએ 'બિગ બોસ 20'ના કન્ટેસ્ટન્ટ્સનો ઉધડો લીધો

## 'શું ગેંગસ્ટર બનીને ફરો છો, દસમાના વિદ્યાર્થી જેવા લાગો છો'

મુંબઈ |'બિગ બોસ 20'ના તાજેતરના 'વીકએન્ડ કા વાર' એપિસોડમાં રોહિત શેટ્ટીએ પોતાના ઘરે થયેલા ગોળીબારનો ઉલ્લેખ કર્યો. રેપર યંગ DSA (દિવ્યાંશુ શર્મા) સાથે વાત કરતા તેમણે કહ્યું, 'અમારા ઘરો પર ગોળીઓ ચાલી રહી છે.'સલમાન ખાન પહેલેથી નક્કી કરેલા કામોને કારણે એપિસોડમાં હાજર નહોતો. તેની જગ્યાએ રોહિત શેટ્ટીએ શો હોસ્ટ કર્યો અને આસિફ ખાન, સ્કાઉટ OP તથા યંગ DSAને રિયાલિટી ચેક આપ્યો.શો દરમિયાન જ્યારે કન્ટેસ્ટન્ટ્સ યંગ DSA, સ્કાઉટ OP અને આસિફ ખાને એક ગ્રુપ બનાવીને કાઝી તૌકીરને હેરાન કરી રહ્યા હતા અને આક્રમક વર્તન કરી રહ્યા હતા, ત્યારે રોહિત શેટ્ટીએ ત્રણેયને ઠપકો આપ્યો.રોહિતે આસિફ ખાનને તેના આક્રમક વર્તન માટે ઠપકો આપ્યો. તેમણે સ્કાઉટ OPને અરીશ્ફા ખાનનો પગ પકડીને ઢસડવા બદલ પણ ઠપકો આપ્યો.રોહિતે આસિફને કહ્યું, 'જો શોમાં કાઝી નહીં હોય, તો ચર્ચા માટે કોઈ મુદ્દો નહીં રહે. હું શો જોઈ રહ્યો છું અને અહીં આવ્યો છું.'તેમણે કહ્યું, 'નોમિનેશન ટાસ્ક દરમિયાન તમારી અને કાઝીની દલીલ થઈ હતી. કાઝીએ તરત જ માફી માંગી હતી.'રોહિતના જણાવ્યા મુજબ,



એવું લાગ્યું કે આસિફ અને તેના સાથીઓ કાઝીને ઉશ્કેરી રહ્યા હતા. તેઓ ઈચ્છતા હતા કે કાઝી હાથ ઉઠાવે અને શોમાંથી બહાર થઈ જાય.તેમણે આસિફને કહ્યું, 'તમે ખૂબ આક્રમક થઈ જાઓ છો. તમને જોવું ડરામણું લાગે છે. તમે કાઝીને લગભગ હેડબટ કરી દીધો હતો.'યંગ DSAને પ્રતિસાદ આપતાં રોહિતે કહ્યું કે, તેમનું એકલા રમવું સારી વાત છે. તેમણે યંગને પોતાની ક્ષમતા બતાવવા અને એકલા રમવાની સલાહ આપી. રોહિતે કહ્યું, 'આ શો તમને ઘણું બધું આપે છે. તેથી યંગ, એકલા રમવાનું શરૂ કરો. તમારામાં ક્ષમતા છે.'તેમણે કહ્યું, 'મેં ઘણી વાર જોયું છે કે તમે લોકો ગેંગસ્ટરની જેમ ફરો છો, પરંતુ તમે કોઈ ગેંગમાં રહેતા નથી.'ડિરેક્ટરે કહ્યું કે, 'અમારા શોના હોસ્ટ (સલમાન) 60 વર્ષના છે. થોડા અઠવાડિયા પહેલાં ટી-શર્ટ ઉતારીને આખા ઈન્ટરનેટને હચમચાવી દીધું હતું. તમારી સામે જે ઊભો છે (રોહિત શેટ્ટી), તે 52 વર્ષનો છે. રોહિતે યંગ DSA, સ્કાઉટ OP અને આસિફ ખાનને કહ્યું, 'તમે પોતાને ગેંગસ્ટર માનો છો, પરંતુ દસમા ધોરણના વિદ્યાર્થીઓ જેવા દેખાઓ છો.'

# 'ગુલાબી ક્વીન' જાસ્મીન સેન્ડલસે પિંક સિટીને ઝૂમાવ્યું

## બાંધણીના ડ્રેસમાં સિંગરનું 'ધુરંધર' પરફોર્મન્સ, 'કેસરિયા બાલમ' સહિતના ગીતો પર ધમાકેદાર ડાન્સ કર્યો

મુંબઈ | પંજાબી સંગીતની દુનિયામાં 'ગુલાબી ક્વીન' તરીકે જાણીતી 'ધુરંધર' ફેમ સિંગર જાસ્મીન સૅન્ડલાસે જયપુરમાં લાઈવ પરફોર્મન્સથી સમા બાંધી દીધો. સિંગરે ફિલ્મ 'કિક'નું સૉન્ગ 'યાર ના મિલે', 'ઈશ્ક દા સૂટા', 'રાત જશ્ન દી', 'બંબ જટ્ટ', 'મીઠી મીઠી', 'તરશ', 'ધુરંધર' ટાઈટલ ટ્રેક અને 'શરારત' જેવા સૉન્ગ સંભળાવ્યા. આ દરમિયાન કૉન્સર્ટમાં ઑડિયન્સ વચ્ચે હાજર જાસ્મીનની માતા પોતાની દીકરીને મંચ પર પરફોર્મ કરતી જોઈને ખુદને થિરકવાથી રોકી શક્યાં નહીં.જયપુરમાં પરફોર્મન્સ દરમિયાન જાસ્મીને રાજસ્થાનની સાંસ્કૃતિક ઓળખ સાથે પણ જોડાણ દર્શાવ્યું. તેણે પરંપરાગત રાજસ્થાની લોકગીત 'કેસરિયા બાલમ'ને આકર્ષક અંદાજમાં રજૂ કર્યું. પરંપરાગત અંદાજવાળા બંધેજ ડ્રેસમાં સજ્જ જાસ્મીને પોતાના લુક અને સ્ટેજ પ્રેઝન્સથી પણ સૌનું ધ્યાન ખેંચ્યું.સીતાપુરા સ્થિત જેઈસીસીમાં આયોજિત કોન્સર્ટમાં શનિવારે જાસ્મીને પોતાના સુપરહિટ ગીતો સાથે આલ્બમના ગીતો પણ રજૂ કર્યા. તેના ગીતો અને ડાન્સથી દર્શકો શરૂઆતથી લઈને અંતિમ ક્ષણો સુધી ઝૂમતા રહ્યા. જેમ જેમ તેના લોકપ્રિય ગીતોની ધૂન ગુંજતી ગઈ, તેમ તેમ ઓડિયન્સ પણ તાળીઓ, હૂટિંગ અને ડાન્સ સાથે તેમનો ઉત્સાહ વધારતી જોવા મળી. જાસ્મીનના પરફોર્મન્સમાં તેના પહેરવેશ અને મંચ પરની હાજરી પણ ખાસ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. બાંધણીના પોશાકમાં જોવા મળેલી સિંગરે પોતાના લુકને પંજાબી સંગીતની ઊર્જા અને અંદાજ સાથે રજૂ કર્યો. ગીત દરમિયાન તેનો સતત ડાન્સ કરવો અને દર્શકોને પોતાની સાથે ઝૂમવા માટે પ્રેરિત કરવું કોન્સર્ટની ખાસિયત રહ્યું. જાસ્મીને પોતાના લોકપ્રિય ગીતોને સંપૂર્ણ ઉત્સાહ સાથે રજૂ કર્યા.કોન્સર્ટ દરમિયાન એક પ્રશંસકે જાસ્મીનને ખાસ ભેટ આપી. એક પ્રશંસકે તેનું લાઈવ સ્કેચ તૈયાર કરીને તેને ભેટ આપ્યું. આ કલાકૃતિ જોઈને જાસ્મીને સ્કેચને ગળે લગાવ્યું અને તેમાં ગાડી ચલાવતા દેખાતા વ્યક્તિને 'ચૌધરીજી' કહીને સંબોધ્યો.



# હનુમાનજી પ્રત્યેની આસ્થા અને ભક્તિની વાર્તા:'કિંગ ઓફ સાળંગપુર'નું ટીઝર રિલીઝ

## કનોડિયા પરિવારની ત્રીજી પેઢીનું 'ઘનઘોર'થી ગુજરાતી સિનેમામાં ડેબ્યૂ




મુંબઈ | ગુજરાતી સિનેમામાં હાલ અવનવા વિષયો પર ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ખાસ કરીને ધાર્મિક મહત્ત્વવાળી ફિલ્મોનું ચલણ વધ્યું છે. ત્યારે ગુજરાતીઓની આસ્થા સાથે જોડાયેલા સાળંગપુરના શ્રી કષ્ટભંજન દેવના દિવ્ય વારસાને મોટા પડદે લાવવા 'કિંગ ઓફ સાળંગપુર' તૈયાર છે. તાજેતરમાં ફિલ્મનું ટીઝર લોન્ચ કરવામાં આવ્યું છે. ફિલ્મ 27 નવેમ્બર 2026ના રોજ થિયેટરમાં રિલીઝ થશે.ટીઝરમાં પરિસ્થિતિઓથી હારેલા ત્રણ મિત્રો કષ્ટભંજન દેવના દર્શન માટે જતા જોવા મળે છે. તેમના એક મિત્રએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે, જે હોસ્પિટલમાં દાખલ છે અને મરણપથારીએ છે. પરિવારની આર્થિક સ્થિતિ પણ જવાબ દઈ ચૂકી છે. ત્યારે તેમને હનુમાનજી પ્રત્યેની આસ્થા સાળંગપુર તરફ ખેંચી જાય છે. ટીઝરમાં સાળંગપુર મંદિરનો ઈતિહાસ, આસ્થા અને વારસાને દર્શાવવામાં આવ્યું છે.આ સાથે જ ફિલ્મનું પોસ્ટર પણ રિવીલ કરવામાં આવ્યું છે. તેમાં સાળંગપુર મંદિરની ભવ્યતા અને આકાશમાં વાદળો વચ્ચેથી આશીર્વાદ આપતા હનુમાન દાદાની ભવ્ય આકૃતિ દર્શાવવામાં આવી છે. પોસ્ટર પર હનુમાન ચાલિસાની ચોપાઈ 'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના' લખવામાં આવી છે.ઝી સ્ટુડિયોઝ અને વામિકા પ્રોડક્શન દ્વારા પ્રસ્તુત 'કિંગ ઓફ સાળંગપુર'માં આકાશ પંડ્યા, આરજે સલોની, ભૂષણ ભટ્ટ, ભાવિન, મયૂર કુમાર, સાગર પંચાલ સહિતના કલાકારો મહત્ત્વની ભૂમિકામાં છે. ફિલ્મનું ડિરેક્શન પ્રશાંત દેશાવલે કર્યું છે. જ્યારે ધ્રુવ દેશાવલ, અમિત સંતોકી, ચેતન થુમ્મર અને આનંદ અઘારા પ્રોડ્યુસર છે. ફિલ્મને ઓએમજી પિક્ચર્સ વિદેશમાં રિલીઝ કરશે.એક તરફ હનુમાનજીની શક્તિનો અનુભવ કરાવતી ફિલ્મ 'કિંગ ઓફ સાળંગપુર' આવી રહી છે, તો બીજી તરફ હોરર અને સસ્પેન્સથી ભરપુર 'ઘનઘોર' પણ દસ્તક આપી રહી છે. આ ફિલ્મથી ગુજરાતી સિનેમામાં અમૂલ્ય યોગદાન આપનાર કનોડિયા પરિવારની ત્રીજી પેઢી ડેબ્યૂ કરી રહી છે.ગુજરાતી સિનેમાના સુપરસ્ટાર અને દિવંગત એક્ટર નરેશ કનોડિયાના પૌત્ર અને હિતુ કનોડિયાનો દીકરો રાજવીર 'ઘનઘોર'થી ડેબ્યૂ કરી રહ્યો છે. ફિલ્મનું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. તેમાં રાતના રહસ્યમય વાતાવરણ વચ્ચે એક વિશાળ વડનું ઝાડ દેખાઈ રહ્યું છે. તેના થડ પર નાળાછડી વિંટળાયેલી છે, જેના પર ઘંટડીઓ લટકી રહી છે. થડ પર એક ફાનસ લટકી રહી છે, જેની નીચે કાળા રંગનો મોટો માટીનો ઘડો મૂકેલો છે.ઘડા પર એક આકૃતિ દોરેલી છે, સાથે શ્રીફળ, ફૂલ અને અગરબત્તી પ્રગટેલી છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# આદિત્ય વિશ્વ બોક્સિંગ મેડલ પાક્કો થતાં ઈતિહાસ રચાયો

● યુવા બોક્સિંગ ચેમ્પિયનશિપ ઈતિહાસ રચાયો, ભારતીય બોક્સરો સેમિફાઈનલ પ્રવેશી જીત



(એજન્સી) બુડવા । તા. 25

વિશ્વ રમતગમત મંચ પર ભારત દેશના યુવા ખેલાડીઓએ ફરી એકવાર પોતાનો અજોડ દબદબો સાબિત કરીને સમગ્ર દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવન્વિત કર્યું છે. મોન્ટેનેગ્રોના સુંદર શહેર બુડવા ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત વર્ષ 2026ની વર્લ્ડ બોક્સિંગ અંડર-19 ચેમ્પિયનશિપમાં ભારતીય મુક્કાબાજ આદિત્યએ પોતાની શાનદાર રમત અને કૌશલ્યના જોરે દેશ માટે મેડલ પાક્કો કરી લીધો છે. 55 કિલોગ્રામ પુરુષ વર્ગની ક્વાર્ટર ફાઈનલ મેચમાં ઈટાલીના શક્તિશાળી બોક્સરને એકતરફી મુકાબલામાં 5:0 ના અંતરથી ધૂળ ચાટતી કરીને આદિત્ય સેમિફાઈનલમાં પ્રવેશનારો પ્રથમ ભારતીય પુરુષ બોક્સર બન્યો છે. આ ઐતિહાસિક સફળતા સાથે જ ભારત માટે આ ચેમ્પિયનશિપમાં ત્રીજો સત્તાવાર મેડલ નિશ્ચિત થઈ ગયો છે, જેનાથી સમગ્ર ભારતીય રમતગમત જગતમાં અનેક ગણો ઉત્સાહ ફેલાઈ ગયો છે.

સૂત્રો દ્વારા મળતી સચોટ વિગતો અનુસાર, ક્વાર્ટર ફાઈનલના આ રોમાંચક મુકાબલામાં ભારતના યુવા પંચિંગ કિંગ આદિત્યએ શરૂઆતથી જ પોતાની આક્રમક રમત વડે ઈટાલીના ટોમાસો ઓર્લાન્ડો પર સંપૂર્ણ આપત્ય જમાવી દીધું હતું. પોતાના સચોટ પંચ અને ચપળ ડિફેન્સના કારણે આદિત્યએ પાંચેય જજોના નિર્ણય પોતાની તરફેણમાં મેળવીને 5:0 ના માર્જિનથી એકતરફી વિજય મેળવ્યો હતો.

આ ભવ્ય જીત બાદ હવે આગામી સેમિફાઈનલમાં સ્થાન મેળવનાર આદિત્યનો સામનો અઝરબૈજાન દેશના કડક પ્રતિસ્પર્ધી બોક્સર નિહાત ગેસિમોવ સામે થશે. ફાઈનલમાં પ્રવેશવા માટે આ બંને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ વચ્ચે ખૂબ જ રસાકસીભરી ટક્કર જોવા મળશે તે નક્કી છે. જો આદિત્ય આ મેચ પણ જીતી લેશે તો તે દેશ માટે ગોલ્ડ કે સિલ્વર મેડલ જીતવાની દિશામાં વધુ એક મોટું કદમ આગળ વધારશે.

## આરસીબી પ્રદર્શન સરખામણીથી ચર્ચા

# ધોની IPL નિર્ણય અટકળો પર મૌન તોડી ધડાકો કર્યો



(એજન્સી) બેંગલુરુ । તા. 25

ભારતીય ક્રિકેટ જગતના સૌથી સફળ પૂર્વ કેપ્ટન અને ચેન્નઈ સુપર કિંગ્સના અનુભવી ખેલાડી મહેન્દ્ર સિંહ ધોનીએ આગામી આઈપીએલ ૨૦૨૭ની સિઝનમાં પોતાના રમવા અંગે લાંબા સમયથી ચાલી રહેલી તમામ અટકળો પર અંતે મૌન તોડીને મોટો ધડાકો કર્યો છે. કર્ણાટકની રાજધાની બેંગલુરુ ખાતે યોજાયેલા એક હેલ્થકેર કાર્યક્રમ દરમિયાન ૪૫ વર્ષીય દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેને પોતાના ભવિષ્યની યોજનાઓ અંગે નિખાલસતાથી વાત કરી હતી. પોતાની રમૂજી શૈલીમાં ધોનીએ પોતાને એક જૂની 'વિન્ટેજ ગાડી' સાથે સરખાવીને જણાવ્યું હતું કે તેઓ આગામી ડિસેમ્બર મહિના પહેલાં પોતાની શારીરિક ફિટનેસ ચકાસીને આઈપીએલમાં આગળ રમવા અંગે આખરી નિર્ણય લેશે. આ જાહેરાત બાદ ક્રિકેટ ચાહકો અને રમતગમત જગતમાં ભારે ચર્ચા જાગી છે. મળેલી સચોટ માહિતી અનુસાર, જ્યારે કાર્યક્રમ દરમિયાન મહેન્દ્ર સિંહ ધોનીને આગામી આઈપીએલ સિઝનમાં તેમના મેદાન પર ઉતરવા વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે હસતાં-હસતાં વિન્ટેજ કારનું અદ્ભુત ઉદાહરણ આપ્યું હતું. ધોનીએ રમુજી અંદાજમાં ખુલાસો કર્યો હતો કે તેમણે આગામી સમયમાં વિવિધ મેડિકલ ટેસ્ટમાંથી પસાર થવું પડશે અને ડૉક્ટરોના રિપોર્ટ આવ્યા બાદ જ તેઓ પોતાના શરીરની સ્થિતિ સમજી શકશે.

તેમણે ઉમેર્યું હતું કે ડૉક્ટરોએ એ વાત ખાસ સુનિશ્ચિત કરવી પડશે કે આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર સારી રીતે દોડતી રહે. જો ડૉક્ટરો તેમને ફિટ જાહેર કરશે તો જ તેઓ ડિસેમ્બર પહેલાં આગામી સિઝન રમવા માટે લીલી ઝંડી આપશે. ઉલ્લેખનીય છે કે વધતી ઉંમર અને ફિટનેસ સંબંધિત મુશ્કેલીઓના કારણે ધોની અગાઉની સિઝનમાં તમામ મેચો પૂરેપૂરી રમી શક્યા નહોતા, જેના કારણે હવે સમગ્ર નિર્ણય તેમની શારીરિક ક્ષમતા પર ટકેલો છે.

આ ખાસ કાર્યક્રમ દરમિયાન એમ.એસ. ધોનીએ પોતાની આઈપીએલ ફ્રેન્ચાઈઝી ચેન્નઈ સુપર કિંગ્સના છેલ્લા કેટલાક વર્ષોના નિરાશાજનક પ્રદર્શન અને સંઘર્ષ અંગે પણ ખૂબ જ ગંભીરતાથી ચર્ચા કરી હતી. ધોનીએ સ્વીકાર્યું હતું કે કાગળ પર ગમે તેટલી મજબૂત કે સંતુલિત ટીમ તૈયાર કરવામાં આવે, તેનાથી કોઈ મોટો તફાવત પડતો નથી. મેચના ચોક્કસ દિવસે મેદાન પર ખેલાડીઓ કેવું પ્રદર્શન કરે છે તે જ સૌથી વધુ અગત્યનું બની રહે છે.

તેમણે ટી-૨૦ ક્રિકેટના ટૂંકા ફોર્મેટની વાસ્તવિકતા દર્શાવતા કહ્યું કે રમતનું ફોર્મેટ જેટલું નાનું હોય છે, તેટલું જ ઉત્કૃષ્ટ ટીમો અને સામાન્ય ટીમો વચ્ચેનું અંતર ઘટતું જાય છે. ચેન્નઈ સુપર કિંગ્સના કથળેલા ફોર્મ અંગે વાત કરતા તેમણે સ્પષ્ટપણે કહ્યું કે આ એક મેદાન પરની કડવી વાસ્તવિકતા છે અને તેનાથી મોં ફેરવવાનો કે બહાના બનાવવાનો કોઈ અર્થ સરતો નથી.

ધોનીએ પોતાની કટ્ટર પ્રતિસ્પર્ધી ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના તાજેતરના શાનદાર પ્રદર્શનની પણ જાહેરમાં મુક્તકંઠે પ્રશંસા કરી હતી. જીવનના ઉતાર-ચડાવનો સંદર્ભ આપતાં તેમણે જણાવ્યું હતું કે રમત અને જીવન બંનેમાં સારા અને ખરાબ દિવસો સતત આવતા રહે છે. ખરી પરીક્ષા એ બાબતની હોય છે કે મુશ્કેલ સમયમાંથી બહાર નીકળીને ટીમ એકજૂથ થઈને કેવી રીતે આગળ વધે છે. જ્યારે ચેન્નઈની ટીમ સતત ટાઈટલ અને મેચો જીતી રહી હતી, ત્યારે પણ તેમને એ વાતનો ખ્યાલ હતો કે એક દિવસ એવો આવશે જ્યારે પરાજયનો સામનો કરવો પડશે. ધોનીના મતે ખરાબ સમયમાં જ ખેલાડીઓ અને સમગ્ર ટીમના વાસ્તવિક ચરિત્રની આકરી કસોટી થાય છે. તેમણે સ્વીકાર્યું કે બેંગલુરુની ટીમે તાજેતરના વર્ષોમાં સતત સુધારો કરીને ઉત્કૃષ્ટ રમત દર્શાવી છે, જ્યારે ચેન્નઈની ટીમ આ બાબતમાં પાછળ રહી ગઈ છે. ભારતીય ક્રિકેટ અને સ્થાનિક ચાહકો પર આ નિર્ણયની વ્યાપક અસર

મહેન્દ્ર સિંહ ધોની માત્ર એક ખેલાડી નથી પરંતુ ભારતીય રમતગમતના ઈતિહાસની એક બ્રાન્ડ છે.

# ભારત ન્યૂઝીલેન્ડ જીત શ્રેણી કબજે કરી લીધી





(એજન્સી) ક્રાઈસ્ટચર્ચ । તા. 25

ન્યૂઝીલેન્ડ દેશના ક્રાઈસ્ટચર્ચ શહેર ખાતે આવેલા હેગલે ઓવલ મેદાન પર રમાયેલા શનિવારના આ મુકાબલામાં ભારતીય ક્રિકેટ ટીમે અદ્ભુત ખેલદિલી દર્શાવીને યજમાન કિવી ટીમને ચાર વિકેટથી હરાવીને શ્રેણીમાં બે શૂન્યની મજબૂત લીડ મેળવી લીધી છે. મેચની શરૂઆતમાં ભારતીય ટોપ ઓર્ડરના ખેલાડીઓ ઝડપથી આઉટ થઈ જતાં ટીમ ભારે સંકટમાં મુકાઈ ગઈ હતી, પરંતુ યુવા બેટરોએ અત્યંત સંયમ અને આક્રમકતા દાખવીને હારેલી બાજીને પલટી નાખી હતી અને વિરોધી ટીમ મોંમાંથી જીત આંચકી લીધી હતી.

મેચના પ્રારંભે ન્યૂઝીલેન્ડની ટીમ પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં એક સો એક્યાસી રનનો મજબૂત સ્કોર બનાવવામાં સફળ રહી હતી. આ વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા માટે મેદાન પર ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત અત્યંત નિરાશાજનક રહી હતી અને પ્રારંભિક ઓવરોમાં જ મહત્વની વિકેટો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. એક સમયે સ્કોર બોર્ડ પર ઓછા રન હતા અને વિજયની આશા ધૂંધળી બની ગઈ હતી, ત્યારે ક્રિઝ પર આવેલા યુવા બેટર તિલક વર્મા અને નીતીશ કુમાર રેડ્ડીએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને સાહસિક બેટિંગ શરૂ કરી હતી.

આ બંને યુવા ખેલાડીઓએ કોઈપણ પ્રકારના દબાણમાં આવ્યા વગર મેદાનના ચારેય ખૂણે શાનદાર શોટ્સ ફટકાર્યા હતા અને માત્ર ત્રીસ બોલની અંદર જ અણનમ ઉનસઠ રનની અત્યંત મૂલ્યવાન ભાગીદારી નોંધાવી હતી. તિલક વર્માએ વિસ્ફોટક અંદાજમાં રમતા માત્ર છવ્વીસ બોલનો સામનો કરીને એકાવન રનની આક્રમક અડધી સદી ફટકારી હતી. જ્યારે બીજા છેડે સાથ આપી રહેલા નીતીશ કુમાર રેડ્ડીએ પણ માત્ર તેર બોલમાં અણનમ છવ્વીસ રનની ઝડપી ઈનિંગ રમીને ટીમને વિજયના દરવાજા સુધી પહોંચાડી દીધી હતી.

### મેદાન પર જોવા મળેલો રોમાંચ અને આગામી રણનીતિ

આ શાનદાર વિજય બાદ ભારતીય છાવણીમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રવાસી ટીમ તરીકે ન્યૂઝીલેન્ડની ધરતી પર આ પ્રકારે મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવીને મેચ જીતવી એ ખરેખર પ્રશંસનીય બાબત છે. કેપ્ટન દ્વારા પણ યુવા ખેલાડીઓની આ અદ્ભુત રમતની ભરપૂર પ્રશંસા કરવામાં આવી છે. આગામી મેચોમાં પણ આ જ પ્રકારનું પ્રદર્શન જાળવી રાખીને શ્રેણીને ક્લીન સ્વીપ કરવાના ઈરાદા સાથે ટીમ મેદાન પર ઉતરશે. ક્રિકેટ રસિકો પણ આ રોમાંચક શ્રેણીની આગામી મેચો નિહાળવા માટે અત્યંત ઉત્સુક બન્યા છે.

# જોકિકનો ભવ્ય ટ્રિપલ ડબલ રેકોર્ડ ધમાકેદાર વિજય

(એજન્સી) ડેનવર । તા. 25

અમેરિકાની પ્રતિષ્ઠિત નેશનલ બાસ્કેટબોલ એસોસિએશન સ્પર્ધામાં ડેનવર નગેટ્સના સ્ટાર ખેલાડી નિકોલા જોકિકે પોતાની અદ્ભુત રમતથી સમગ્ર રમતજગતને મંત્રમુગ્ધ કરી દીધું છે. સનિવારની રાત્રે હોમ ગ્રાઉન્ડ પર રમાયેલા અત્યંત રોમાંચક અને મુશ્કેલ મુકાબલામાં ડેનવર નગેટ્સે ન્યૂ ઓર્લિયન્સ પેલિકન્સ સામે ત્રેવીસ પોઈન્ટ્સના વિશાળ તફાવતથી પાછળ રહ્યા બાદ અકલ્પનીય વાપસી કરી હતી. આ મેચમાં જોકિકે પોતાની કારકિર્દીનો એક સો નવ્વાણૂમો નિયમિત સિઝન ટ્રિપલ-ડબલ નોંધાવીને ટીમને ઓવરટાઈમમાં ૧૪૧-૧૩૫ થી ધમાકેદાર વિજય અપાવ્યો હતો.



સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેચ દરમિયાન ડેનવર નગેટ્સ માટે નિકોલા જોકિકે પાંત્રીસ પોઈન્ટ્સ, પંદર રિબાઉન્ડ્સ અને દસ આસિસ્ટ સાથે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું હતું. તેની સાથોસાથ ટીમ માટે જમાલ મુરેએ વિસ્ફોટક બેટિંગ સમાન રમતમાં બેતાલીસ પોઈન્ટ્સ ફટકારીને વિરોધી ટીમની સંરક્ષણ હરોળને વેરવિખેર કરી નાખી હતી.

એક સમયે પેલિકન્સની ટીમ ત્રેવીસ પોઈન્ટ્સથી આગળ ચાલી રહી હતી અને મજબૂત પકડ ધરાવતી હતી. પરંતુ નગેટ્સના ખેલાડીઓએ હાર ન માનતા ઓવરટાઈમમાં રમત લંબાવી હતી, જ્યાં ટ્રેવોન બ્રાઝિલે ઓવરટાઈમમાં પોતાના સત્તર પોઈન્ટ્સમાંથી સાત પોઈન્ટ્સ મેળવ્યા હતા અને અંતિમ પળોમાં ક્રોસ ૩-પોઈન્ટર ફટકારીને ટીમની જીત નિશ્ચિત બનાવી દીધી હતી.

# મેસી વિના મેદાને ઉતરેલી મિયામી સામે રેડ બુલ્સની શાનદાર જીત



(એજન્સી) હૈરિસન । તા. 25

અમેરિકાની મેજર લીગ સોકર સ્પર્ધામાં ન્યૂ યોર્ક રેડ બુલ્સ સામેની મેચમાં ઈન્ટર મિયામીની ટીમને બે શૂન્યથી હારનો સામનો કરવો પડ્યો છે. સ્પેનિશ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવતા પ્રિન્સેસ ઓફ અસ્ટુરિયાસ એવોર્ડ સ્વીકારવા માટે સ્પેન ગયા હોવાના કારણે લિયોનેલ મેસી આ મુકાબલામાં શરૂઆતથી મેદાનમાં ઉતરી શક્યા ન હતા. મેસી બીજા હાફમાં સબ્સ્ટિટ્યુટ તરીકે મેદાન પર આવ્યા હતા, પરંતુ ટીમની હાર ટાળી શક્યા ન હતા. આ પરાજય સાથે ઈન્ટર મિયામીની સતત ત્રણ જીતનો સિલસિલો અટકી ગયો છે.

મેચના પ્રારંભિક તબક્કાથી જ યજમાન ન્યૂ યોર્ક રેડ બુલ્સની ટીમે આક્રમક રમત દાખવી હતી. મુકાબલાની સાતમી જ મિનિટે મિયામીના મિડફિલ્ડર કેસિમીરો દ્વારા ભૂલથી પોતાના જ ગોલપોસ્ટમાં બોલ નાખી દેવાતા આત્મઘાતી ગોલ થયો હતો, જેના કારણે રેડ બુલ્સને શરૂઆતની મિનિટોમાં જ મહત્વની સરસાઈ મળી ગઈ હતી. આ પ્રારંભિક આંચકા બાદ મિયામીની ટીમ દબાણમાં આવી ગઈ હતી અને સમગ્ર મેચ દરમિયાન તેણે સંઘર્ષ કરવો પડ્યો હતો. મેચના અંતિમ પળો સુધી મિયામીની ટીમ એક ગોલની સરસાઈ પાછળ સંઘર્ષ કરી રહી હતી, ત્યારે મેચની પૂર્ણાહુતિના ઈન્જરી ટાઈમમાં અવેજી ખેલાડી તરીકે મેદાન પર આવેલા સ્ટાર ફોરવર્ડ એમિલ ફોર્સબર્ગે શાનદાર ગોલ ફટકારીને ન્યૂ યોર્ક રેડ બુલ્સની જીત પર મહોર મારી દીધી હતી. આ વિજયથી ન્યૂ યોર્ક રેડ બુલ્સના પ્લેઓફમાં પહોંચવાની આશાઓ વધુ મજબૂત બની છે, જ્યારે ઈન્ટર મિયામીની ટીમ ઈસ્ટર્ન કોન્ફરન્સની પોઈન્ટ ટેબલ પર ત્રીજા સ્થાને યથાવત રહી છે.

# એશિયન પેરા ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓનો ડંકો

## જાપાનના નાગોયામાં ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન

(એજન્સી) ગાંધીનગર । તા. 25



જાપાનના આઈચી પ્રીફેક્ચર અને નાગોયા શહેરમાં આયોજિત પાંચમી એશિયન પેરા ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓએ પોતાના અદ્ભુત પ્રદર્શનથી રાજ્ય અને સમગ્ર દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. વૈશ્વિક મંચ પર શ્રેષ્ઠ રમત દાખવીને આપણા દિવ્યાંગ રમતવીરોએ એક ગોલ્ડ, બે સિલ્વર અને પાંચ બ્રોન્ઝ મળીને કુલ આઠ મેડલ પોતાના નામે કર્યા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં રાજ્યના ખેલાડીઓ સતત પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે, જેમાં સાબરકાંઠા અને ગાંધીનગરના મહિલા એથ્લેટ્સનું પ્રદર્શન અત્યંત પ્રેરણાદાયી રહ્યું છે. આ અગાઉ ચીનના હાંગઝોઉ ખાતે રમાયેલી સ્પર્ધાઓ અને પેરિસ ઓલિમ્પિક્સમાં પણ આ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના માટે રાજ્ય સરકાર દ્વારા તેમને લાખો રૂપિયાની પ્રોત્સાહક આર્થિક સહાય અને રોકડ પુરસ્કારો પણ આપવામાં આવ્યા હતા.

મીડિયા અહેવાલ મુજબ, સાબરકાંઠાની અંજનાબેન રોહિત બંભણિયાએ મહિલાઓની ૪૦૦ મીટર દોડમાં ૫૯.૯૭ સેકન્ડનો સમય લઈને ભવ્ય સુવર્ણચંદ્રક જીત્યો છે. આ સિવાય સાબરકાંઠાની જ તેજલબેન દામોરે ૪૦૦ મીટર રેસમાં સિલ્વર અને ૨૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવીને બમણી સફળતા મેળવી છે. ગાંધીનગરની નિમિષાએ લાંબી કૂદમાં ૫.૩૭ મીટરનો કૂદકો લગાવીને રજતચંદ્રક હાંસલ કર્યો છે, જ્યારે મહેસાણાના અર્જુન એવોર્ડ વિજેતા ભાવિનાબેન પટેલે ટેબલ ટેનિસ સિંગલ્સમાં બ્રોન્ઝ મેડલ જીતીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

રાજ્યમાં રમતગમતના વિકાસ માટે ચાલી રહેલી યોજનાઓ અને ખેલાડીઓને અપાતા યોગ્ય પ્રશિક્ષણના પરિણામે આજે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતના યુવાનો ઝળકી રહ્યા છે. ભવિષ્યમાં આવા પ્રતિભાશાળી રમતવીરોને વધુ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે જેથી તેઓ વૈશ્વિક સ્તરે આગામી સ્પર્ધાઓમાં પણ ભારતનો તિરંગો વધુ ઊંચે લહેરાવી શકે.

તૈયારીઓ પૂર્ણ // ત્રણ સો મેચ બાસી જીત મેળવી સુરક્ષા ચુસ્ત, ક્રાઈસ્ટચર્ચ મેદાન પર રોમાંચક વિજય હાંસલ

# ટીમ ઈન્ડિયા ટી ટ્વેન્ટી ઈતિહાસ રચ્યો શાનદાર વિજય

(એજન્સી) ચેન્નાઈ । તા. 25



ક્રિકેટ જગતમાં ભારત દેશની રાષ્ટ્રીય રમતગમત ટીમે એક નવો જ કિર્તિમાન સ્થાપિત કરીને સમગ્ર વિશ્વમાં દેશનું નામ રોશન કર્યું છે. શનિવારના રોજ ન્યૂઝીલેન્ડ દેશના ક્રાઈસ્ટચર્ચ શહેર ખાતે આવેલા હેગલે ઓવલ મેદાન પર રમાયેલા અત્યંત રોમાંચક મુકાબલામાં ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડ સામે ચાર વિકેટથી શાનદાર વિજય પ્રાપ્ત કર્યો છે. આ મહત્ત્વપૂર્ણ મેચની સાથે જ ભારતીય ટીમે મેન્સ ટી ટ્વેન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટના ઈતિહાસમાં કુલ ત્રણ સો મેચો રમનારી વિશ્વની અગ્રણી ટીમ બનવા સાથે પોતાની બાસીમી વિજય ગાથા નોંધીને એક અવિસ્મરણીય વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. રમતગમત ક્ષેત્રે આ સિદ્ધિ ભારત દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ સમાન સાબિત થઈ છે.

મેચ દરમિયાન જ્યારે ભારતીય ટીમ એક સો એક્યાસી રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા માટે મેદાન પર ઉતરી ત્યારે શરૂઆતની ઓવરોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ હતી. માત્ર સિત્તેર રનના સ્કોર પર જ ભારતીય ટીમે પોતાની પાંચ મહત્ત્વપૂર્ણ વિકેટ ગુમાવી દીધી હતી અને હારનો ખતરો તોળાઈ રહ્યો હતો. આવા નાજુક અને સંકટભર્યા સમયમાં યુવા ખેલાડી તિલક વર્મા અને નીતીશ કુમાર રેડ્ડીએ અત્યંત જવાબદારીપૂર્વક બેટિંગ કરીને મેદાન પર મોરચો સંભાળ્યો હતો. આ બંને યુવા ખેલાડીઓએ છઠ્ઠી વિકેટ માટે માત્ર ત્રીસ બોલમાં અણનમ ઓગણસિત્તર રનની ભાગીદારી કરીને મેચનું સમગ્ર પાસું જ પલટી નાખ્યું હતું. અંતિમ ઓવરોમાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને આ ખેલાડીઓએ ભારતને ઓગણીસ પૂર્ણાંક પાંચ ઓવરમાં છ વિકેટના નુકસાને લક્ષ્યાંક સુધી પહોંચાડીને એક યાદગાર જીત અપાવી હતી.

આંકડાકીય દ્રષ્ટિએ જોવામાં આવે તો મેન્સ ટી ટ્વેન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતીય ટીમનો મુકાબલો કરી શકે તેવી કોઈ અન્ય ટીમ હાલ ઉપલબ્ધ નથી. વર્ષ બે હજાર છ થી લઈને અત્યાર સુધીના સમયગાળા દરમિયાન ભારતીય ટીમે કુલ ત્રણ સો મેચો રમી છે, જેમાંથી રેકોર્ડ બાસી મેચોમાં વિજય મેળવ્યો છે, જ્યારે ત્યાસી મુકાબલામાં પરાજયનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત સાત મેચો અનિર્ણિત રહી છે અને દસ મેચોનું કોઈ પરિણામ આવ્યું નથી, જેના કારણે ભારતનો જીત અને હારનો રેશિયો બે પૂર્ણાંક ચારસો નવ રહ્યો છે.

આ યાદીમાં પાકિસ્તાન દેશની ટીમ ત્રણ સો ચાર મેચો રમીને પણ માત્ર એક સો છલ્તેર જીત સાથે ભારત કરતા ઘણું પાછળ રહી ગઈ છે. ન્યૂઝીલેન્ડ એક સો પાંત્રીસ જીત સાથે ત્રીજા સ્થાને, સાઉથ આફ્રિકા એક સો ઓગણત્રીસ જીત સાથે ચોથા સ્થાને, ઈંગ્લેન્ડ એક સો અઠ્ઠાવીસ જીત સાથે પાંચમા સ્થાને અને ઓસ્ટ્રેલિયા એક સો સત્તાવીસ જીત સાથે છઠ્ઠા સ્થાને સ્થિત છે. ભારતીય ટીમની આ અદ્ભુત સફળતાના સમાચાર મળતા જ ગુજરાત સહિત સમગ્ર દેશના કરોડો ક્રિકેટ ચાહકોમાં ઉત્સાહ અને આનંદની લહેર દોડી ગઈ છે.

ચેન્નાઈ જુનિયર એથ્લેટિક્સમાં સફળતા

# ચૂકી બિરડા નેશનલ રેકોર્ડ તૂટ્યો અદ્ભુત સિદ્ધિ, પોલ વોલ્ટ સવલતોથી અદભુત પ્રદર્શન

(એજન્સી) ચેન્નાઈ । તા. 25



રાજસ્થાનના હીરાવતી ગામની રહેવાસી અને ઓગણીસ વર્ષીય યુવતી ચુકી બિરડાએ શનિવારના રોજ ચેન્નાઈના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે યોજાયેલી નેશનલ જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની અંડર-ટ્વેન્ટી પોલ વોલ્ટ સ્પર્ધામાં ૩.૯૧ મીટરનો શાનદાર કૂદકો લગાવીને નવો રાષ્ટ્રીય રેકોર્ડ પોતાના નામે કર્યો છે. અગાઉનો ૩.૯૦ મીટરનો રેકોર્ડ તોડીને તેણે પ્રથમ પ્રયાસમાં જ આ ઐતિહાસિક સફળતા હાસલ કરી છે, જેનાથી તેના પરિવાર અને સમગ્ર રમતગમત જગતમાં આનંદની લહેર ફેલાઈ ગઈ છે.

ખેલાડી ચુકી બિરડા પોતાના આ પરિવારની આઠ પુત્રીઓમાં છઠ્ઠા ક્રમે છે. તેના જન્મ સમયે આગામી સંતાન પુત્ર જન્મે તેવી આશાએ તેનું નામ 'ચુકી' રાખવામાં આવ્યું હતું, જેનો અર્થ 'ફુલ સ્ટોપ' થાય છે. તેના માતા-પિતાએ હંમેશા તેને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરિત કરી છે. આ અદભુત સફરની શરૂઆત તેના ગામની સરકારી શાળાથી થઈ હતી, જ્યાં શાળાના શિક્ષક રામ નિવાસ સાહુએ એક સામાન્ય સજા દરમિયાન તેની અદ્ભુત દોડવાની ઝડપ પારખી હતી. શિક્ષકે બાળકોને દીવાલ સુધી દોડીને પાછા આવવાની સજા આપી હતી, જેમાં ચુકીએ અન્ય તમામ બાળકો કરતાં ખૂબ જ આગળ રહીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ અંતર જોઈને શિક્ષકે તેને રમતમાં આગળ તક આપવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં શિક્ષક રામ નિવાસ સાહુએ ચુકીને સો મીટર, બસો મીટર અને ચારસો મીટર દોડની સાથે લાંબી અંતરની દોડ અને હ ર્ ડ લ સ મ ાં અજમાવી હતી.

## 1000થી વધુની અટકાયત સુરક્ષા ચુસ્ત, પેરિસ વિરોધ પ્રદર્શન 4 લાખ દેખાવકારો

# ફ્રાન્સ ભડકે બળ્યું હિંસક આંદોલન બાદ દેશભરમાં અફરાતફરી

(એજન્સી) પેરિસ । તા. 25

યુરોપ ખંડના અત્યંત સમૃદ્ધ દેશ ફ્રાન્સમાં વધતી જતી કમરતોડ મોંઘવારી, સાર્વજનિક શિક્ષણ બજેટમાં કરવામાં આવેલો જંગી ઘટાડો અને વર્તમાન સરકારની આર્થિક નીતિઓ સામે સમગ્ર જનતાનો રોષ હવે સંપૂર્ણપણે બેકાબૂ બનીને રસ્તા પર આવી ગયો છે. દેશભરમાં ફાટી નીકળેલા ચરમસીમાએ પહોંચેલા આક્રોશ વચ્ચે પેરિસ સહિત ફ્રાન્સના અસંખ્ય નાના-મોટા શહેરોમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે ઠેરઠેર હિંસક ઝપાઝપી, પથ્થરમારો અને તોડફોડની ભયાનક ઘટનાઓ સામે આવી રહી છે. પરિસ્થિતિને વણસતી અટકાવવા માટે દળ-બળ સાથે ઉતરેલી પોલીસે દેશભરમાંથી 1000 થી પણ વધુ અસંતુષ્ટ દેખાવકારોની ધરપકડ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરી છે, છતાંય આંદોલનની આંચ ઓછી થવાનું નામ નથી લઈ રહી.



સૂત્રો દ્વારા મળતી સચોટ માહિતી અનુસાર, દેશના સાર્વજનિક ક્ષેત્રો, મહત્વપૂર્ણ સરકારી ઈમારતો અને સંવેદનશીલ વિસ્તારોની સુરક્ષા જાળવવા માટે ફ્રાન્સના ગૃહ મંત્રાલય દ્વારા 70 હજારથી વધુ સશસ્ત્ર પોલીસકર્મીઓ અને અર્ધસૈનિક જવાનોને રસ્તાઓ પર તહેનાત કરી દેવામાં આવ્યા છે. દેશની રાજધાની પેરિસના પોર્ટ દે વિંસેન વિસ્તારમાં હજારોની સંખ્યામાં જનમેદની એકઠી થઈ હતી. આ વિશાળ રેલી દરમિયાન અચાનક મોં છુપાવીને આવેલા કેટલાક નકાબપોશ અસામાજિક તત્વોએ ફરજ પરના પોલીસકર્મીઓ પર ભારે ફટાકડા, કાચની ખાલી બોટલો અને મોટા પથ્થરો વડે સખત હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું.

હિંસક બનેલી ભીડને વિખેરવા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે સ્થાનિક સુરક્ષા દળોએ વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો, તેમજ સ્ટન ગ્રેનેડ અને આસુ ગેસના સો શેલ છોડવાની ફરજ પડી હતી. પેરિસ ઉપરાંત લિયોન, રેન્સ અને માર્સે જેવા ઔદ્યોગિક શહેરોમાં પણ યુદ્ધ જેવો ભયાનક માહોલ સર્જાયો હતો. જ્યાં આંદોલનકારીઓએ મુખ્ય વાહનવ્યવહારના રસ્તાઓ પર ટાયરો અને કચરાના ઢગલાઓ સળગાવીને આખી રાત આક્રમક આગજની કરી હતી અને રસ્તા કિનારે આવેલી અનેક ખાનગી દુકાનો તથા વાહનોમાં તોડફોડ કરી હતી.

આ સમગ્ર દેશવ્યાપી આંદોલનનું આયોજન ફ્રાન્સના મુખ્ય મજૂર યુનિયનો, વિવિધ છાત્ર સંગઠનો અને વામપંથી રાજકીય પક્ષોના સંયુક્ત મોરચા દ્વારા આપવામાં આવેલા વિશેષ આહ્વાનના પગલે કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલો મુજબ દેશની જનતામાં વધતા અસંતોષ પાછળ નીચે મુજબના મુખ્ય કારણો અને માંગણીઓ જવાબદાર છે:

જીવનનિર્વાહ ભથ્થું (મોંઘવારી ભથ્થું): દિનપ્રતિદિન વધતી જતી આકાશી મોંઘવારી સામે સામાન્ય નાગરિકોને આર્થિક ટેકો આપવા માટે દર મહિને 'કોસ્ટ-ઓફ-લિવિંગ' ભથ્થું ચૂકવવામાં આવે.

મૂળભૂત સવલતો અને બજેટ: સરકારી આવાસો અને રહેણાંક મકાનોના ભાડામાં કરવામાં આવતો સતત વધારો તાત્કાલિક ધોરણે નાબૂદ કરવામાં આવે અને સાર્વજનિક શિક્ષણ ક્ષેત્રના બજેટમાં કરવામાં આવેલો કાપ પાછો ખેંચી બજેટ વધારવામાં આવે.

આર્થિક નીતિઓ સામે ગુસ્સો: આર્થિક તંગીથી ઘેરાયેલી નાગરિક જનતાનો આક્રોશ હવે સીધો જ દેશના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમની સરકારની નીતિઓ સામે સ્પષ્ટપણે ફૂટી નીકળ્યો છે.

## ઈરાનની ઈઝરાયલને ધમકીથી ભારે અફરાતફરી

# ઈરાન ઈઝરાયલ તણાવ ચરમસીમાએ એક કલાકમાં ખાત્મો બોલાવવાની ચીમકી




(એજન્સી) તેહરાન । તા. 25

પશ્ચિમ એશિયામાં યુદ્ધના ભીષણ વાદળો વધુ ઘેરા બન્યા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ દ્વારા ઈરાનની વર્તમાન શાસન સત્તાને ઉથલાવી દેવાની જાહેરમાં ચેતવણી આપવામાં આવ્યા બાદ હવે ઈરાને પણ અત્યંત આક્રમક અને ભયાનક વળતો પ્રહાર કર્યો છે. ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના વડા ઈબ્રાહિમ અઝીઝીએ ખુલ્લેઆમ પડકાર ફેંકતા જણાવ્યું છે કે જો ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા, સાર્વભૌમત્વ કે હિતો પર જરા પણ હુમલો કરવામાં આવશે, તો ઈઝરાયલને માત્ર એક કલાકથી પણ ઓછા સમયમાં માનવ વસવાટ માટે અયોગ્ય બનાવી દેવામાં આવશે. આ ધમકીની સાથે જ ઈરાન તરફથી ઈઝરાયલના અતિ સંવેદનશીલ અને મહત્ત્વના માળખાકીય સ્થળોનો એક નકશો પણ જાહેર કરવામાં આવ્યો છે, જેનાથી સમગ્ર વિશ્વમાં ભારે ચિંતાનો માહોલ સર્જાયો છે.

સૂત્રો દ્વારા મળતી સચોટ માહિતી અનુસાર, ઈરાની નેતા ઈબ્રાહિમ અઝીઝીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વિશેષ નકશો શેર કર્યો છે. આ નકશામાં ઈઝરાયલની આર્થિક, સામાજિક અને લશ્કરી કરોડરજ્જુ સમાન માળખાકીય સુવિધાઓને ચોક્કસ રીતે ચિહ્નિત કરવામાં આવી છે.

જળ શુદ્ધિકરણ પ્લાન્ટ (ડિસેલિનેશન પ્લાન્ટ): દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવતા સોરેક, હેડેરા, અશદોદ અને અશકેલોન જેવા અત્યંત મહત્વના પ્લાન્ટ્સ. ઈંધણ અને તેલ રિફાઈનરી: હાઈફા અને અશદોદમાં આવેલા તેલ રિફાઈનિંગ પ્લાન્ટ્સ તથા ઈંધણ સંગ્રહના મુખ્ય કેન્દ્રો.

મીડિયા અહેવાલો મુજબ, આ સ્થળો પર હજુ સુધી કોઈ પ્રત્યક્ષ લશ્કરી હુમલો થયો નથી, પરંતુ ઈરાન તરફથી આપવામાં આવેલી આ ખુલ્લી ધમકી સ્પષ્ટ દર્શાવે છે કે જો ભવિષ્યમાં સંઘર્ષ વધુ વકરશે તો ઈરાન માત્ર સૈન્ય મથકો જ નહીં, પરંતુ ઈઝરાયલની સમગ્ર નાગરિક જીવનરેખા અને પાયાની સેવાઓને પણ સંપૂર્ણપણે નષ્ટ કરવા માંગે છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો આ તણાવ એવા સમયે ચરમસીમાએ પહોંચ્યો છે જ્યારે અમેરિકાની સૈન્ય ગતિવિધિઓને લઈને પણ અનેક અટકળો વહેતી થઈ છે. અહેવાલો અનુસાર, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્લોરિડામાં એક જાહેર રેલી દરમિયાન ઈરાન વિરુદ્ધ મર્યાદિત લશ્કરી કાર્યવાહી કરવાની શક્યતા વ્યક્ત કરી હતી. તેમણે ભૂતકાળમાં ચલાવાયેલા લશ્કરી અભિયાનોનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે અમેરિકા ફરી એકવાર નાનું 'એપિક ફ્યુરી' જેવું સૈન્ય અભિયાન શરૂ કરી શકે છે. સાથે જ પશ્ચિમ એશિયા તરફ અમેરિકી શસ્ત્રો અને યુદ્ધ જહાજોની સતત થઈ રહેલી હલચલથી યુદ્ધનો ભય બેવડાયો છે. જોકે બીજી તરફ, રાજકીય અને કૂટનીતિક સ્તરે આ બાબતને શાંત પાડવાનો પ્રયાસ પણ જોવા મળી રહ્યો છે.

અમેરિકી વહીવટીતંત્ર સાથે જોડાયેલા ઉચ્ચ કક્ષાના વર્તુળો અને મીડિયા અહેવાલો દર્શાવે છે કે આગામી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં અમેરિકા દ્વારા ઈરાન પર સીધો હુમલો કરવાની સંભાવના નહિવત છે. વ્હાઈટ હાઉસના નાયબ પ્રેસ સચિવ અન્ના કેલીએ એક વિશેષ નિવેદનમાં સ્પષ્ટતા કરી હતી કે અમેરિકી સરકાર મધ્યસત્ર ચૂંટણી પૂરી થાય તે પહેલાં ઈરાન વિરુદ્ધ કોઈ પણ પ્રકારનું સૈન્ય પગલું ભરવાની યોજના ધરાવતી નથી.

આમ છતાં, પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયલ બંને દેશો તરફથી આવી રહેલા આક્રમક નિવેદનો અને યુદ્ધની તૈયારીઓને કારણે આંતરરાષ્ટ્રીય સમુદાય અત્યંત બારીકાઈથી સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલી આ વિષમ પરિસ્થિતિ માત્ર મધ્ય પૂર્વ પુરતી મર્યાદિત નથી રહેવાની, પરંતુ તેની અસરો વૈશ્વિક સ્તરે જોવા મળી શકે છે.

## ન્યૂઝ બ્રીફ

### ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારત સોમા ક્રમે, પાડોશી દેશો કરતાં ભારતમાં ભૂખમરો વધુ



નવી દિલ્હી । વૈશ્વિક સ્તરે ભૂખમરા અને કુપોષણની સ્થિતિ દર્શાવતો નવો ઈન્ડેક્સ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ભારત ૧૨૨ દેશોની યાદીમાં ૧૦૦મા ક્રમે છે. આ રિપોર્ટ અનુસાર ભારતનો સ્કોર ૨૪.૧ નોંધાયો છે, જેના કારણે દેશને 'ગંભીર' ભૂખમરાની શ્રેણીમાં રાખવામાં આવ્યો છે અને આ સ્થિતિ પાડોશી દેશો નેપાળ તથા બાંગ્લાદેશ કરતા પણ ચિંતાજનક હોવાનું સામે આવ્યું છે. વર્તમાન સમયમાં દેશની કુલ વસ્તીના ૯.૮ ટકા લોકો કુપોષણનો ભોગ બની રહ્યા છે, જ્યારે પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં દુબળાપણાનું પ્રમાણ વધીને ૧૯ ટકા સુધી પહોંચી ગયું છે જે દક્ષિણ એશિયામાં સૌથી વધુ છે. આ ઉપરાંત અનાજની વૈશ્વિક બરબાદી અને ભૂખમરા વચ્ચેની ખાઈ સતત વધી રહી છે, જ્યાં એક તરફ કરોડો લોકો ગંભીર કુપોષણનો સામનો કરી રહ્યા છે તો બીજી તરફ મોટા પ્રમાણમાં ખોરાક વેડફાઈ રહ્યો છે. જર્મનીની સંસ્થા ડબલ્યુએચએચ અને આઈરીશ સંસ્થા કોન્સર્ન વર્લ્ડવાઈડ દ્વારા સંયુક્ત રીતે આ વૈશ્વિક ભુખમરાનો ઈન્ડેક્સ જાહેર કરાયો છે. આ આંકડાઓ સામે આવતા જ કેન્દ્ર સરકારે તાત્કાલિક આ દાવાઓને સદંતર ફગાવી દીધા છે.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર અતિશય ભરોસો જોખમી



વૉશિંગ્ટન । આજના ઝડપથી વિકસતા ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી માનવ જીવનને સરળ બનાવી રહી છે, પરંતુ તેની સાથે તેના અનિયંત્રિત ઉપયોગ સામે ગંભીર જોખમો પણ ઊભા થઈ રહ્યા છે. આ જ ગંભીર મુદ્દા પર પ્રકાશ પાડતા માઈક્રોસોફ્ટના મુખ્ય કાર્યકારી અધિકારી સત્યા નાડેલાએ વૉશિંગ્ટનમાં યોજાયેલા કાર્યક્રમમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ ટેકનોલોજીને સંપૂર્ણ છૂટો દોર આપવો માનવજાત માટે જોખમી સાબિત થઈ શકે છે. વર્તમાન સમયમાં દુનિયાભરની મોટી ટેકનોલોજી કંપનીઓ પોતાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલ્સને સંપૂર્ણપણે સુરક્ષિત હોવાના દાવા કરી રહી છે, જેના કારણે સામાન્ય જનતા અને સંસ્થાઓ તેના પર આંખો મીંચીને ભરોસો કરવા લાગી છે. જોકે, વાસ્તવિકતા એ છે કે આ મોડલ્સ ઘણીવાર ખોટી માહિતી પૂરી પાડીને નાગરિકોને ગેરમાર્ગે દોરી શકે છે, જે સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત ચિંતાજનક બાબત છે. મીડિયા અહેવાલ મુજબ, આ બેઠકમાં સત્યા નાડેલાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જેમ કોઈ પણ વાહનને અટકાવવા માટે ઈમરજન્સી બ્રેક અનિવાર્ય હોય છે, તેવી જ રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમમાં પણ એવી વ્યવસ્થા હોવી જોઈએ કે માણસ જ્યારે ઈચ્છે ત્યારે તેને તુરંત બંધ કરી શકે.

## સાઉદી એરપોર્ટ ઓઈલ ડેપો મિસાઈલ ધડાકાથી ફફડાટ

# મક્કા મદીના હુથી હુમલો દાવો બાદ સાઉદી તણાવ વધ્યો, યુદ્ધવિરામ ભંગ સંકટ ભડક્યું ભારે અફરાતફરી

(એજન્સી) રિયાધ । તા. 25

પશ્ચિમ એશિયાના રણપ્રદેશમાં અચાનક યુદ્ધના કાળા દિબાંગ વાદળો વધુ ઘેરા બનતા સમગ્ર ઈસ્લામિક જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. યમનના ઈરાન સમર્થિત વિસંગઠિત હુથી વિદ્રોહી જૂથ દ્વારા સાઉદી અરેબિયાના અત્યંત મહત્વપૂર્ણ સૈન્ય મથકો અને ઈંધણ સંગ્રહ સ્થાનો પર ભયાનક બેલિસ્ટિક મિસાઈલો વડે એકસાથે અનેક હુમલા કરવામાં આવ્યા હોવાની ધમાકેદાર ઘટના સામે આવી છે. આ લશ્કરી કાર્યવાહી દરમિયાન મુસ્લિમ સમુદાયના અતિ પવિત્ર ગણાતા મક્કા અને મદીના જેવા શ્રદ્ધા કેન્દ્રો પર પણ મિસાઈલ છોડવામાં આવી હોવાના અહેવાલોથી દહેશતનો માહોલ સર્જાયો હતો. જોકે સાઉદી સૈન્યની એર ડિફેન્સ સિસ્ટમે તાત્કાલિક હવામાં જ આ મિસાઈલોને તોડી પાડીને એક મોટી તબાહી ટાળી દીધી છે. સામે પક્ષે હુથી વિદ્રોહીઓએ પવિત્ર સ્થળો પર હુમલો કર્યાના આરોપોને સખત શબ્દોમાં ફગાવી દઈ માત્ર આર્થિક અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હોવાનો સ્પષ્ટ દાવો કર્યો છે.



મળેલી સચોટ વિગતો અનુસાર સાઉદી અરેબિયાના સુરક્ષા દળોએ ખુલાસો કર્યો છે કે યમન તરફથી પવિત્ર શહેર મક્કા અને મદીનાના આસપાસના વિસ્તારોને લક્ષ્ય બનાવીને છોડવામાં આવેલી બે વિશાળ બેલિસ્ટિક મિસાઈલોને આકાશમાં જ સફળતાપૂર્વક નષ્ટ કરી દેવામાં આવી છે. આ ભયાનક મિસાઈલોના સળગતા કાટમાળના ટુકડાઓ જેદ્દા, તાઈફ અને રબિઘ જેવા નાગરિક વસવાટ ધરાવતા વિસ્તારોમાં પડીને પથરાયા હતા. નાગરિક સુરક્ષા એજન્સી દ્વારા તાત્કાલિક ધોરણે તાઈફ અને મક્કાના સ્થાનિક રહીશો માટે ભયસૂચક સાયરન વગાડીને સાવચેત રહેવા માટે કટોકટીપૂર્ણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સદભાગ્યે મિસાઈલનો નાશ થતાં જ થોડી મિનિટોમાં આ ખતરો ટળી ગયો હોવાની જાહેરાત કરવામાં આવી હતી, જેનાથી લાખો શ્રદ્ધાળુઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

બીજી તરફ યમન સ્થિત હુથી દળોના સૈન્ય પ્રવક્તા યાહ્યા સારીએ એક વિશેષ નિવેદનમાં પવિત્ર ધાર્મિક સ્થળો પર હુમલો કર્યાના સાઉદીના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે તેઓ જ્યારે પણ કોઈ પણ લશ્કરી પગલું ભરે છે ત્યારે તેની સત્તાવાર જાહેરાત વિશ્વ સમક્ષ કરે છે. હુથી દળોના કહેવા મુજબ તેમનું મુખ્ય નિશાન માત્ર સાઉદી અરેબિયાના તેલ ડેપો અને સુરક્ષા દળોના અતિ સંવેદનશીલ મથકો જ હતા.

તેમણે દાવો કર્યો હતો કે રિયાધનું આંતરરાષ્ટ્રીય કિંગ ખાલિદ હવાઈ મથક, યાનબુ સ્થિત અરામકો કંપનીનું મોટું ઓઈલ યુનિટ, રબિઘ તેલ શુદ્ધિકરણ ફેક્ટરી તેમજ ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનના મુખ્ય પમ્પિંગ સ્ટેશનો પર મિસાઈલો દાગવામાં આવી હતી. આ ઉપરાંત દમ્માન, નજાન અને ખમીસ મુશૈત ખાતે આવેલા વાયુસેનાના એરપોર્ટ પર પણ શ્રેણીબદ્ધ હુમલા કરવાનો દાવો કરાયો છે.

સંઘર્ષ માત્ર સાઉદી અરેબિયા સુધી સીમિત ના રહેતા યમનના અદન બંદર સુધી પહોંચી ગયો છે. યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારી સંસ્થાઓના જણાવ્યા અનુસાર હુથી વિદ્રોહીઓએ અદનમાં આવેલા તટરક્ષક દળના મુખ્ય મુખ્યાલય પર ત્રણ શક્તિશાળી બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી. આમાંથી બે મિસાઈલો સીધી તટરક્ષક દળની મુખ્ય ઈમારત પર અને એક મિસાઈલ તવાહી વિસ્તારના રહેણાંક મકાન પર ખાબકી હતી. સ્થાનિક સુરક્ષા પરિસ્થિતિ આ હુમલાના કારણે અત્યંત નાજુક બની ગઈ છે અને સમગ્ર શહેરમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.

આ તાજેતરના ભયાનક લશ્કરી ધડાકાઓને કારણે વર્ષ ૨૦૨૨માં સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થીથી સાઉદી ગઠબંધન અને હુથી જૂથ વચ્ચે થયેલા ઐતિહાસિક યુદ્ધવિરામ કરાર પર હવે ભંગ થવાનું ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. આ શાંતિ કરાર બાદ બંને દેશોની સરહદો પર હિંસક હુમલાઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. પરંતુ હવે ઈરાન, સાઉદી અરેબિયા અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વૈશ્વિક ખેંચતાણમાં હુથી જૂથ ફરી સક્રિય થતાં આખા પ્રદેશમાં વ્યાપક યુદ્ધનો ભય ઉભો થયો છે.

પશ્ચિમ એશિયામાં વધી રહેલી આ અસ્થિરતા માત્ર તે ક્ષેત્ર પૂરતી સીમિત નહીં રહેતા સમગ્ર વિશ્વના અર્થતંત્રને હચમચાવી શકે છે. ભારત અને ખાસ કરીને ગુજરાત રાજ્ય માટે કાચા તેલના પુરવઠાનો મોટો હિસ્સો સાઉદી અરેબિયા અને અખાતી દેશોમાંથી આવે છે.

## રશિયાની મદદ માટે યુક્રેનનું ઈન્ટરનેટ ધીમું કરાયું, અમેરિકાના પૂર્વ અધિકારીઓનો મોટો ઘટસ્ફોટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 25

યુક્રેનમાં સૈન્ય કામગીરી દરમિયાન તાજેતરમાં ઈન્ટરનેટની સ્પીડ અચાનક ધીમી પડી જવાના ચકચારી બનાવ પાછળ ખુદ અમેરિકન સરકારનો જ હાથ હોવાની કબૂલાત ત્યાંના પૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ કરી છે. આ ચોંકાવનારા ખુલાસા બાદ વૈશ્વિક રાજકારણ અને ટેકનોલોજી ક્ષેત્રે ભારે હડકંપ મચી ગયો છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે રશિયા પરના લશ્કરી હુમલા રોકવા અને પોતાના કૂટનીતિક લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે આ પગલું ભરવામાં આવ્યું હતું.

ગત થોડા સમયથી યુક્રેન તરફથી આવી ફરિયાદો સતત મળી રહી હતી કે સ્ટારલિંકનું એક્સેસ ધીમું પડી જવાને કારણે રશિયા સામે ડ્રોન હુમલા કરવામાં ભારે અડચણો આવી રહી છે. જોકે શરૂઆતમાં સરકારે આ બાબતને સત્તાવાર રીતે નકારી હતી, પરંતુ ટેકનોલોજી કંપનીના પ્રમુખ મસ્કે સ્પષ્ટ કર્યું હતું કે સિસ્ટમની માલિકી અને તેનો અંતિમ નિર્ણય સંપૂર્ણપણે અમેરિકન સરકારના હાથમાં જ રહે છે.

મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાના છ ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું છે કે માત્ર યુક્રેન જ નહીં પરંતુ ઈરાન, લેબનોન અને યમન જેવા વિસ્તારોમાં પણ પોતાના નીતિગત ધ્યેયો હાંસલ કરવા માટે સ્ટારલિંકની સેવાઓ ચાલુ અથવા બંધ કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, બાઈડન તંત્રથી લઈને ટ્રમ્પ શાસન સુધી સરકારે સ્પેસએક્સને વિવિધ આતંકી જૂથો પાસે પહોંચેલા ડાયવર્ટેડ ટર્મિનલ્સને નિષ્ક્રિય કરવા સૂચનાઓ આપી હતી. ટ્રમ્પ દ્વારા રશિયા સાથેના ડીઝલ સોદાના બદલામાં સ્ટારલિંકના એક્સેસને મર્યાદિત કરીને પરોક્ષ મદદ કરવામાં આવી હોવાના આક્ષેપોથી ભારે વિવાદ સર્જાયો છે.

## ઈરાન ઈન્ટરનેટ કેબલ ધમકી બાદ વિશ્વમાં ભયાનક દહેશત, અખાત ખાડી ડિજિટલ કટોકટી જોખમ વકર્યું

(એજન્સી) વોશિંગ્ટન/તહેરાન । તા. 25

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો ભીષણ લશ્કરી સંઘર્ષ હવે અત્યંત વિનાશક તબક્કામાં પ્રવેશ કરી ચૂક્યો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્લોરિડા ખાતે યોજાયેલી એક ચૂંટણી રેલી દરમિયાન ઈરાન પર અગાઉ કરાયેલા ભયાનક 'એપિક ફ્યુરી' જેવા જ વધુ એક મોટા સૈન્ય હુમલાની ખુલ્લી ચેતવણી આપતા જ ઈરાન ભારે વિફર્યું છે. અમેરિકાની આ ધમકી સામે ઝૂકવાના બદલે ઈરાની શાસને અખાતની ખાડીના સમુદ્રમાં પથરાયેલા મુખ્ય ઓપ્ટિકલ ફાઈબર કેબલ કાપીને સમગ્ર વિશ્વનું ડિજિટલ નેટવર્ક સંપૂર્ણપણે ઠપ કરી દેવાની ગંભીર ચેતવણી આપી દીધી છે. હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી ઘેરાબંધીના કારણે ઓઈલ પુરવઠો પહેલાથી જ ખોરવાઈ ગયો છે, ત્યારે હવે ઈરાનની આ કાર્યવાહીથી સમગ્ર વૈશ્વિક નાણાકીય વ્યવસ્થા અને ઈન્ટરનેટ અર્થતંત્ર સંપૂર્ણપણે પાંગળું થઈ જવાની ભયાનક ભીતિ ઊભી થઈ છે.



ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (આઈઆરજીસી) ના ઉચ્ચ અધિકારીઓએ અમેરિકા અને ઈઝરાયેલને કડક શબ્દોમાં વળતો જવાબ આપ્યો છે. આઈઆરજીસીના રાજકીય બાબતોના ઉપપ્રમુખ યદોલ્લાહ જાવાનીએ સત્તાવાર રીતે જણાવ્યું છે કે જો ઈરાની સાર્વભૌમત્વ કે માળખાકીય સુવિધાઓ પર ફરીથી કોઈ લશ્કરી હુમલો કરવામાં આવશે, તો ઈરાન અખાતની ખાડીમાં સમુદ્રના તળિયે આવેલા સાત મુખ્ય ઈન્ટરનેટ કેબલને તાત્કાલિક અસરથી કાપી નાખશે. તેમણે ઉમેર્યું હતું કે સમુદ્ર નીચે પથરાયેલા ડેટા કેબલથી લઈને દુશ્મન દેશોના લશ્કરી અડ્ડાઓ સુધીનું કોઈ પણ સ્થળ ઈરાની સેનાની પહોંચથી સુરક્ષિત નથી. ઉલ્લેખનીય છે કે સમગ્ર દુનિયાનો ૯૯ ટકાથી વધુ ઈન્ટરનેટ ટ્રાફિક સમુદ્રના તળિયે પથરાયેલા વિશાળ કેબલ નેટવર્ક મારફત સંચાલિત થાય છે. જો ઈરાન આ કેબલ કાપી નાખશે તો એશિયા, યુરોપ અને પશ્ચિમી દેશો વચ્ચે ચાલતી તમામ બેંકિંગ લેવડ-દેવડ, ઓનલાઈન ઈ-કોમર્સ વેપાર અને ક્લાઉડ ડેટા સેવાઓ ઠપ થઈ જશે. લશ્કરી ધમકીઓની સાથે ઈરાને કૂટનીતિક અને મનોવૈજ્ઞાનિક સ્તરે પણ અમેરિકી પ્રમુખ પર આકરા પ્રહારો કર્યા છે. સોશિયલ મીડિયા પર ઈરાન તરફથી એક આક્રમક વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચા જગાડી છે. રાજધાની તહેરાનના અતિ વ્યસ્ત એવા તાજરીશ સ્ક્વેર પર એક ખાસ આર્ટ ઈન્સ્ટોલેશન મૂકવામાં આવ્યું છે.

**વાયરસ** | શમોન્ડા વાયરસનો પ્રથમ કેસ, પ્રથમ માનવ સંક્રમણથી મોત

# ફ્રાન્સમાં શમોન્ડા વાયરસ સંક્રમણથી હાહાકાર

(એજન્સી) પેરિસ । તા. 25

યુરોપના વિકસિત દેશ ફ્રાન્સમાં સ્વાસ્થ્ય જગતને હચમચાવી નાખતી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ચિકનગુનિયા જેવા ખતરનાક શમોન્ડા વાયરસના માનવ સંક્રમણના પ્રથમ કેસની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. લિયોન શહેરની એક અગ્રણી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૬૦ વર્ષથી વધુ વયના અને અતિશય નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા એક વૃદ્ધ દર્દીનું આ અજાણ્યા વાયરસના ચેપના કારણે દર્દનાક અવસાન થયું છે. આ વાયરસ અત્યાર સુધી ફક્ત પશુઓમાં જ સીમિત મનાતો હતો, પરંતુ હવે માનવ શરીરમાં તેના પ્રવેશથી વૈજ્ઞાનિકો અને તબીબી આલમમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

આ અતિશય જોખમી સંક્રમણ પૂર્વી ફ્રાન્સના એક ગ્રામીણ વિસ્તારમાં નાની માખીના કરડવાથી ફેલાયું હોવાનું સામે આવ્યું છે. દર્દીને ક્યુલીકોઈડ્સ જાતિની



સૂક્ષ્મ માખી કરડવાથી આ ગંભીર વાયરસ તેના રક્તમાં પ્રવેશી ગયો હતો. આ વાયરસ અગાઉ માત્ર ગાય, ભેંસ, ઘેટાં, બકરાં અને ઘોડા જેવા મૂગા પશુઓમાં જ જોવા મળતો હતો.

પરંતુ બદલાતા વાતાવરણ અને જીવંત સંપર્કના કારણે હવે આ રોગ પશુઓમાંથી માનવ શરીરમાં ફેલાઈ રહ્યો છે, જે ભવિષ્ય માટે એક મોટો ખતરો સાબિત થઈ શકે છે. મૃતક દર્દીની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવા ઉપરાંત તે પહેલેથી જ અન્ય અનેક ગંભીર બીમારીઓ સામે લડી રહ્યો હતો, જેના કારણે તેની રોગપ્રતિકારક શક્તિ તદ્દન નબળી પડી ચૂકી હતી અને તે આ વાયરસનો સરળ શિકાર બની ગયો હતો.

સ્વાસ્થ્ય વિભાગના અહેવાલો મુજબ, આ વાયરસથી સંક્રમિત થયેલા દર્દીના શરીરમાં અત્યંત જટિલ ન્યૂરોલોજિકલ મુશ્કેલીઓ જોવા મળી હતી. શમોન્ડા વાયરસના સીધા પ્રભાવના કારણે દર્દીની ચેતાતંત્ર પ્રણાલી ગંભીર રીતે પ્રભાવિત થઈ ગઈ હતી, જેના પરિણામે ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં તેના પ્રાણ બચાવી શકાયા નહોતા. સૌથી મોટી ચિંતાની બાબત એ છે કે આ ઘાતક વાયરસ સામે રક્ષણ મેળવવા માટે હાલમાં બજારમાં કે વૈજ્ઞાનિક સંશોધનોમાં કોઈપણ પ્રકારની અધિકૃત રસી ઉપલબ્ધ નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થા અને અન્ય વૈશ્વિક સ્વાસ્થ્ય એજન્સીઓએ સ્પષ્ટ કર્યું છે કે હાલના તબક્કે આ વાયરસ મનુષ્યથી મનુષ્યમાં ફેલાતો હોવાના કોઈ પુરાવા મળ્યા નથી, તેમ છતાં આ અચાનક બનેલી ઘટનાએ સમગ્ર યુરોપની મેડિકલ સિસ્ટમ સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરી દીધા છે.

# રશિયા અને યુક્રેન યુદ્ધવિરામ માટે સહમત

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

લાંબા સમયથી ચાલી રહેલા વિનાશક સંઘર્ષ વચ્ચે આખી દુનિયા માટે રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં રશિયા અને યુક્રેન વચ્ચે આગામી સમયમાં યુદ્ધવિરામ માટે સત્તાવાર સહમતિ સધાઈ ચૂકી છે. અમેરિકાના પ્રમુખપદના પ્રયાસો અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પની મહત્વની ભૂમિકાના કારણે બંને દેશોના પ્રતિનિધિઓ રશિયન કબજા હેઠળના યુક્રેનના ઓલેશ્કી શહેરમાં આમનેસામને બેસીને ચર્ચા કરી હતી, જેના પરિણામે તાત્કાલિક ધોરણે નાગરિકોને રાહત આપવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

ફેબ્રુઆરી ૨૦૨૨થી રશિયાના નિયંત્રણ હેઠળ આવેલા ઓલેશ્કી શહેરમાં લાંબા સમયથી ખાદ્યાન્ન અને માનવીય જરૂરિયાતોની ભયંકર કટોકટી સર્જાઈ રહી છે, જ્યાં અંદાજે બે હજાર જેટલા નાગરિકો મુશ્કેલ પરિસ્થિતિમાં જીવન વિતાવી રહ્યા છે. અગાઉના સમયમાં યોજાયેલી મંત્રણાઓ કોઈ નક્કર પરિણામ વિના જ પૂરી થઈ હતી કારણ કે ડોનબાસ વિસ્તારની માગણીઓને લઈને બંને પક્ષો વચ્ચે ગતિરોધ યથાવત રહ્યો હતો, પરંતુ હવે માનવતાના ધોરણે પરિસ્થિતિ બદલાઈ રહી છે. આગામી ૨૭મી ઓક્ટોબરથી બંને દેશો દ્વારા સત્તાવાર રીતે યુદ્ધવિરામ અમલમાં મૂકવામાં આવશે, જેના ભાગરૂપે સ્થાનિક સમય પ્રમાણે બપોરે ચાર વાગ્યાથી ફાયર બંધ કરી દેવામાં આવશે. યુક્રેનના પ્રમુખ વોલોડોમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું છે કે આ પગલાંથી નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવા અને જરૂરી માનવીય સહાય પહોંચાડવાનો માર્ગ સરળ બનશે. આ પ્રક્રિયા શરૂ કરતા પહેલા ઓલેશ્કી તરફ જતા માર્ગો પરથી બારુદી સુરંગો હટાવવાનું કામ અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવશે.

# સાવરકુંડલામાં ભવ્ય પીળા પતંગિયા શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું

રિપોર્ટર નિકુંજ મહેતા સાવરકુંડલા

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં સાંસ્કૃતિક વારસાના જતન અને પરંપરાગત રાસ-ગરબાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી ભવ્ય 'પીળા પતંગિયા શરદોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા આયોજિત આ શરદોત્સવમાં આધુનિક ટેકનોલોજી અને અદ્યતન સાઉન્ડ સિસ્ટમ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ખાસ વાત એ છે કે આ શરદોત્સવ બીમાર ગાયોની સારવારના લાભાર્થે યોજાયો હતો. જેમાં રાજ્યના ઊર્જામંત્રી કૌશિક વેકરિયા અને અમરેલીના સાંસદ ભરત સુતરીયાની વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી.ાવરકુંડલામાં યોજાયેલા પીળા પતંગિયા શરદોત્સવે પરંપરા અને આધુનિકતાનો અનોખો સમન્વય રજૂ કર્યો હતો. સાંસ્કૃતિક વારસાના જતનના ઉમદા ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ રાસ-ગરબા મહોત્સવમાં ખેલૈયાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાવરકુંડલામાં પ્રથમવાર ડ્યુઅલ ટોપ અને ડ્યુઅલ બેઝ લાઇન ધરાવતી થ્રી-વે સાઉન્ડ સિસ્ટમ, વિશાળ 500 ફૂટની LED સ્ક્રીન અને VJ ઓપરેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ આયોજનમાં ખેલૈયાઓને અનોખો ગરબાનો અનુભવ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય મહેશ કસવાળાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ શરદોત્સવની વિશેષતા માત્ર ભવ્ય આયોજન પૂરતી સીમિત નહોતી. આ મહોત્સવ બીમાર ગાયોની સારવારના લાભાર્થે યોજાયો હતો, જેની પાછળ જીવદયા અને પશુસેવાનો ઉમદા સંદેશ પણ રહેલો હતો. આ પ્રસંગે રાજ્યના ઊર્જામંત્રી કૌશિક વેકરિયા અને સાંસદ ભરત સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનક તળાવિયા, અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



ઊર્જામંત્રી કૌશિક વેકરિયા અને ધારાસભ્ય મહેશ કસવાળા પણ ગરબાના રંગે રંગાયા હતા. ઊર્જામંત્રી કૌશિક વેકરિયાએ ખેલૈયાઓ સાથે મન મૂકીને રાસ-ગરબા કર્યા હતા, જેને જોઈને ઉપસ્થિત ખેલૈયાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ત્યારે ખેલૈયાએ પણ આજનો શરદોત્સવને વધાવ્યો હતો .લૈયા માટે આ શરદોત્સવનો પ્રથમ પ્રસંગને ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ વધાવીને સંસ્કૃતિની સોગાતને વધાવી ને પોતે પણ મન ભરીને ઝૂમ્યા હોવાનું જણાવ્યું હતું .આજનો પીળા પતંગીયા શરદોત્સવ નવા રૂપરંગ સાથે ખેલૈયા માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો ને હજારો ખેલૈયા રમ્યા તે દર વર્ષે આ યોજાઈ તેવું ધારાસભ્ય મહેશ કસવાળાએ ઈચ્છ્યું હતું. નેતાઓની સહભાગિતા અને ખેલૈયાઓના ઉત્સાહથી શરદોત્સવનું વાતાવરણ ગરબાના રંગે રંગાઈ ગયું હતું. પરંપરાગત સંસ્કૃતિનું જતન, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ અને બીમાર ગાયોની સારવાર માટેની સેવાભાવના–આ ત્રણેય વિશેષતાઓ સાથે પીળા પતંગિયા શરદોત્સવે સાવરકુંડલામાં આકર્ષણ જમાવ્યું હતું અને સાવરકુંડલામાં યોજાયેલો પીળા પતંગિયા શરદોત્સવ માત્ર રાસ-ગરબાનો મહોત્સવ જ નહીં, પરંતુ સાંસ્કૃતિક વારસાના જતન અને જીવદયાની ભાવનાને પ્રોત્સાહન આપતું આયોજન પણ બની રહ્યો હતો.

## 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ'માં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા પુસ્તક પ્રદર્શન

અમદાવાદ | ભારત સરકારના અગ્રણી પ્રકાશન ગૃહ, માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, અમદાવાદ ખાતે 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2026'માં ભાગ લેવામાં આવી રહ્યો છે. આ પ્રદર્શનનો સમય સવારે 10:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધીનો છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી શિક્ષણ મંત્રાલય હેઠળના નેશનલ બુક ટ્રસ્ટ (NBT) દ્વારા AIBFનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે AIBF 2026નું ઉદ્ઘાટન કર્યું હતું. અહીં ભારત, વર્તમાન પ્રવાહો, સામાન્ય જ્ઞાન, યુપીએસસી (UPSC), જીપીએસસી (GPSC), એસએસસી (SSC) ની પરીક્ષાની તૈયારીઓ; કળા, સંસ્કૃતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ઈતિહાસ, સ્વતંત્રતા સંગ્રામ, વિરાસત, બાળ સાહિત્ય, ગાંધીવાદી સાહિત્ય, આધુનિક ભારતના ઘડવૈયાઓ (BMI શ્રેણી), ભારતના સાંસ્કૃતિક નેતાઓ (CLI શ્રેણી), મહાનુભાવો અને જીવનચરિત્રો, ભાષણો અને લખાણો, રાષ્ટ્રપતિ ભવન શ્રેણી, દેશ અને લોકો, પર્યાવરણ, સ્વાસ્થ્ય અને પોષણ, રમતગમત અને રમતગમત ક્ષેત્રની હસ્તીઓ, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, મીડિયા અને કમ્યુનિકેશન, સંદર્ભ ગ્રંથો અને અન્ય ઘણા વિષયો પરના પુસ્તકો અને માસિક સામયિકો અનેક ભારતીય ભાષાઓમાં ડિસ્કાઉન્ટ સાથે ઉપલબ્ધ છે.પ્રકાશન વિભાગ 13 ભાષાઓમાં વિકાસલક્ષી માસિક 'યોજના', ગ્રામીણ વિકાસના મુદ્દાઓને સમર્પિત 'કુરુક્ષેત્ર', બાળ ભારતી અને આજકાલ સહિત 17 માસિક સામયિકો તેમજ અઠવાડિકો 'એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ અને રોજગાર સમાચાર' પ્રકાશિત કરે છે, જે બાળકો, યુવાનો અને નાગરિકોમાં વ્યાપક વાચકવર્ગ ધરાવે છે.સામયિકોનું સબ્સ્ક્રિપ્શન મેળવવા અને પુસ્તકો ખરીદી કરવા માટે, સ્ટોલ નંબર C-57 ની મુલાકાત લેવા અપીલ કરવામાં આવી છે. તેમજ yojanagujarati[at]gmail[dot]com પર ઈમેલ કે ફોન: 079-26588669 સંપર્ક કરવા અથવા નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, નેહરુ બ્રિજ ખૂણા, અમદાવાદ ખાતે આવેલી કાર્યાલયની મુલાકાત પણ કરી શકાય છે.



## જેલમાં બંધ ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં પરિવાર અને આદિવાસી સમાજ મેદાને : મનોજ સોરઠીયા

### ' આદિવાસી ન્યાય યાત્રા' નો બીજો દિવસ, ધરમપુર ખાતે 'આપ' ના પ્રદેશ નેતાઓની પત્રકાર પરિષદ




અમદાવાદ | આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલી 'આદિવાસી ન્યાય યાત્રા'ના બીજા દિવસે ધરમપુર સર્કિટ હાઉસ ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના ધર્મપત્ની શકુન્તલાબેન વસાવા અને વર્ષાબેન વસાવા, પ્રદેશ સંગઠન મંત્રી કમલેશ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ રાજુભાઈ વલવાઈ, પૂર્વ ધારાસભ્ય ઈશ્વરભાઈ, પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવા અને બાબુભાઈ ડામોરે પત્રકાર પરિષદ યોજી હતી. માધ્યમોને સંબોધતા પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું કે આદિવાસી સમાજની વર્ષોની પેન્ડિંગ માંગણીઓ જેવી કે પેસા એક્ટ અને અનુસૂચિ પાંચના હકો માટે લડનારા ચૈતર વસાવા આજે ગુજરાતના લોકો માટે આશાનું કિરણ છે. તેઓ જેલમાં હોવાથી તેમનો સમગ્ર પરિવાર માત્ર ભાવનાત્મક રીતે જ નહીં, પરંતુ અન્યાય સામેની આ લડાઈમાં સક્રિયપણે જોડાયો છે. આમ આદમી પાર્ટીના નેતૃત્વમાં હિંમતપૂર્વક ઉમરગામથી શરૂ થયેલી આ યાત્રા અંબાજી થઈને ગાંધીનગર પહોંચશે, જ્યાં આદિવાસી સમાજમાં જનજાગૃતિ લાવવા માટે એક વિશાળ રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાના પ્રથમ દિવસથી જ તમામ વિસ્તારોમાં લોકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે અને બીજા દિવસે પણ મોટી સંખ્યામાં આદિવાસી યુવાનો તથા માતા-બહેનો આશીર્વાદ આપવા જોડાયા છે, જેમાં આમ આદમી પાર્ટીનું સમગ્ર પ્રદેશ નેતૃત્વ સતત સાથે રહીને માર્ગદર્શન પૂરું પાડી રહ્યું છે.

રાજ્યની સરકારી શાળાઓની સ્થિતિ અંગે વાત કરતા મનોજ સોરઠીયાએ જણાવ્યુ હતુ કે જાગૃત નાગરિકો અને પત્રકારોએ વારંવાર શાળાઓની અસુવિધાઓ, શિક્ષકોની અછત અને વિદ્યાર્થીઓને થતા અન્યાય સામે ધ્યાન દોર્યું છે, પરંતુ સરકારે પરિપત્ર લાવીને સાબિત કરી દીધું છે કે તેઓ સ્થિતિ સુધારવા માંગતા નથી અને બંધારણ વિરોધી તથા અંગ્રેજી માનસિકતાથી લોકોને શાળાઓમાં ઘૂસવા દેવા માંગતા નથી. ભાજપના પાપનો ઘડો ભરાઈ રહ્યો છે અને જનતા આવનારા દિવસોમાં તેને ફોડશે તેનો ડર શાસક પક્ષને સતાવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે જ્યાં વિપક્ષના નેતાઓ જૂની પંચાયતોની ગેરરીતિઓ સામે સવાલ ઉઠાવે કે આંદોલન કરે ત્યારે પરમિશન આપવામાં આવતી નથી, પરંતુ ભાજપ ગુંડાઓ, બુટલેગરો, કોન્ટ્રાક્ટરો અને મળતિયાઓ જેવા લૂંટતંત્રના ભાગીદારોની ભીડ ભેગી કરીને 'લોકશાહી બચાવો' ના નાટક અને હાસ્યાસ્પદ યાત્રાઓ યોજે છે. તેમણે સી.આર. પાટીલને પૂછ્યું કે શું તેઓ તંત્ર પાસે આ કાર્યક્રમની પરમિશન લેશે? ભાજપ દ્વારા પૈસા આપીને કે શાળાના બાળકોને ભરીને યોજાતા આવા કાર્યક્રમોથી તેમનો વિકાસ ન કરવાનો મેસેજ અને સત્તા ટકાવી રાખવાની માનસિકતા છતી થાય છે, જેની સામે ગુજરાત અને દેશની જનતા હસી રહી છે.

# વ્યારામાં શેરડીના નાણાં ન મળતા ૨૪ દિવસથી ધરણાં પર બેસેલા ખેડૂતોની 'આપ' પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મુલાકાત લીધી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વ્યારા ખાતે ૨૪ દિવસથી ધરણાં પર બેસેલા ખેડૂતોના ધરણાં સ્થળની મુલાકાત લીધી હતી. ધરણાં સ્થળે પહોંચીને ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપ સરકાર જાણે ખેડૂતો માટે કાળ બનીને આવી હોય તેમ અહીંના ખેડૂતો ગત બીજી ઓક્ટોબરથી અંદાજે ૨૪ દિવસથી પોતાની શેરડીના બાકી નીકળતા રૂપિયા ન મળવાને કારણે ધરણા પર બેઠા છે. સુગર ફેક્ટરી બંધ પડી હોવાથી ચાલુ કરાવાયા બાદ આગેવાનો અને નેતાઓની અપીલથી ખેડૂતોએ શેરડી વાવીને ફેક્ટરીને આપી હતી, પરંતુ સુગર ફેક્ટરી અને તેમાં બેઠેલા નેતાઓ શેરડી અને તેના બીજા તથા ત્રીજા હપ્તાના આશરે ૯ થી ૧૦ કરોડ રૂપિયા ખાઈ ગયા છે. સરકાર, ફેક્ટરી સંચાલકો, ધારાસભ્યો, સાંસદો અને મંત્રીઓ મોજ કરી રહ્યા છે જ્યારે કોઈના પેટનું પાણી નથી હલતું. પરિણામે અનાજ-કરિયાણા વાળા તથા ટ્રેક્ટર વાળાના ઉઘરાણાથી ખેડૂતોની જન્માષ્ટમી અને દિવાળી બંને બગડી ગઈ છે, અને સરકાર તથા જવાબદાર અધિકારીઓએ હાથ ઊંચા કરી દીધા છે.'આપ' નેતા ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે જો સરકાર કે નેતાઓમાં જવાબદારી હોય તો તેઓ પોતાના પગારમાંથી, એક દિવસ ચાર્ટર




પ્લેન કે હેલિકોપ્ટર ઉડાડવાનું બંધ કરીને અથવા સરકારના ફંડમાંથી ખિસ્સામાંથી નહિ પણ નિયમ મુજબ ૧૫% વ્યાજ સાથે ખેડૂતોના નાણાં તુરંત ચૂકવી આપે. તેમણે ઉમેર્યું કે ખેડૂતો ૨૪ દિવસથી બેઠા હોય અને નેતાઓ રૂપિયા ન અપાવી શકતા હોય તો આવા નેતાઓ નમાલા છે અને તેમણે રાજીનામાં આપી દેવા જોઈએ, કારણ કે ટિકિટ જતી રહેવાના ડરે સરકાર સામે ન બોલનારા નેતાઓ કરતા ૨૨-૨૪ દિવસ બેસી શકનાર આ મહેનતુ ખેડૂતોને ધારાસભ્ય કે મંત્રી બનાવવા જોઈએ. ખેડૂતોના રોકાયેલા નાણાં પાછા મેળવવા માટે તેઓ પોતે, તેમની ટીમ અને જરૂર પડ્યે લીગલ ટીમ અભ્યાસ કરીને જવાબદારો સામે કોર્ટમાં છેતરપિંડીની ફરિયાદ કરવા માટે પણ સંપૂર્ણ તૈયાર છે.સ્થાનિક ખેડૂતના જણાવ્યા અનુસાર 'ખેડૂત સત્યાગ્રહ આંદોલન' હેઠળ ગત ૨જી ઓક્ટોબરથી વ્યારા જિલ્લા સેવા સદન ખાતે છેલ્લા ૨૪ દિવસથી ખેડૂતો ધરણા પર બેઠા છે. સુગર ફેક્ટરીમાં પરસેવો રેડીને શેરડી આપવા છતાં ચેરમેન અને એમડી દ્વારા ૧૫ અને ૨૩ તારીખના લેખિત તથા મૌખિક વાયદાઓ આપીને ખેડૂતો સાથે વારંવાર છેતરપિંડી કરવામાં આવી છે. આ ગંભીર સ્થિતિમાં સામી દિવાળીએ ખેડૂતોના ખિસ્સામાં ફૂટી કોડી પણ નથી, બાળકો માટે ખરીદી નથી થઈ શકી અને ઘરમાં પત્નીઓ હકના રૂપિયાને લઈને પતિની રાહ જોઈ રહી છે. આથી સરકારને અપીલ છે કે તાત્કાલિક ધોરણે ખેડૂતોના નાણાં ચૂકવવામાં આવે અને કસ્ટોડિયન કમિટીના તમામ સભ્યોની ધરપકડ કરી તેમની પ્રોપર્ટી જપ્ત કરીને કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

## RSS દ્વારા આહવા નગર ખાતે 101મી વિજયાદશમી ઉત્સવની ઉત્સાહ ભેર ઉજવણી

### ""શસ્ત્રપૂજન સાથે શિસ્તબદ્ધ પથસંચલન યોજાયું, રાષ્ટ્રભાવના અને પ્લાસ્ટિકમુક્ત ભારતનો સંદેશ અપાયો""



ડાંગ | રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા ડાંગ જિલ્લામાં ડાંગ સ્વરાજ આશ્રમ ના પટાંગણમાં 101મી વિજયાદશમીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શસ્ત્રપૂજન સાથે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંઘના સ્વયંસેવકો દ્વારા દંડ સાથે શિસ્તબદ્ધ પથસંચલન યોજી સમાજમાં સંગઠન, શિસ્ત અને રાષ્ટ્રભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘના નવસારી વિભાગ શારીરિક શિક્ષણ પ્રમુખ દેવેન્દ્ર ભાઈ પીમ્પ્યુટકર દ્વારા વક્તવ્ય માં જણાવ્યું હતું કે, સંઘ કોઈ ધર્મના વિરોધમાં કાર્ય કરતું નથી, પરંતુ રાષ્ટ્રવિચાર સાથે સમાજને સંગઠિત કરવાનું કાર્ય કરે છે. સંઘના કાર્યકર્તાઓ કોઈ પણ પ્રકારની વ્યક્તિગત અપેક્ષા વિના નિ:સ્વાર્થ ભાવે સમાજ અને રાષ્ટ્રની સેવા કરતા રહે છે. વિજયાદશમીનો તહેવાર વિજય અને સંકલ્પનું પ્રતીક છે ત્યારે સૌએ રાષ્ટ્રહિત અને સામાજિક એકતા માટે કાર્ય કરવું જોઈએ.તેમણે વધુમાં પ્લાસ્ટિકમુક્ત ભારતના નિર્માણ માટે સૌ નાગરિકોને સહયોગ આપવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. એ. જી. પટેલ અને નવસારી વિભાગના દેવેન્દ્રભાઈ પીમ્પ્યુટ સહિત છબીલદાસ ભાઈ વ્યવહારે સંઘના કાર્યકર્તાઓ તથા સ્વયંસેવકો અને માતા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શિસ્તબદ્ધ પથસંચલન અને શસ્ત્રપૂજન સાથે વિજયાદશમીની ઉજવણી કરવામાં આવી હતી.

## મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિત અન્ય રાજ્યોએ દુષ્કાળ જાહેર કર્યો, તો ગુજરાત સરકાર કોની રાહ જુએ છે? : ઈસુદાન ગઢવી



### • સિંચાઈ માટે સૌની યોજનાનું પાણી ન આપવાનો નિર્ણય ખેડૂતોની ક્રૂર મજાક સમાન : ઈસુદાન ગઢવી

### • પાણી છોડીને માત્ર ફોટા પડાવ્યા અને બીજા દિવસે બંધ કરી દીધું; ભાજપ ખેડૂતો સાથે સર્કસ રમવાનું બંધ કરે : ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકારને દુષ્કાળગ્રસ્ત જાહેર ન કરવા માટે જાણે એવોર્ડ આપવો પડે એવી કામગીરી કરી રહી છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોએ પોતપોતાના વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દીધા છે, પરંતુ ખેડૂતો માટે બધું જ કરવાની વાતો કરનારા ભાજપના નેતાઓ ખબર નહીં કોની રાહ જોઈ રહ્યા છે. એક બાજુ સરકારે નોટિફિકેશન બહાર પાડીને સૌની યોજનાનું સિંચાઈનું પાણી ન આપવાની જાહેરાત કરી છે, જેના નામે તેમણે અત્યાર સુધી મતો મેળવ્યા અને સત્તા મેળવી. કેટલીક જગ્યાએ તો માત્ર ફોટા પાડવા પૂરતું પાણી છોડીને બીજા જ દિવસે બંધ કરી દેવાયું છે. ખેડૂતો, મજૂરો, શ્રમિકો અને ભાગિયાઓ સાથે થઈ રહેલી આવી મજાક અંગે રોષ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે ખેડૂતોની સ્થિતિ કોઈ સર્કસ નથી, જેથી સરકાર આવી મજાક કરી રહી છે.

'આપ' નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં ઉમેર્યું હતું કે જનતાએ વિશ્વાસ મૂકીને સૌરાષ્ટ્ર-કચ્છની ૫૪ સીટોમાંથી ભાજપને ઢગલાબંધ બેઠકો પર જીતાડીને સત્તા આપી, પરંતુ તેના પરિણામે વારંવાર માંગણીઓ, આંદોલનો, ધરણાં અને પત્રો લખવા છતાં સરકાર દુષ્કાળગ્રસ્ત જાહેર નથી કરતી, સિંચાઈનું પાણી નથી આપતી કે ઘાસચારાની વ્યવસ્થા નથી કરતી. ભાજપને એટલો અહંકાર આવી ગયો છે કે તેઓ એવું માને છે કે ચૂંટણી આવે ત્યારે 'વૈય' પક્ષીઓની જેમ બાજરીના ખેતરમાં જ્ઞાતિના નેતાઓને ઉતારીને મતો મેળવી લેવાશે, પરંતુ જનતાએ ભાડથર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આવા નેતાઓને ભગાડીને પોતાનો જવાબ આપી દીધો છે.

### સૌરાષ્ટ્રના ખેડૂતો માટે દુઃખદ સમાચાર: સૌની યોજનાનું પાણી સિંચાઈ માટે નહીં મળે તેવી સરકારી લેખિત જાહેરાત

# એક જ વર્ષ વરસાદ ન આવતા 30 વર્ષની ભાજપ સરકારનો કારોબાર અને વિકાસના દાવાઓનો ભાંડો ફૂટ્યો

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર આખાના ખેડૂતો માટે ખૂબ જ દુ:ખના સમાચાર આવ્યા છે કારણ કે વર્ષોથી સૌની યોજનાના નામે ખેડૂતોના મત પડાવવાનું ષડયંત્ર રચનાર ભાજપ સરકાર દ્વારા જળાશયોમાંથી ખેડૂતોને સિંચાઈ માટેનું પાણી નહીં મળે તેવો લેખિત આદેશ બહાર પાડવામાં આવ્યો છે. ગોપાલ ઈટાલિયાએ પત્ર બતાવી જણાવ્યું કે, આમાં સ્પષ્ટ સૂચના અપાઈ છે કે સૌની યોજના હેઠળના કમાન્ડ વિસ્તારની તમામ કાર્યરત સિંચાઈ મંડળીઓ તથા ખેડૂતોને અવગત કરી દેવું કે જળાશયોમાં માત્ર પીવાના પાણીને અગ્રિમતા અપાશે અને સિંચાઈનું પાણી મળશે નહીં. ૩૦ વર્ષથી સરકાર ચલાવતી ભાજપનો ભાંડો એક જ વર્ષ વરસાદ ન આવતા ફૂટી ગયો છે, કારણ કે અત્યાર સુધી ભગવાન સમયસર વરસાદ, પવન, તડકો અને ઠંડી મોકલતા હોવાથી સરકાર ચાલતી હતી, પરંતુ હવે શિયાળામાં જ અમદાવાદ સહિત શહેરોમાં પીવાના પાણીના અને લાઈટના કાપ શરૂ થઈ ગયા છે અને સૌની યોજનાના ભૂંગળા, મશીનો તથા સિમેન્ટના નામે માત્ર કોન્ટ્રાક્ટરો અને ભાજપના નેતાઓ જ અબજો રૂપિયા કમાયા છે



જ્યારે ખેડૂતોને આ યોજનાનો કોઈ જ લાભ મળ્યો નથી.'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે કેશુભાઈ પટેલના સમયમાં પાયો નંખાયેલી કલ્પસર યોજનાને નરેન્દ્ર મોદી અને અમિત શાહે પસંદ ન હોવાના કારણે આગળ વધવા દીધી નથી, અને ડબલ એન્જિન સરકારની વાત કરનાર ભાજપના પોતાના મંત્રીઓ તથા ધારાસભ્યોના ગામોમાં પણ આજે સૌની યોજનાનું પાણી નહીં મળે તેવો લેખિત હુકમ કરાયો છે. સૌરાષ્ટ્રની પાણીની સમસ્યાનો કાયમી અને રામબાણ ઈલાજ માત્ર એ જ છે કે દરેક ગામમાં ઓછામાં ઓછા બે તળાવ, દરેક તાલુકામાં ૨૦ ચેકડેમ અને દરેક જિલ્લામાં ૧૦ મોટા ડેમ બને, તથા સરકાર ગામડે

### • શહેરોમાં પીવાના પાણી અને વીજળીના કાપ શરૂ; શિયાળામાં જ આ હાલત હોય તો ઉનાળાની સ્થિતિ શું થશે? : ગોપાલ ઈટાલિયા

ગામડે દર વર્ષે ૧ કરોડ રૂપિયા ફાળવીને સ્થાનિક લોકોને ક્યાં તળાવ બનાવવું તે નક્કી કરવાની છૂટ આપે. ભાજપ સરકાર બધું જ જાણવા છતાં એટલા માટે તળાવ અને ચેકડેમ નથી બનાવતી જેથી કાઠિયાવાડના લોકો તેમના ઓશિયાળા બનીને રહે, અને સૌની યોજનાની હવા નીકળી જતાં સરકારે હાથ ઊંચા કરી લેતા હવે કાઠિયાવાડના ખેડૂતો ભગવાન ભરોસે રહેવા મજબૂર બન્યા છે.

## દુષ્કાળ જાહેર કરવાની ખેડૂતોની માંગ મુદ્દે કૃષિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના નિવેદનમાં જ ભારે વિસંગતતા

### મંત્રી કન્ફ્યુઝ છે,પહેલા કીધું સર્વે થઈ ગયો છે અને બીજી જ ક્ષણે કીધું સર્વે બાદ નિર્ણય લેવાશે : પ્રવીણ રામ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે તાજેતરમાં ગુજરાતના ખેડૂતોની ઘણા સમયથી ચાલી રહેલી દુષ્કાળ જાહેર કરવાની માંગણી મુદ્દે જવાબદાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જે નિવેદન આપ્યું છે તેમાં જ ભારે વિસંગતતા જોવા મળે છે અને તેઓ પોતે કન્ફ્યુઝ હોય તેવું લાગે છે. મંત્રી કુંવરજીભાઈ પોતાના નિવેદનની શરૂઆતમાં એવું કહે છે કે સરકારે આગળથી જ તમામ જિલ્લાઓનો સર્વે કરી લીધો છે અને તે મુજબ બધું પુરવાર થતાં પાણી તથા ઘાસચારો આપવામાં આવી રહ્યો છે, પરંતુ બીજી જ ૨૦-૨૫ સેકન્ડમાં મીડિયા દ્વારા દુષ્કાળ જાહેર કરવા અંગે પ્રશ્ન પૂછાતા તેઓ ફરી એવું બોલે છે કે સર્વે કર્યા બાદ સરકાર હકારાત્મક અને પોઝિટિવ નિર્ણય લેશે. આથી સવાલ એ થાય છે કે જો સરકારે ઓલરેડી



સર્વે કરી લીધો હોય તો હજુ પણ સરકાર કેટલી જાતના સર્વે કરવા માંગે છે, માત્ર સર્વે જ કર્યા કરશે કે પછી ખરેખર દુષ્કાળ જાહેર કરશે?પ્રવીણ રામે વધુમાં ઉમેર્યું હતું કે મંત્રી કુંવરજીભાઈ બાવળિયા વધારાનું પાણી અને ઘાસચારો આપવાનો દાવો કરે છે, પરંતુ તેઓ પોરબંદર, દ્વારકા, જામનગર અને કચ્છ જિલ્લામાં રૂબરૂ વિઝિટ કરીને જુએ તો ખબર પડે કે ખેડૂતોને કેટલું પાણી અને કેટલો ઘાસચારો મળ્યો છે. વાસ્તવમાં ખેડૂતોને કંઈ જ અપાઈ રહ્યું નથી અને તેના નામે માત્ર ને માત્ર નાટકો તથા મંત્રીઓની બયાનબાજીઓ ચાલી રહી છે. સરકારની મનશા દુષ્કાળ જાહેર કરવાની કે ખેડૂતો પ્રત્યે હકારાત્મક વલણ દાખવવાની બિલકુલ નથી અને મંત્રી પોતે જ પોતાની વાતમાં વિરોધાભાસ ઊભો કરી રહ્યા છે. આથી તેમણે ગુજરાતના તમામ ખેડૂતોને અપીલ કરી છે કે સરકારના આવા નિષ્ક્રિય અને અન્યાયી વલણ સામે આવનારા દિવસોમાં આપણે બધાએ સાથે મળીને મજબૂતાઈથી આનો જવાબ આપવો પડશે.

## 2029માં અમદાવાદમાં યોજાશે વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ:દેશમાં પહેલીવાર યોજાશે, હર્ષ સંઘવીએ એક્સ પર કરી જાહેરાત

અમદાવાદ | રમતગમત ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ભારત અને ગુજરાત માટે એક ઐતિહાસિક ક્ષણ આવી છે. ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશન (IWF) દ્વારા વર્ષ 2029ની 'વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ'ની યજમાની માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. અગાઉ વર્ષ 2025માં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ અને મે 2026માં એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપની સફળ યજમાની કર્યા બાદ, હવે વિશ્વભરના શ્રેષ્ઠ વજનઉંચાકકો (વેઈટલિફ્ટર્સ) પોતાના કૌશલ્યનો જાદુ બતાવવા ગુજરાતના આંગણે પધારશે.

આ પ્રતિષ્ઠિત વિશ્વસ્તરીય ટૂર્નામેન્ટ મેળવીને ગુજરાતે ફરી એકવાર સાબિત કર્યું છે કે તે આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટ્સનું એક નવું અને મજબૂત હબ બની રહ્યું છે. આ આયોજનથી સ્થાનિક ખેલાડીઓને મોટો પ્રોત્સાહન મળશે અને રાજ્યમાં રમતગમતના માળખાકીય વિકાસને વધુ બળ મળશે.

ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ સહદેવ યાદવે જણાવ્યું કે, ભારતીય વેઈટલિફ્ટિંગ માટે આ એક મોટો દિવસ છે કારણ કે IWF વર્લ્ડ ચેમ્પિયનશિપ પહેલીવાર ભારતમાં આવી રહી છે અને તેનું આયોજન અમદાવાદમાં કરવામાં આવશે. રશિયા અને વેનેઝુએલાએ 2029 ચેમ્પિયનશિપ માટે જોરદાર દાવેદારી કરી હતી. IWF એક્ઝિક્યુટિવ બોર્ડે ભારતમાં વિશ્વાસ મૂક્યો છે. વધુમાં જણાવ્યું કે, 2029 IWF વર્લ્ડ ચેમ્પિયનશિપ ભારતમાં યોજાનારી 2030 કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાઈંગ ઈવેન્ટ પણ હશે. તે આપણા વેઈટલિફ્ટર્સને 2030 CWG માટે સ્થાન મેળવવાની સારી તક આપશે. રશિયાને 2030 IWF વર્લ્ડ ચેમ્પિયનશિપ આપવામાં આવી છે. જ્યારે વેનેઝુએલા IWF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરશે.

# સિટી એક્સપ્રેસ

MONDAY 26 OCTOBER-2026

AHMEDABAD


### દિવાળી પહેલા રિક્ષા-ટેક્સી ચાલકોના આંદોલનના ભણકારા

અમદાવાદ | અમદાવાદમાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ પડતર માંગણીને લઈને ફરી એક વખત આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. અદાણી CNGમાં થયેલો ભાવ વધારો પાછો ખેંચવા અથવા સબસિડી આપવા, ઓનલાઈન એપ્લિકેશનમાં સરકાર દ્વારા નક્કી કરેલા નિયમ ભાડું આપવા અને ગેરકાયદે ચાલતા સફેદ નંબર પ્લેટવાળા ટુ વ્હીલર બંધ કરવા માટે 28 ઓક્ટોબર સુધીનું ટ્રાન્સપોર્ટ કમિશનર અને સરકારને અલ્ટિમેટમ આપ્યું છે. જો માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો ફરીથી ભૂખ હડતાલ અને રેલી યોજીને ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### સગીર મિત્રને બુલેટ આપનાર યુવક સામે ગુનો દાખલ

અમદાવાદ | અમદાવાદના ઓઢવ વિસ્તારમાં નેશનલ હેન્ડલુમ ચાર રસ્તા પાસે સગીર વયના રોયલ એનફિલ્ડ બુલેટ ચાલકે આધેડને ટક્કર મારતા તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. લાયસન્સ ન હોવા છતાં પણ સગીર દ્વારા વાહન ચલાવવામાં આવ્યું હતું, જેથી સગીરને બુલેટ ચલાવવા આપનાર યુવક વિરુદ્ધ આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે. નિકોલ રોડ પર આવેલી ધ ગ્રેટ ઈસ્ટર્ન સોસાયટીમાં રહેતા બાબુલાલ ઝવેરભાઈ ભાદાણી 30 સપ્ટેમ્બરે બપોરે પોતાનું એક્ટિવા લઈને નેશનલ હેન્ડલૂમ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા.



### ત્રાગડ-ચાંદખેડા તરફ જનારા લોકો હેરાન થયા; AMC કોન્ટ્રાક્ટરને બોર્ડ બદલવા સૂચના, પેનલ્ટી ફટકારવામાં આવશે

# SP રીંગરોડ નજીક એન્ટ્રી પોઇન્ટ પર ખોટું સાઈનબોર્ડ લગાવાયું




અમદાવાદ | શહેરના અલગ અલગ એન્ટ્રી પોઈન્ટ પર નાગરિકોને વિસ્તારની માહિતી મળી રહે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાઈન બોર્ડ લગાવવામાં આવે છે. જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનના કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી સામે આવી છે. સરદાર પટેલ રિંગરોડ પર હોટલ હિલલોક પાસે ચાંદખેડા માનસરોવર તરફ જવાના રોડ પર કોર્પોરેશન દ્વારા ખોટું સાઈન બોર્ડ લગાવવામાં આવ્યું છે.

એસપી રીંગ રોડ તરફથી ત્રાગડ અને ચાંદખેડા તરફ જવાના વિસ્તારને ખોટી તરફ દર્શાવવામાં આવ્યા છે. જેના કારણે વાહન ચાલકો ખોટી દિશામાં જતા રહે છે અને હેરાન થવું પડ્યું છે. આ બાબત AMC ટ્રાફિક વિભાગના ધ્યાને આવતા તાત્કાલિક ધોરણે કોન્ટ્રાક્ટરને સાઈન બોર્ડ બદલી નાખવા સૂચના આપી છે અને તેને પેનલ્ટી ફટકારવામાં આવશે.

### કોન્ટ્રાક્ટર સામે પેનલ્ટીની કાર્યવાહી

AMC ટ્રાફિક વિભાગના ઈજનેર હિમાંશુ મહેતાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ચાંદખેડા વિસ્તારમાં જે સાઈનબોર્ડ લગાવવામાં આવ્યું છે તેમાં ખોટી દિશા બતાવવામાં આવી છે. જે ધ્યાન ઉપર આવ્યું હતું, જેથી તાત્કાલિક ધોરણે કોન્ટ્રાક્ટર સ્ટાર મેક્સને જાણ કરવામાં આવી છે અને સાઈન બોર્ડ બદલવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. આજે રવિવારે આ સાઈન બોર્ડ બદલી નાખવામાં આવશે. કોન્ટ્રાક્ટર સામે પેનલ્ટી કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના એસપી રીંગ રોડ અને એસ જી હાઈવે સહિતના વિસ્તારોમાં જ્યાંથી શહેરમાં પ્રવેશ કરવામાં આવે છે એવા રોડ ઉપર સાઈન બોર્ડ લગાવવામાં આવે છે. જેમાં વિસ્તારનું નામ અને તેની દિશા તરફ જવાનું દર્શાવવામાં આવે છે. વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના પણ નામ સાથે વિસ્તાર દર્શાવતું સાઈન બોર્ડ લગાવવામાં આવતું હોય છે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના સાઈન બોર્ડ માટેના કોન્ટ્રાક્ટર સ્ટાર મેક્સ દ્વારા સરદાર પટેલ રિંગરોડ પર ચાંદખેડા હોટલ હિલ્લોક તરફથી ચાંદખેડા માનસરોવર તરફ જવાના રોડ ઉપર સાઈન બોર્ડ લગાવવામાં આવ્યું છે.

### સાઈન બોર્ડમાં ત્રાગડને ડાબી ને ચાંદખેડાને જમણી તરફ દર્શાવાયું

કોન્ટ્રાક્ટર દ્વારા જે સાઈન બોર્ડ લગાવવામાં આવ્યું છે, તેમાં રિંગ રોડ તરફથી ચાંદખેડા અને ત્રાગડ તરફ જવા માટે જે માહિતી દર્શાવવામાં આવી છે તેમાં ખોટી માહિતી દર્શાવવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે. રીંગરોડ તરફથી પ્રવેશ કરતા જો ડાબી તરફ જઈએ તો ચાંદખેડા અને જમણી તરફ જતા હતા આગળ આવે છે પરંતુ સાઈન બોર્ડ ઉપર ત્રાગડને ડાબી તરફ અને ચાંદખેડાને જમણી તરફ દર્શાવી દેવામાં આવ્યું છે. જેના કારણે થઈને વાહનચાલકો અને તકલીફ પડી રહી છે. બહારગામથી આવતા અને ચાંદખેડા જવા માટે જે લોકો બોર્ડ જોઈને જતાં તેઓ ભૂલથી જમણી તરફ જતા રહે છે જેથી ત્રાગડ અને આસપાસના વિસ્તારોમાં ફરવું પડે છે.

# અમદાવાદમાં બહેનની મિત્રએ ન્યૂડ વીડિયો વાઈરલ કરી દીધો

### યુવકની જાણ બહાર મોબાઈલમાંથી યુવતીએ વીડિયો મેળવીને પરિવારજનો અને મિત્રને મોકલ્યો



અમદાવાદ | અમદાવાદમાં રહેતા યુવક યુવતીના ન્યૂડ વીડિયોને મોબાઈલ ફોનમાંથી લઈને વાયરલ કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. યુવકની ધર્મની બહેનની મિત્રએ મોબાઈલ ફોનમાંથી વીડિયો લીધા હતા અને બાદમાં યુવકના પરિવારજનો અને મિત્રને મોકલી દીધા હતા. વીડિયો વાયરલ થયા હોવા બાબતેની જાણ થતા આ મામલે યુવકે વીડિયો વાયરલ કરનાર યુવતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ન્યૂડ વીડિયો કોલ, સ્ક્રીન રેકોર્ડ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં 22 વર્ષે યુવક તેના પરિવાર સાથે રહે છે અને કોલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. યુવકના ઘરના સામે એક યુવતી રહે છે જેને તેણે ધર્મની બહેન બનાવી છે. ઘરની નજીકમાં રહેતી એક યુવતી સાથે યુવકને છેલ્લા એક મહિનાથી પ્રેમ સંબંધ છે. 15 દિવસ પહેલા યુવક અને યુવતી વોટ્સએપના માધ્યમથી વીડિયો કોલમાં વાત કરતા હતા.વીડિયો કોલમાં વાતચીત દરમિયાન બંને ન્યૂડ થઈ ગયા હતા જેનો યુવકે સ્ક્રીન રેકોર્ડ કર્યો હતો. બંનેનો ન્યૂડ વીડિયો મોબાઈલમાં સેવ કરીને રાખેલો હતો. આ દરમિયાનમાં નવરાત્રી હોવાથી યુવકની ધર્મની બહેને ચણીયા ચોળીના ફોટો શૂટ કરવા માટે યુવકનો મોબાઈલ ફોન માંગ્યો હતો.

### વીડિયો વાયરલ થયો છે

સાંજે મોબાઈલ ફોન પરત માંગ્યો હતો અને પૂછ્યું હતું કે તે આમાંથી ફોટા લઈ લીધા છે ત્યારે તેણે કહ્યું હતું કે મારા ફોનમાં જગ્યા નથી જેથી મેં મારી બહેનપણીના મોબાઈલ ફોનમાં ફોટા લઈ લીધા છે. બે દિવસ બાદ યુવકના ભાઈએ ફોન કરીને કહ્યું હતું કે, તારો અને તારી પ્રેમિકાનો વીડિયો વાયરલ થયો છે.જેથી આ બાબતે યુવકે તેની ધર્મની બેનને પૂછ્યું હતું કે, મારા મોબાઈલ ફોનમાંથી તે કોઈ મારો પર્સનલ વીડિયો લીધો છે જેથી તેણે કહ્યું હતું કે મેં કોઈ વીડિયો લીધો નથી. પરંતુ જે દિવસે મોબાઈલ લઈને ગઈ હતી ત્યારે કુરિયર મંગાવ્યું તું જે કુરિયર લેવા ગઈ ત્યારે ફોન મારી મિત્ર પાસે હતો. યુવકની ધર્મની બહેનની મિત્રએ મોબાઈલ ફોનમાંથી જાણ બહાર પર્સનલ વીડિયો લઈને મોકલવામાં આવ્યો હતો.

### ભાડું ન આપી મકાન પર કબજો કરી લીધો: 4 ભાડુઆત સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

અમદાવાદ | મોટેરા વિસ્તારમાં સિનિયર સિટીઝનનો 60 લાખ રૂપિયાનો ફ્લેટ ભાડે રાખીને કબ્જો કરનાર 4 આરોપી સામે જિલ્લા કલેક્ટરના આદેશથી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.ફરિયાદ મુજબ ભાડુઆત મહિલા અને અન્ય ત્રણ લોકોએ 11 મહિનાના ભાડા કરારની મુદત પૂરી થયા બાદ પણ ફ્લેટ ખાલી કર્યો નહીં. જેમાં 5.85 લાખ રૂપિયાનું ચઢેલું ભાડું ના ચૂકવી અને 4.68 લાખ રૂપિયાનું ફર્નિચર તોડી નાખીને વૃદ્ધ દંપતીને ટાંટિયા તોડી નાખવાની તથા બદનક્ષીની ખોટી ફરિયાદ કરવાની ધમકીઓ આપી હતી,જે અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.રૂપાબેન મિશ્રાએ તેમના સિનિયર સિટીઝન માતા-પિતા વતી ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમનો અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલ રત્નમ-1માં ફ્લેટ આવેલો છે. જે ફ્લેટ નીલમબેન શાહને 11 મહિના માટે જુલાઈ 2023થી મે 2024 સુધી માસિક 19,500 રૂપિયાના ભાડેથી આપ્યો હતો.ભાડા કરાર મુજબ ફ્લેટમાં માત્ર નીલમબેનને રહેવાનું હતું, પરંતુ તેમણે મકાન માલિકની જાણ બહાર અન્ય ત્રણ વ્યક્તિ સંજય, ધનંજય અને મૃત્યુંજયાને પણ ત્યાં રહેવા બોલાવી લીધા હતા.

## યુવતીએ સ્યુસાઈડ નોટ લખી આપઘાત કર્યો

### 'તું મરવા પડી છે જાતે મરી જા' કહી યુવકે ત્રાસ ગુજારતાં મેઘાણીનગરની યુવતીએ સાબરમતી નદીમાં ઝંપલાવ્યું



અમદાવાદ | મેઘાણીનગરમાં રહેતી 23 વર્ષીય યુવતીને નજીકમા રહેતો યુવક છેલ્લા ચાર વર્ષથી સતત પીછો કરી માનસિક ત્રાસ આપતો હતો.યુવકથી કંટાળીને યુવતીએ 17 ઓક્ટોબરના રોજ સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો.

આપઘાત પૂર્વે યુવતીએ લખેલી સુસાઇડ નોટ તેમજ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જેમાં આ યુવક ત્રાસ આપી 'તું મરવા પડી છે જાતે જ મરી જા' કહેતો હોવાથી યુવતીએ આત્મહત્યા કરી હતી.આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે યુવક સામે દુષ્પ્રેરણા સહિતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચાંદલોડિયા ખાતે ખાનગી સર્વિસ સેન્ટરમાં એડવાઈઝર મેનેજર તરીકે નોકરી કરતા અને બીસીએના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા પિનાક બેંકરની 23 વર્ષીય બહેન દેવાંશી અને મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે રહેતો હર્ષ જીતેન્દ્રભાઈ ચૌહાણ ધોરણ 1થી 5માં સાયોના સ્કૂલમાં સાથે અભ્યાસ કરતા હોવાથી એકબીજાથી પરિચિત હતા.

વર્ષ 2022માં દેવાંશીનું મેમ્કો પાસે અકસ્માત થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તે સમયે દેવાંશીના વોટ્સએપ સ્ટેટસ પર હર્ષ સાથેનો ફોટો મુકાયેલો જોઈ ભાઈએ પૂછપરછ કરતાં હર્ષે તેનો ફોન લઈને જાતે ફોટો મૂક્યો હોવાનું અને હેરાન કરતો હોવાનું સામે આવ્યું હતું. બે વર્ષ પહેલાં હર્ષે મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે દેવાંશી સાથે તકરાર કરી લાફો મારતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો, જોકે હર્ષના માતા-પિતાએ હવે પછી હેરાન નહીં કરે તેવી ખાતરી આપતાં ફરિયાદ નોંધાવી ન હતી.

એક વર્ષ અગાઉ પણ હર્ષના ત્રાસથી કંટાળીને દેવાંશી ઘરેથી નીકળીને રિવરફ્રન્ટ પહોંચી ગઈ હતી. જ્યાં પરિવારે સમજાવીને ઘરે પરત લાવી હતી. દેવાંશીને અકસ્માતમાં ગાદી અને મણકાની તકલીફ હોવાથી તે ઘરમાં જ વધુ રહેતી હતી અને છેલ્લા 25 દિવસથી ગાંધીનગરના વાવોલ ખાતે ફઈના ઘરે રહેતી હતી.

16 ઓક્ટોબરે હર્ષે દેવાંશીના ઘરે જઈ તેના પિતાને કહ્યું હતું કે દેવાંશી મારી મંગેતર ક્રિષ્ણાને મેસેજ કરે છે તે બંધ કરાવજો, બીજા દિવસે 17 ઓક્ટોબરે બપોરે દેવાંશી ફઈના ઘરેથી નીકળી ગઈ હતી અને બાદમાં સાબરમતી નદીના ઘાટ નંબર 1 આગળથી તેની લાશ મળી આવી હતી.આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરતાં દેવાંશીના હાથે લખેલી સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં હર્ષ અવારનવાર હેરાન કરી 'તુ મરવા પડી છે જાતે મરી જા, કેમ જીવે છે, તારે જીવવાનો કોઈ અધિકાર નથી' તેવું કહી મરવા મજબૂર કરતો હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

# નિકોલની પરિણીતાના પિયરમાંથી 25 લાખ પડાવી લીધા

### લગ્નના 15 દિવસ પછી પતિએ કહ્યું-હું તને પ્રેમ નહીં આપી શકું, લંડનમાં યુવતી સાથેની વોટ્સએપ ચેટ મળતાં ભાંડો ફૂટ્યો

અમદાવાદ | અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતી પરિણીતાને લંડનમાં સ્થાયી થવાના બહાને પિયરમાંથી ટુકડે-ટુકડે રૂ. 25 લાખ મંગાવી લઈને પતિ અને સાસરિયાઓએ શારીરિક-માનસિક ત્રાસ ગુજારવાનુ શરૂ કર્યું હતું. પૈસા લીધા બાદ પતિ લંડન જતો રહ્યો હતો ત્યારબાદ તેણે વાતચીત કરવાનું ઓછું કરી દીધું હતું. પરણિતા પણ લંડન પહોંચ્યા બાદ પતિના અન્ય યુવતી સાથે અનૈતિક સંબંધ હોવાની જાણ થતાં આ બાબતે બંને વચ્ચે તકરાર થઈ હતી.

લંડનથી અમદાવાદ આવ્યા બાદ સાસરિયાંઓને અન્ય યુવતી સાથેના સંબંધોની વાત કરતા તેમણે જો આવું હોય તો તમારે ઘર છોડી દેવું જોઈએ એમ કહી દીધું હતું. જેથી પરિણીતાએ આ મામલે પતિ સહિત સાસરિયા સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



### 'હું તને પતિ તરીકે પ્રેમ નહીં આપી શકું'

મેઘાણીનગરની યુવતીના લગ્ન જાન્યુઆરી 2023માં સામાજિક રીતરિવાજ મુજબ નિકોલ ખાતે રહેતા યુવક સાથે થયા હતા. લગ્નના પંદરેક દિવસ બાદથી જ પતિએ 'હું તને પતિ તરીકે પ્રેમ નહીં આપી શકું' કહી અણછાજતું વર્તન શરૂ કર્યું હતું. સાસુએ ઘરમાં જોખમ હોવાનું કહી પરિણીતાનો સોનાનો સેટ લોકરમાં મૂકવાના બહાને લઈ લીધો હતો. પરિણીતા પ્રાઈવેટ ટ્યુશન ક્લાસિસ ચલાવતી હતી, તેમાંથી થતી તમામ આવક પણ પતિ પડાવી લેતો હતો. આ ઉપરાંત ઘર અને ગાડીના હપ્તા ભરવાના નામે પિયરમાંથી રૂ. 50 હજાર પણ મંગાવ્યા હતા.

### મહિલાના પિયરમાંથી પાસેથી 25 લાખ મેળવી લીધા

તેઓને લંડન જવાનું હતું જેથી વિઝાનો ખર્ચો પોત પોતાનો ઉપાડવાનો હતો પરંતુ પતિએ લંડન જવાની પ્રોસેસ માટે નાણાં ખૂટે છે તેમ કહી પરિણીતાને વિશ્વાસમાં લીધી હતી. પરિણીતાના ભાઈએ પોતાના શેર વેચીને રૂ. 6 લાખ આપ્યા હતા. ત્યારબાદ સંબંધીઓ પાસેથી 2 લાખ અને વિઝા પ્રોસેસ દરમિયાન ટુકડે-ટુકડે કરી કુલ રૂ. 25 લાખ પિયર પક્ષ પાસેથી પડાવી લીધા હતા. પતિ ઓગસ્ટ 2023માં લંડન ગયો હતો. ત્યાં સરકારી ડોક્ટર તરીકે એચ.સી.પી.સી. રજિસ્ટ્રેશન કરાવવા માટે 1800 પાઉન્ડની જરૂર પડતાં પરિણીતાના ભાઈઓએ મિત્રો મારફતે લંડનમાં નાણાં પહોંચાડ્યા હતા.

### યુવતી સાથેની વોટ્સએપ ચેટ મળી

થોડો સમય થયા બાદ પરિણીતા પણ ડિપેન્ડન્ટ વિઝા પર લંડન પહોંચી ત્યારે પતિના મોબાઈલમાં અન્ય યુવતી સાથેની વોટ્સએપ ચેટ મળી આવી હતી. આ અંગે પૂછતાં પતિએ મારઝૂડ કરી હતી. અમદાવાદ પરત આવ્યા બાદ સાસરિયા સમક્ષ આ બાબત મૂકતાં સાસુ-સસરાએ પણ દીકરાનો પક્ષ લીધો હતો.

### ત્રાસ ગુજારતાં પરિણીતાએ ફરિયાદ નોંધાવી

જેઠે તો ત્યાં સુધી કહી દીધું કે 'પતિને બીજી સ્ત્રી સાથે જુઓ તો પણ ઘર કરવું હોય તો ચૂપચાપ નીકળી જવું જોઈએ.' આખરે પતિએ છૂટાછેડાની માગ કરી નંબર બ્લોક કરી દીધો હતો અને સાસરિયાઓએ જમવાનું ન આપી ત્રાસ ગુજારતાં પરિણીતા પિયર આવી જવા મજબૂર બની હતી. જે બાદ આ મામલે મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરિયા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સોસાયટીના ખજાનચી અને અન્ય શખ્સો સાથે મારામારી

### ન્યૂ રાણીપની સોસાયટીમાં જમવાના પાસ ન આપતા શખસે માર માર્યો, સાબરમતી પોલીસે તપાસ હાથ ધરી

અમદાવાદ | અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં સોસાયટીમાં મેન્ટેનન્સની રકમ બાકી હોવાના મુદ્દે જમવાના કૂપન ન આપતા ભારે હોબાળો થયો હતો. આ વિવાદ એટલો ઉગ્ર બન્યો હતો કે વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા હતા. જેમાં સ્થાનિક રહીશો વચ્ચે થતી મારામારી સ્પષ્ટપણે જોઈ શકાય છે. શહેરના ઉત્તર પશ્ચિમ ક્ષેત્રમાં આવેલા ન્યૂ રાણીપ વિસ્તારની એક જાણીતી સોસાયટીમાં મેન્ટેનન્સની રકમ બાકી હોવાના સાધારણ મુદ્દે જમવાના કૂપન ન આપતા અચાનક ભારે હોબાળો મચી ગયો હતો.




### સોસાયટીમાં સભ્યો વચ્ચે છુટ્ટાહાથની મારામારી

ન્યૂ રાણીપ વિસ્તારમાં આવેલી શુકન સ્માઈલ સિટીમાં સોસાયટીના સભ્યો વચ્ચે મારામારીની ઘટના બની છે. સોસાયટીમાં રહેતા આલાપ શુક્લ નામના વ્યક્તિને સોસાયટીનુ મેન્ટનેન્સ બાકી હોવાથી સોસાયટીના સભ્યોએ જમવાની કૂપન આપી નહોતી. જેથી આલાપ શુક્લે ખજાનચી કનુ ચૌધરી અને અન્ય સોસાયટીના સભ્યો સાથે ખુલ્લા હાથની મારામારી કરી હતી.આ મારામારીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.આ વાતથી કોપાયમાન થઈને રહીશે સોસાયટીના હોદ્દેદારો સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી દીધી હતી.

### સાબરમતી પોલીસે તપાસ શરૂ કરી

આલાપ શુક્લે ઓફિસમાં અને સોસાયટીમાં વચ્ચે મારામારી કરી હતી. આ મારામારી મામલે કનુ ચૌધરીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં આલાપ શુક્લ વિરુદ્ધ જાણવાજોગ ફરિયાદ નોંધાવી છે. ત્યારે સાબરમતી પોલીસ સ્ટેશનના PI વાય.આર વાઘેલાએ જણાવ્યું હતું કે બનાવ અંગે તપાસ કરવામાં આવી રહી છે. નાની વાતમાંથી શરૂ થયેલો આ વિવાદ ક્ષણભરમાં જ એટલો ઉગ્ર બન્યો કે બે જૂથ વચ્ચે ખુલ્લેઆમ છુટ્ટાહાથની મારામારી સુધી વાત પહોંચી ગઈ હતી. આ સમગ્ર હિંસક બનાવના દ્રશ્યો સોસાયટીમાં લગાવેલા સુરક્ષા કેમેરામાં કેદ થઈ જતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિક સાબરમતી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

### શિક્ષણમાં ટેક્નોલોજી સાથે નૈતિકતાનું જોડાણ

### અમદાવાદની આર્મી પબ્લિક સ્કૂલમાં AI અને કમ્પ્યુટેશનલ થિંકિંગ પર CBSEની પરિષદ યોજાઈ

અમદાવાદ | આર્મી પબ્લિક સ્કૂલ, અમદાવાદ ખાતે કમ્પ્યુટેશનલ થિંકિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિષય પર CBSE દ્વારા પ્રાદેશિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. 24 October 2026ના રોજ યોજાયેલી આ પરિષદમાં આચાર્યો અને શિક્ષકો સહિત લગભગ 300 જેટલા સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિક્ષણના બદલાતા સ્વરૂપ અને ભવિષ્યની નવી તકો અંગે વિચારોના આદાનપ્રદાન માટે આ પરિષદ એક મહત્વપૂર્ણ મંચ બની રહી હતી.આ પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે આર્મી પબ્લિક સ્કૂલ, અમદાવાદના પેટ્રન મેજર જનરલ એ.કે. મોહલા (GOC, 11 RAPID (H)) તેમજ ચેરમેન બ્રિગેડિયર મોહિત સક્સેના (Vr C) ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત CBSE અમદાવાદના પ્રાદેશિક અધિકારી અનિલ કુમાર ઠાકુર, સંયુક્ત સચિવ (IT) વિનોદ દયાલાની, સેન્ટર ઑફ એક્સેલન્સના વડા ડો.. મૃદુલા સિંહ અને IIT ગાંધીનગરના ટીચિંગ પ્રોફેસર તથા સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગના મુખ્ય સંયોજક પ્રોફેસર. મનીષ જૈન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. યજમાન આચાર્યા સંગીતા પટેલે તમામ અતિથિઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...